નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

સાપ્તાહિક

gujaratvandan.com | ગુરૂવાર 24 ફેબ્રુઆરી, 2022 | મહા વદ-08, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 5 | અંક : 42 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



તમન્ના ભાટિયા બાઉન્સરના રોલમાં જોવા મળશે

પાના નં. ૧૧

સુવિચાર

જીવન ગમે તેટલું અઘરું લાગે, કંઈક તો એવું હોય જ છે જે તમે કરી શકો છો અને સફળ થઈ શકો છો.

લાખોના પગારદાર-સુખ સુવિધા-નોકરચાકર મોટરગાડી છતાં ભ્રષ્ટાચાર કોના માટે કરતાં હશે-એક સવાલ

# IAS-IPS: લાગા ચુનરી પે ડાઘ, મિટાઉ કૈસે..!

## દવિન્દરસિંગ અને નેગી જેવા આઈપીએસના કાળા કરતૂતો દેશ માટે ખતરનાક, આઈપીએસ મનોજ અગ્રવાલ ફરતે ગાળિયો મજબૂત બની રહ્યો છે..?

ગુજરાત વંદન

11 ફેબ્રુઆરી, 2021ના રોજ સંસદમાં અપાયેલી માહિતી અનુસાર, છેલ્લાં 3 વર્ષમાં કુલ 7 આઇએએસ અધિકારીઓની ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડો થઇ છે.

ભારતમાં સ્પર્ધાત્મક પરીક્ષા લેનાર યુપીએસસી દ્વારા લેવાતી આઇએએસ-આઇપીએસની પરીક્ષા કઠીનમાં કઠીન મનાય છે.બુધ્ધિજીવી અને હોંશિયાર-તેજસ્વી-ઓજસ્વી ઉમેંદવારો તેમાંથી પસાર થઇને આખી જિંદગી જે વહીવટ સંભાળવાનો છે તેની તાલીમ આપતી મસૂરીની સંસ્થા લાલબહાદૂર શાસ્ત્રી એકેડમીમાં સચ્ચાઇ-પ્રામાણિકતા, નિતિમતા-ખોટુ નહીં કરવાનું,..વગેરે.ના પાઠ ભણીને સ્ટેટ કેડર પસંદગી કરી એ રાજ્યમાં જાય છે. અને જ્યારે ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ થાય ત્યારે ઘણાંને એમ થાય કે જેમના પગાર ભારતના વહીવટીમાં સૌથી વધારે છે અને પગાર ઉપરાંત સંખ્યાબંધ સુખ-સગવડો, રહેવા માટે આલિશન બંગલો, નોકર-ચાકર, સસ્તા દરે જમીન સહિત લાભો મળતા હોવા છતાં લોભે લક્ષણ જાય કહેવત અનુસાર કરોડો કમાવી લેવાની લાલચમાં કરિયરને ખતમ કરી નાંખતા હોય છે. આવુ શીદને થાય છે, ફૂલડા ડૂબી જાય છે અને પત્થરો તરી જાય છે.. !












રાજકોટના પોલીસ કમિશ્નર અને આઇપીએસ મનોજ અગ્રવાલ સામે 75 લાખની તોડનો આરોપ છે. આરોપ મૂકનાર ફરિયાદી જગજીવન સખિયા અને કિશન સખિયાએ 19 ફેબ્રુઆરીના રોજ એવો દાવો કર્યો કે તેમણે અગ્રવાલ સામે ફરિયાદ કરી અને ભાજપના ધારાસભ્ય ગોવિંદ પટેલે લખેલા લેટરબોંબ બાદ 2 ફેબ્રુઆરીના રોજ રાજકોટમાં દિવાનપરા પોલીસ ચોકીએ તેમને બોલાવીને તેમને સાડા ચાર લાખ રૂપિયા પરત આપવામાં આવ્યા.. આ પૈસા પરત કોણે આપ્યા.. સીપીએ આપ્યા..,પી.આઇ ગઢવી (તેમની સામે પણ આરોપ છે)એ આપ્યા.. કણે આપ્યા તેનો ખુલાસો સખિયાબંધુઓએ માંગ્યો છે. સરકાર દ્વારા અગ્રવાલની સામે તપાસ ચાલી રહી છે.

દેશની આતંકીઓ સામેની પ્રાઇમ તપાસ એજન્સી નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઇએ) દ્વારા તેમના જ એક પૂર્વ ઉચ્ચ આઇપીએસ અધિકારી અરવિંદ દિગ્વિજય નેગીની 19મી ફેબ્રુઆરીના રોજ શિમલામાં ધરપકડ કરવામાં આવી છે. નેગી સામે આરોપ છે કે તેમણે ખતરનાક આંતકી સંગઠન લશ્કર-એ-તોયબા સામેની ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ નેટવર્ક કેસની તપાસમાં મહત્વની માહિતી અને ગોપનીય દસ્તાવેજ પાકિસ્તાન સ્થિત અને ભારતમાં ભાંગફોડ કરાવતી એજન્સી આઇએસઆઇને પહોંચાડી હતી... 6 નવે. 2021ના રોજ લશ્કર-એ

(અનુસંધાન 6 મે પાને)

### અરે આ તો એ જ 'પીલી સાડી વાલી' મહિલા છે...





ચૂંટણીની નિરસ કામગીરીમાં કોને રસ હોય? પરંતુ આવી નિરસ કામગીરી કરનાર કર્મચારીઓમાં કોઈ ખૂબસુરત, દેખાવડી મનમોહક ચિતાકર્ષક અને જોતા જ મોહી પડે એવી કોઈ મહિલા કર્મચારી ગોગલ્સ પહેરીને પોતાના હાથમાં ઈવીએમની પેટી લઈને જતી હોય તો..! આવી એક તસ્વીર 2019 લોકસભા ચૂંટણીમાં યુપીમાં જોવા મળી હતી જેમાં આકર્ષક પીળા રંગની સાડી પહરેલી પોલિંગ ઓફિસર રીના દ્રિવેદીના ચહેરા પરથી કેમેરાની આંખ હટતી નહોતી એજ મહિલા અધિકારી આ વખતે કેમેરામેનની નજરોમાં આવી પરંતુ આ વખતે તેણે પીળા રંગને બદલે વેસ્ટર્ન ડ્રેસ પહેર્યો હતો. જેમાં બ્લેક ટ્રાઉઝર ટી-શર્ટ અને પિંક કલરના બ્લેઝર તથા એજ કાળા રંગના ચશ્મા પહેરીને સ્લિવલેસ ટોપ સાથે નજરે પડી હતી. મીડિયા અને સોશિયલ મીડિયા એમ બંનેમાં પીલી રંગ કે સાડી વાલી મહિલાએ આ વખતે પણ ધૂમ મચાવી છે. બોલિવૂડની કોઈ અભિનેત્રીને ટક્કર મારે તેવી આ દેખાવડી મહિલા અધિકારી ફરી એકવાર ચર્ચામાં છે.

વીજ કંપનીના કર્મચારીઓ ખાનગીકરણની નીતિ સામે હડતાળ પર ઉતર્યા

# ચૂંટણીઓ પૂરી થતા જ ચંદીગઢમાં ૩૬ કલાકનો અંધારપટ છવાયો

### પીવાના પાણીના પણ ફાંફાં, જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું

ગુજરાત વંદન

20મી ફેબ્રુઆરીએ પંજાબની ચૂંટણી પૂરી થતા જ સરકારી વીજ કંપનીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ ખાનગીકરણની નીતિ સામે બાયો ચડાવી છે જેના પગલે પંજાબ હરિયાણાની રાજધાની ચંદીગઢમાં 36 કલાકનો બ્લેક આઉટ સર્જાયો પરિણામે હોસ્પિટલોમાં વીજ પુરવઠાના અભાવે ઓપરેશનો પણ મુલતવી રાખવાની ફરજ પડી હતી. લાખો ઘરોમાં વીજ પુરવઠો



ખોરવાયો છે.

પંજાબના ચંદીગઢમાં વિજ વિભાગના કર્મચારીઓ હડતાલ પર ઉતરી ગયા છે. જેના કારણે અહીયા છેલ્લા 36 કલાકથી ચંદીગઢમાં વિજળી અને પાણી નથી મળી રહ્યું. સોમવાર સાંજથી મોટા ભાગના ઘરોમાં વિજળી પાણી નથી મળી રહ્યા સાથેજ રસ્તાઓ ઉપર પણ ટ્રાફીક લાઈટો કામ નથી કરી રહ્યા છે.

પરિસ્થિતી અહીયા એટલી ગંભીર થી ગઈ છે કે સરકારી હોસ્પિટલોમાં પણ હાલ સર્જરીને મોકૂફ કરી દેવામાં આવી છે. હોસ્પિટલો પાસે જનરેટર તો છે પરંતુ તેઓ 100 ટકા ભાર જનરેટર પર ન નાખી શકે તેવું તેમનું કહેવું છે. જેથી હોસ્પિટલો દ્વારા સર્જરીને મોકૂફ રાખવામાં આવી છે. આ સીવાય અહિયા

(અનુસંધાન 6 મે પાને)

# હવે ઈઝરાયેલે સીરિયા પર કર્યો મિસાઈલ હુમલો

ગુજરાત વંદન

યુક્રેન અને રશિયામાં યુદ્ધના ભણકારા વચ્ચે ઈઝરાયલે સીરિયા પર મિસાઈલ અટેક કરી દીધો છે. સીરિયાના સરકારી મીડિયા તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર બધવારે સવારે ઈઝરાયલે સીરિયાના દક્ષિણી ભાગમાં આવેલા ઠેકાણા પર હુમલો કરી દીધી હતો. એક સૈન્ય અધિકારીના હવાલેથી મીડિયા રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ઈઝરાયસલના કબ્જાવાળા ગોલાન હાઈટ્સથી આ હુમલો કરવામાં આવ્યો હતો.

આવો જ એક હુમલો સીરિયામાં ગત અઠવાડીયે પણ થયો હતો. ત્યારે ઈઝરાયલે સીરિયાના કેપિટલ દમિશ્કના દક્ષિણી વિસ્તારમાં હુમલો કર્યો હતો. આ હુમલામાં કોઈનું પણ મોત થયું નહોતું. આ હુમલાના આરોપ સર અત્યાર સુધી ઈઝરાઈલનું કોઈ રિએક્શન આવ્યુંમ નહોતું. ઈઝરાયલે છેલ્લા થોડાક વર્ષોમાં સીરિયામાં મોટા પાયે હુમલાઓ કર્યા છે. ગૃહયુદ્ધ સામે ઝઝૂમી રહેલા સીરિયાને ઈઝરાયલી હુમલાથી મોટું નુકસાન થયું છે. જો કે, ઈઝરાયલ આ વાતનો ઈન્કાર કરતું આવ્યું છે કે, તેણે સીરિયા સરકારના કોઈ ઠેકાણા પર કોઈ પણ

(અનુસંધાન 6 મે પાને)

આર્યનખાન ડ્રગ્સ કેસમાં મલિકે વાનખેડે સામે કર્યા હતા ગંભીર આરોપો

# NCBના વાનખેડે સામે આરોપ મૂકનાર નવાબ મલિકની ઈડી દ્વારા ધરપકડ

### પોતાના નેતાને ઉપાડી જતા એનસીપીના વડા શરદ પવાર ખફા

ગુજરાત વંદન

આર્યનખાન ડ્રગ્સ કેસમાં વિવાદમાં આવેલા એનસીબીના અધિકારી સમીર વાનખેડે સામે પડેલા એનસીપીના નેતા અને મહારાષ્ટ્ર સરકારના મંત્રી નવાબ મલિક ચર્ચામાં આવ્યા છે. મલિકે વાનખેડેની સામે ગંભીર આરોપો મૂક્યા હતા વાનખેડેની બદલી કરી દેવામાં આવી હતી. તાજેતરમાં દાઉદ ઈબ્રાહિમની ડી-ગેગ મુંબઈમાં ફરીથી સક્રિય બની હોવાના એહવાલો પ્રસિધ્ધ થયા હતા આ મામલે કેન્દ્રીય તપાસ એજન્સી ઈડી દ્વારા નવાબ મલિકની ધરપકડ કરવામાં આવી છે. જેના પગલે એનસીપીના સુપ્રીમો શરદ પવાર તેને રાજકીય બદલાની કાર્યવાહી તરીકે ગણાવી રહ્યા છે એમ મનાઈ



છે કે ઈડી પાસે મલિક વિરુદ્ધ ચોક્કસ માહિતી અને પુરાવા છે જેના આધારે મલિકની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, દાઉદ મામલે ઈડી જે ઈન્વેસ્ટિગેશન કરી રહ્યું છે, તેને લઈને નવાબ મલિક સાથે પૂછપરછ થઈ રહી છે. ઈડીએ પૂછપરછ માટે વહેલી સવારે તેમને ઘેરથી ઉઠાવ્યાં હતા અને આઠ કલાક સુધી પૂછપરછ કરી હતી. આઠ કલાકની પૂછપરછને અંતે તેમની ધરપકડ કરી હતી.

સૂત્રોએ જણાવ્યું છે કે, દાઉદ ઈબ્રાહિમના ભાઈ ઈકબાલ કાસકરના નિવેદનમાં ઈડીને કંઈક એવું મળ્યું, જે નવાબ મલિક તરફ ઈશારો કરે છે. જે બાદ મલિક સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ નિવેદન કોઈ જમીનના સોદા સંબંધિત બતાવાય છે. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ દેશમાં હિંસા ફેલાવાની તૈયારી કરી રહ્યું છે અને તેના માટે તેણે એક સ્પેશિયલ યુનિટ પણ બનાવી રાખી છે, જેના માધ્યમથી તે દેશના કોઈ મોટા નેતા અથવા વેપારી પર જીવલેણ હુમલો કરવાની તૈયારી પણ કરી રહ્યા છે. આ જાણકારીના આધારે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ દાઉદ અને તેના નજીકના લોકો વિરુદ્ધ મામલો નોંધાવ્યો છે.

(અનુસંધાન 6 મે પાને)

# સુપ્રીમે ઓફલાઈન CBSE અને અન્ય પરીક્ષાઓને પડકારતી અરજી ફગાવી

ગુજરાત વંદન

સુપ્રીમ કોર્ટે બુધવાર 23 ફેબ્રુઆરીને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ અને અન્ય કેન્દ્રીય અને રાજ્ય બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ 10 અને 12 ની ઑફલાઇન પરીક્ષાઓને રદ કરવાની માંગ કરતી અરજીને ફગાવી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે આવી અરજીઓ ગેરમાર્ગે દોરનારી છે અને વિદ્યાર્થીઓને ખોટી આશા આપે છે.

CBSE અને ICSEની બોર્ડની પરીક્ષાને લઈ સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય આપતા કહ્યું કે પરીક્ષા ઓફલાઈન જ લેવામાં આવશે. સાથે જ સુપ્રીમકોર્ટે એવું પણ કહ્યું કે

(અનુસંધાન 6 મે પાને)

# જ્યારે સુરતવાસીઓને તક્ષશિલા આગકાંડ ઘટનાની યાદ આવી ગઈ

### ૨૦ બાળકો સહિત ફસાયેલા તમામનું હાઈડ્રોલિક સીડીની મદદથી કરાયું રેસ્ક્યૂ

ગુજરાત વંદન




સુરતના ડભોલી વિસ્તારમાં આવેલી એમ સ્ક્વેર બિલ્ડીંગમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. બીજા માળે લાગેલી આગને કારણે ત્રીજા માળે 20 બાળકો ફસાઈ ગયા હતાં. જેથી તેમને તાત્કાલિક બહાર કાઢવા માટે ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ત્રીજા માળે ફસાયેલા લોકોને ફાયર બ્રિગેડની ગાડીઓએ બહાર કાઢ્યાં હતાં. જોકે આગના ધુમાડાથી લોકોમાં ભારે ભયનો માહોલ છવાયો હતો. આગની દુર્ઘટનાને પગલે પોલીસ કાફલા સહિત મેયર અને ડેપ્યુટી મેયર સહિતના લોકો પહોંચી ગયાં હતાં. જેમણે રેસ્ક્યૂ કામગીરી કર્યા બાદ બાળકોની હિંમત વધારી હતી.

બિલ્ડિંગમાં આગ લાગતા આકાશમાં દૂર દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા ઉડતા નજરે પડ્યા હતા. આગની ઘટના બાદ આસપાસના લોકોનું ભારે ટોળુ એકત્ર થઈ ગયુ હતુ. આગ લાગ્યા બાદ આ વિસ્તારમાં ભારે ટ્રાફિક પણ જામ થયો હતો. આગ લાગતા આસપાસના વિસ્તારમાં પણ હાહાકાર મચી ગયો હતો. જો આગ વિકરાળ બની હોત તો મોટા નુકસાનની ભીતિ હતી. જોકે હાલ કોઇ જાનહાનિના સમાચાર નથી.

રેસ્ક્યૂ કરાયેલી વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે, અમે પરિક્ષાની તૈયારી માટે વાંચન કરી રહ્યા હતાં. એ દરમિયાન ધુમાડો આવ્યો હતો. જેથી અમે રાડા રાડ કરી હતી. સાથે જ ફોન કરી દીધા હતાં. તાત્કાલિક ફાયરબ્રિગેડ આવી જતાં અમને રેસ્ક્યૂ કરવામાં આવ્યાં હતાં.

હાલ ફાયર વિભાગના કર્મચારીઓ અને પોલીસ તંત્ર દ્વારા રાહત બચાવ કામગીરી અને આગ લાગવાનું કારણ શોધવાના પ્રયાસ કરવામાં આવશે. તો સાથે બિલ્ડિંગમાં ફાયર સેફ્ટીના સાધનોને લઇને પણ તપાસ કરવામાં આવશે.

# રશિયા પર વધુ પ્રતિબંધો લાગુ કરાશે : બાઈડન

ગુજરાત વંદન

રશિયા-યુક્રેન સંકટ વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ઈમર્જન્સી બેઠકમાં પશ્ચિમના દેશોએ રશિયાના રાષ્ટ્રપતિ પુટિનના પગલા અંગે નારાજગી વ્યક્ત કરી છે. ડોનેત્સ્ક તથા લુહાંસ્કમાં સેના મોકલવાના નિર્ણય બાદ હવે રશિયાએ યુક્રેનથી રાજદ્વારીઓને જલદીથી નિકળી જવા માટે કહ્યું છે. જ્યારે યૂએસ રાષ્ટ્રપતિ જો બાઇડેન એ રાષ્ટ્રને સંબોધન કર્યુ હતુ. તેમાં તેમણે જણાવ્યુ હતુ કે, રશિયા પર અગાઉના પગલાં કરતાં વધુ પ્રતિબંધો લાગુ કરવામાં આવશે. પ્રતિબંધો રશિયાને પશ્ચિમી ધિરાણમાંથી બાકાત રાખશે. તેમજ રશિયાના ચુનંદા વર્ગ પર પણ પ્રતિબંધો લાદવામાં

# યુપી વિધાનસભા ચૂંટણીમાં ચોથા તબક્કામાં ૫૮ ટકા મતદાન થયું

ગુજરાત વંદન

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી 2022ના ચોથા તબકક્કા માટે બુધવારે 9 જિલ્લાની 59 બેઠકો માટે મતદાન પૂર્ણ થયું છે. આ દરમિયાન ચૂંટણી પંચે પાંચ વાગ્યા સુધી થયેલા મતદાનના આંકડા જાહેર કર્યા છે. જે મુજબ 59 સીટો પર અત્યાર સુધી 58 ટકા મતદાન થયુ છે.



ઉત્તર પ્રદેશમાં ચોથા તબક્કાનું ગઇકાલે મતદાન યોજાયું હતું. વોટિંગ સવારે 7 વાગ્યાથી લઇ સાંજે 6 વાગ્યા સુધી ચાલ્યું હતું. યુપીના 9 જિલ્લાની 59 બેઠકો માટે 624 ઉમેદવારો મેદાને હતા. રાજ્યના કાયદા મંત્રી બ્રજેશ પાઠક, ઇડીના પૂર્વ ડાયરેક્ટરરાજેશ્વર સિંહ અને ઉન્નાવ રેપ પીડિતાની માતા આશા સિંહ સહિત અનેક નેતાઓનું ભાવિ ઇવીએમમાં કેદ થયું.

યુપીમાં જે 9 જિલ્લામાં ગઇકાલે ચૂંટણી યોજાઇ તેમાં પીલીભીત, સખીમપુર, ખીરી, સીતાપુર, હરદોઇ, ઉન્નાવ, લખનઉ, રાયબરેલી, બાંદા અને ફતેહપુરનો સમાવેશ થાય છે.

યોગી સરકારના કાયદા મંત્રી બ્રેજશ પાઠક લખનઉ છાવની બેઠક પરથી લડી રહ્યા છે. તેમની સામે સપાના ઉમેદવાર સુરેન્દ્ર સિંહ ગાંધી

(અનુસંધાન 6 મે પાને)

ગુજરાત વંદન

એજન્સી આવકાર્ય




ગુજરાત વંદન અખબાર માટે ગુજરાતમાં દરેક ગામ અને શહેરમાં એજન્સી લેવા માટે નીચે મુજબના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

બિઝનેસ ઓફિસ:

820, 8મો માળ લોબી-2, સાકાર-9 જૂની આરબીઆઈની બાજુમાં, આશ્રમ રોડ, અમદાવાદ-380009.

6357263573

info@gujaratvandan.com



દહેગામ તાલુકાના જાલિયા મઠ ગામે આંગણવાડી તેમજ પેટાપરા વિસ્તાર દેસાઈ પૂરામાં આંગણવાડી તેમજ પેવર બ્લોકનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દહેગામના ભાજપના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ તેમજ કેતન પટેલ, જાલીયા મઠના સરપંચ પુંજાભાઈ પરમાર, ડેપ્યુટી સરપંચ અને સીડીપીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યમાં દિકરીઓની સુરક્ષા પર ઉઠી રહ્યા છે સવાલ

# ગાંધીનગર, ધોરાજીમાં પણ 'ગ્રીષ્મા'ના ગળા કપાયા

## લીંબોદરા ગામે નદી કિનારે પ્રેમિકાને બોલાવી કટરથી ગળું કાપ્યું, સનકી આશિકની ધરપકડ

ગુજરાત વંદન

રાજ્યમાં પ્રેમ સંબંધમાં હુમલાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી પ્રેમ સંબંધમાં હત્યા અને હત્યાના પ્રયાસની ઘટનાઓ વધી છે. ગુજરાતમાં દીકરીઓની સુરક્ષા પર ફરી સવાલ ઉઠ્યા છે. પ્રેમમાં પાગલ આશિકો પ્રેમિકાઓનો જીવ લેતા પણ અચકાતા નથી. શુક્રવારે ગાંધીનગરના માણસા યુવકે સગીરા પર હત્યાનો પ્રયાસ કર્યો. યુવકે ગળા પર કટરથી ઘા ઝીંકીને સગીરા પર હુમલો કર્યો હતો. આ અગાઉ ધોરાજીમાં પ્રેમીએ પ્રેમિકાને છરી વડે હુમલો કર્યો હતો. આ દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત પ્રેમિકાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઈ. હતી. જેમાં આરોપી સુલતાન અને તેમની સાથી મિત્ર રાહુલની પોલીસે ધરપકડ કરી છે. આ ઉપરાંત સુરતમાં થોડા દિવસ પહેલા જાહેરમાં ફેનિલ નામના યુવકે ગ્રીષ્મા નામની યુવતીની હત્યા કરી હતી. ફેનિલ ગોયાણીએ જાહેરમાં હત્યા કરી હોવાનો વીડિયો પણ વાયરલ થયો હતો. પોલીસે ફેનિલની ધરપકડ કરી છે.

ઉપરની ત્રણેય ઘટનાઓ બતાવે છે કે, પ્રેમ સંબંધમાં પ્રેમીઓ ઘાતક થઈ રહ્યા છે. રાજ્યના 3 જિલ્લામાં ઉપરાઉપરી પ્રેમિકાઓ પર હુમલાની ઘટના બની છે. જે સમાજ માટે ગંભીર ચેતવણી



સમાન છે. પ્રેમમાં પડીને નાસીપાસ થયેલા લોકો કાં તો સામી વ્યક્તિને મોતને ઘાટ ઉતારે છે અથવા ન કરવાનુ કરી બેસે છે. જે ગુનાખોરીનો જ એક રસ્તો છે. ગુજરાતમાં સતત વધી રહેલી આ ઘટનાઓ વાલીઓ માટે લાલબત્તી સમાન છે. સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે. પ્રેમમાં એવુ તો શુ થઈ જાય છે કે લોકોનો જીવ લેવા પર આવી જાય છે. 'તુ મારી નહિ તો કોઈની નહિ...' આવું જુનુન પાગલ પ્રેમીઓમાં વધી રહ્યું છે.

ગાંધીનગરમાં સગીરા પર જીવલેણ હુમલો થયો. માણસાના અમરાપુર નદીના પટ પર સગીરા પર હુમલો થયો. યુવકે છરીથી સગીરાના ગળાના ભાગ પર હુમલો કર્યો. સગીરાને ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ ખસેડાઇ હતી. તો બીજી તરફ પોલીસે સનકી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. સગીરાને તેના કાકા બોલાવે તેમ કહી નદીના કોતરમાં લઈ ગયો હતો. બન્ને વચ્ચે માથાકૂટ થતાં સગીરા પર કટરના ઘા ગળા પર ઝીંકયા હતા. પ્રેમ પ્રકરણમાં યુવકે હુમલો કર્યો હોવાની શક્યતા છે. સગીરાના ગળાના ભાગે 30થી વધુ ટાંકા આવ્યા છે. માણસા પોલીસે હત્યાના પ્રયાસ અને પોક્સો કલમ હેઠળ નોંધી ફરિયાદ છે. માણસા પોલીસે આરોપી સંજય ઠાકોરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરના લીંબોદરા ગામે ધોરણ - 12માં અભ્યાસ કરતી સગીરા શુક્રવારે સ્કૂલમાં પરીક્ષા આપવા ગઈ હતી. ત્યારે બપોરના સમયે ગામમાં રહેતો શખસ સંજય સેધાજી ઠાકોર તેને રસ્તામાં મળ્યો હતો. બાદમાં સંજયે સગીરાને કહ્યું હતું કે તારા કાકા તને બોલાવે છે એટલે સગીરા તેના બાઈક પર બેસી ગઈ હતી. ત્યારે સંજય તેને અમરાપુર નદીના કોતરમાં લઈ ગયો હતો. અહીં થોડીક વાતચીત કર્યા પછી સંજય સગીરા સાથે બળજબરી કરવા લાગ્યો હતો.

આ બાબતે બન્ને વચ્ચે કોઈ માથાકૂટ થતાં સંજય એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ધારદાર કટર વડે સગીરાના ગળાના ભાગે ઘા ઝીંકી ગળું કાપવા લાગ્યો હતો, જેનો પ્રતિકાર કરતાં સંજય ત્યાંથી નાસી ગયો હતો. બીજી તરફ ગળામાંથી પુષ્કળ લોહી વહી રહ્યું હોવા છતાં સગીરાએ જેમતેમ કરીને તેના કાકાને ફોન કરીને બોલાવી લીધા હતા, જેને પગલે તેના કાકા પણ કોતરમાં દોડી ગયા હતા અને 108 એમ્બ્યુલન્સ તેમજ પોલીસને બોલાવી લીધી હતી. સગીરાને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઇ જવામાં આવી હતી. આ ગંભીર ઘટનાની જાણ થતાં ગ્રામજનો સહિત પોલીસના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા.

### રાજ્યભરમાં ગ્રીષ્મા મર્ડરના પડ્યા પડઘાં

ગુજરાતભરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગ્રીષ્મા વેંકરિયા મર્ડર કેસ ચર્ચાનો વિષય બન્યો છે. સુરત જિલ્લાના પાસોદરા ગામમાં રહેતી એક 21 વર્ષીય ગ્રીષ્મા વેકારીયાને પોતાની ઘર નજીક જઈને તેના જ પરિવાર સામે બાનમાં લઈ હત્યા કરાઈ હતી. ગ્રીષ્મા વેકરીયાની તેના એક તરફી પ્રેમમાં પાગલ પ્રેમી ફેનિલ પંકજ ગોયાણીએ સાંજના સમયે લોકોની વચ્ચે છરી વડે ગળુ કાપી હત્યા કરી હતી. ગ્રીષ્માની હત્યા બાદ આરોપી ફેનિલે પોતે પણ જ્યાં સુધી ગ્રીષ્માનું મોત થયું ત્યાં સુધી તેની પાસે ઉભો રહ્યો હતો અને બાદમાં ખિસ્સામાંથી માવો કાઢીને ખાધો હતો. આ બાદ ગ્રીષ્માનો પરિવાર તેની પાછળ દોડ્યો હતો. આ જોઈ ફેનિલે પોતાના હાથમાં ચપ્પુ માર્યું હતું. બાદમાં પોલીસ આવતા તેને પકડી પાડ્યો હતો.



તસ્વીર - અશ્વિન સાધુ

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ ગુજરાત અને ડીફેન્સ એક્સપોની તડામાર તૈયારીઓ ચાલી રહી છે 1લી મેના રોજ વાઈબ્રન્ટ પહેલા ડીફેન્સ એક્સપો યોજાશે. દેશ-વિદેશથી આવતા મહેમાનો ગાંધીનગરમાં પ્રવેશતા જ મનમોહિત થઈ જાય તે માટે પ્રવેશ દ્વાર નજીકની હાઈવેની જમીનમાં સૌદર્યકરણની કામગીરી શરૂ થઈ છે.

# ગાંધીનગરમાં યોજાનાર ડિફેન્સ એક્સ્પોની તડામાર તૈયારીઓ

## ૧૫૦૦ થી વધુ કંપનીઓ પોતાની પ્રોડકટ પ્રદર્શનમાં મૂકશે

ગુજરાત વંદન

પાટનગર ગાંધીનગર ખાતે આગામી 10 થી 14 માર્ચે ડિફેન્સ અકસ્પોનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે. જેની તડામાર તૈયારીઓ અત્યારથીજ શરૂ કરી દેવામાં આવી છે.જોકે કોરોનાના કારણે ડિફેન્સ એક્સપો માટે વર્ચ્યુઅલ માધ્યમ ની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

ભારત સરકાર ના સંરક્ષણ મંત્રાલય દ્વારા આયોજીત ડિફેન્સ એકસ્પો વખતે ગાંધીનગરમાં આયોજીત થનાર છે. ત્યારે આગામી 10 થી 14 માર્ચે યોજાનાર આ એક્સ્પો સંપૂર્ણ કોવિડ 19 પ્રોટોકોલ મુજબ જ આયોજિત કરવામાં આવશે. અને એટલે જ વર્ચ્યુઅલ મધ્યમનું ઓપશન પણ તંત્ર દ્વારા તૈયાર રાખવામાં આવ્યું



છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ ડિફેન્સ એકસ્પો માં વિવિધ સેમિનારો , બી ટુ બી મિટિંગો પણ થશે. ઉપરાંત ડિફેન્સ અંતર્ગતના ઉત્પાદનની મેગા પ્રદર્શની પણ ખુલ્લી મૂકવામાં આવશે. જેમાં અંદાજીત 1500 થી વધુ કંપનીઓ પોતાના પ્રોડક્ટને પ્રદર્શનમાં મુકશે. જયારે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે 50 થી વધુ અન્ય દેશો અને તેના ડેલીગેશનો ખાસ હાજરી આપી સંરક્ષણ પ્રોડક્ટ ના ઉત્પાદન ક્ષેત્ર માટે વિવિધ કંપનીઓ સરકાર સાથે કરાર કરશે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર ખાતે યોજાનાર આ કાર્યક્રમ નું ઉદ્ઘાટન 10 માર્ચે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા થશે. ત્યારબાદ બિઝનેસ ડે આયોજીત થશે. ઉપરાંત 13 અને 14 માર્ચે હેલિપેડ સેક્ટર 17 ખાતે મેઘા પ્રદર્શની જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવશે.

# ગાંધીનગરમાં બાઈક ચોર ગેંગ ઝડપાઈ, ચાર ગુનાના ભેદ ઉકેલાયા

## સેકટર-૨૧ પોલીસે ૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી વધુ પૂછપરછ હાથ ધરી

ગુજરાત વંદન

ગાંધીનગર-દહેગામ વિસ્તારમાં ટુ વ્હીલર વાહનોની ચોરીના ગુનાને અંજામ આપનાર ગેંગ ઝડપાઇ છે. ચાર વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી સેકટર - 21 પોલીસે 1 લાખ 5 હજારનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર - 21 પોલીસને મળેલી બાતમીના આધારે ક - 7 સર્કલ વિસ્તારથી ત્રણ ઈસમોને ચોરીના બાઈક સાથે બે સગા ભાઈઓ વિકાસ અમરસિંહ ઠાકોર અને આકાશ ઠાકોર (રહે. માણેકલાલ ચાલી, સારંગપુર, અમદાવાદ) તેમજ એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરીને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમની પાસેથી મળી આવેલ બાઈક અત્રેના પોલીસ મથક હદ વિસ્તારમાંથી જ ચોરી કર્યાની તેઓએ કબૂલાત કરતાં બંને ભાઈઓની કડકાઇથી વધુ પૂછતાંછ શરૂ કરાઈ હતી. ત્યારે તેમણે કબૂલાત કરી હતી કે, દહેગામ પોલીસ મથકની હદમાંથી પણ એક બાઈકની ચોરી કરીને ઉનાવાનાં નિકેશ ઉર્ફે નિકુલ લાલાજી ઠાકોર પાસે હોવાનું જણાવ્યું હતું. જેનાં પગલે નિકેશ પાસેથી ઉક્ત બાઈક રિકવર કરીને તેની પણ પૂછતાંછ કરતાં



તેણે 5 મહિના અગાઉ સિવિલ કેમ્પસ અને રાંધેજા ખાતેથી પણ બાઈકની ચોરી કર્યાની કેફિયત વર્ણવી હતી. જે બાઈક પણ પોલીસે જપ્ત કરીને કુલ. 1 લાખ 5 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### સેક્ટર- ૨૯માં પેપર અને ભંગાર સાથે પડેલાં

# સેનિટાઈઝર-સ્પિરીટથી અચાનક આગ લાગતા દોડધામ મચી

ગુજરાત વંદન

ઠંડીમાં ઘટાડો થતાં અને ધીરે-ધીરે ગરમીમાં વધારો થતાં આગના બનાવો શરૂ થયાં છે. સેક્ટર-29 ખાતે આવી જ રીતે ગરમીના કારણે આગની ઘટના બની હતી. સેક્ટર-29માં મહાલય એપાર્ટમેન્ટમાં પ્લોટ નંબર-203/c1 રહેતાં પાર્થ ચંદ્રકાંતભાઈ પારેખના ઘરે ગેલેરીમાં પડેલા સામાનમાં આગ લાગી હતી. ગેલેરીમાં કલરના ડબ્બા, સ્પીરીટના ડબ્બા, સેનિટાઈઝરનો કેરબો, પેપર, પૂઠા તથા પરચુરણ ભંગાર પડેલો હતો. જે ગરમીમાં હીટ થતાં આગ લાગી હતી, સ્પીરીટ અને સેનિટાઈઝરના કારણે આગ ત્યાં પડેલાં સામાનમાં ઝડપથી પ્રસરી ગઈ હતી.

જોકે ફાયરબ્રિગેડને જાણ કરતાં તાત્કાલિક પહોંચેલા ફાયરના જવાનોએ આગના પ્રસરતા રોકીને તેના પર કાબૂ મેળવ્યો હતો. આગમાં કોઈ જાન હાની કે દાઝી જવાની ઘટના નથી બની પરંતુ આગ વધુ પ્રસરી હોત તો આખા ઘરમાં ભારે નુકસાન થયું હોત. ધીરે-ધીરે ગરમીનો પારો વધતાં આગના બનાવો પણ વધે છે રવિવારે માત્ર 32.8 ડીગ્રી જેટલા મહત્તમ તાપમાનમાં આ પ્રકારે આગની ઘટના બની હતી. જેને પગલે ખુલ્લામાં ભંગાર સહિત સામાન સાથે સ્પીરીટ કે સેનિટાઈઝર રાખતા પહેલાં નાગરિકોએ સાવધાન

# અમદાવાદ અને ગાંધીનગરની વચ્ચે ઈ- એસટી બસ દોડશે, ઘટશે વાયુ પ્રદૂષણ

## કૃષ્ણનગરમાં ચાર્જિંગ સ્ટેશન બનાવાયું, પ્રથમ તબક્કે ૫૦ ઈ-બસો ભાડે લેવાશે

ગુજરાત વંદન

ગુજરાત સરકાર અને ભારત સરકાર વાયુ પ્રદૂષણ ઓછું કરવા જાહેર પરિવહન ક્ષેત્રમાં હવે ઈ-બસનો આગ્રહ રાખી રહી છે. ગુજરાત સરકાર દ્વારા પણ એસ બસ નિગમમાં ઈ-બસ મુસાફરોની સેવામાં મૂકવામાં આવશે. પ્રથમ તબક્કે લેનાશે જેમાં અમદાવાદથી ગાંધીનગર-વડોદર વગરે રૂટ પર મૂકવામાં આવશે હાલમાં 50 ઇલેક્ટ્રીક બસો ભાડેથી લેવાશે.

અમદાવાદ-વડોદરા વચ્ચે હવે જીએસઆરટીસી દ્વારા 33 સીટર ઇલેક્ટ્રીક બસો દોડાવવાનું આયોજન




કરાયું છે. લગભગ માર્ચ માસ સુધીમાં આ બંને રૂટો પર ઇ- બસો દોડતી પણ થઇ જશે. તેની તૈયારીના ભાગરૂપે કૃષ્ણનગર એસ.ટી. બસ મથક ખાતે ચાર્જિંગ સ્ટેશન પણ બનાવી દેવાયું છે. અમદાવાદીઓને ડીઝલ, સીએનજી બાદ હવે નવા જમાનાની ઇ-બસની મુસાફરીનો પણ લાભ મળશે.

એસ.ટી.નિગમ દ્વારા પણ હવે ઇ - બસોને સંચાલનમાં લેવામાં આવનાર છે. આ અંગે જાણવા મળતી માહિતી મુજબ હાલ પ્રારંભીક તબક્કે ૫૦ ઇ-બસો બેટરીથી ચાલતી બસો ભાડેથી લેવાશે. કેન્દ્ર સરકારની ગ્રાન્ટ મળશે અને ટેન્ડર પ્રક્રિયા દ્વારા બસો ભાડે રાખીને કિ.મી.દીઠ ભાડુ ચુકવાશે. ચાર્જિંગ સ્ટેશન અને બસ મથક નિગમની

# ચંદ્રાલાથી સાદરા રોડનું ૪ માસથી ડામર કામ ન થતાં ગ્રામજનોમાં રોષ

ગુજરાત વંદન

જિલ્લા પંચાયતના પ્રમુખના ગામથી સાદરા જતો 7 કિમી માર્ગનું છેલ્લા ચારેક માસથી મેટલ અને કપચીનું કામ કરાયું છે. ત્યારબાદ ડામરનું પેવર કામ નહી પસાર થતાં વાહનોથી ઉડતી ધૂળથી નાના વાહનચાલકો પરેશાન થઇ ગયા છે. આથી તાકિદે માર્ગ ઉપર ડામરનું પેવર કામ કરવા લોકોમાં માંગ ઉઠવા પામી છે. રાજ્ય સરકારના મહેસુલ વિભાગ દ્વારા વરસાદમાં તૂટેલા માર્ગનું રિપેરીંગ કરવા માટે વોટસએપ નંબર જાહેર કરીને તેના ઉપર જાણ કરવાની જાહેરાત મંત્રીએ કરી હતી. પરંતુ રાજ્યના પાટનગર ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામથી સાદરા તરફ જતા 7 કિમી માર્ગની છેલ્લા ચાર માસથી દુર્દશા બની રહી છે. જોકે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલિપભાઇ પટેલનું જ ગામ હોવા છતાં ચંદ્રાલાથી સાદરા જતા માર્ગ ઉપર ડામર કામ કરીને રોડને પાકો બનાવવામાં આવ્યો નહી હોવાનું લોકોએ જણાવ્યું છે. જોકે આ માર્ગ ચંદ્રાલા, મોતીપુરા, સોહરાબપુરા, સાદરા ગામમાંથી પસાર થાય છે.

# ગાંધીનગર સિવિલની નર્સ સામે ફરિયાદ નહીં નોંધાતાં સેક્ટર ૭ પોલીસ સામે રોષ

ગુજરાત વંદન

ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતી નર્સ દ્વારા નોકરી અપાવવાનુ કહીને નાણાં ખંખેરવામા આવ્યા હોવાની ફરિયાદો ઉઠી છે. સિવિલમાં કોન્ટ્રાક્ટમાં ફરજ બનાવની નર્સને કાયમી નોકરી અપાવવાનુ વચન આપ્યુ હતુ. જેને લઇને કામ કરવા 2થી લઇને 5 લાખ રૂપિયા ખંખેરી લીધા બાદ ઉલ્ટા ચોર કોટવાલ કો દાંટે જેવી સ્થિતિ ભોગ બનનારની થઇ છે. ત્યારે રુપિયા આપીને ભરાઇ ગયેલા 8 લોકોએ નર્સ સામે ફરિયાદ નોંધવા અરજી આપી છે. પરંતુ સેક્ટર 7 પોલીસના હાથ નર્સ સુધી પહોંચવામા ટૂંકા પડી રહ્યા છે.

સિવિલની નર્સ સામે ફરિયાદ નોંધાવવા ગયેલા ભોગ બનનાર ગાંધીનગરના મહેન્દ્રસિંહ વાઘેલાએ કહ્યુ હતુ કે, 2021મા સરકારી નર્સિંગની ભરતી પડી હતી. જેમા મારી સાળીએ ફોર્મ ભર્યુ હતુ. તે સમયે અમે



જાણ્યુ હતુ કે, સિવિલમાં ફરજ બજાવતી નર્સ નયના ડોડીયાર પાસ કરાવી નોકરી અપાવે છે. જેથી અમે સંપર્ક કરતા મારી પાસે 5 લાખ માગી ભરોસો આપ્યો હતો કે, તમારી સાળીને નોકરી હુ અપાવીશ. પરંતુ હાલ મને 3 લાખ આપો, બાકીના 2 લાખ પછી આપવાના રહેશે.જ્યારે પરિણામ આવ્યુ ત્યારે મારી સાળીનુ નામ ન હતુ. પછીથી નાણા પરત માગતા વાયદાઓ બતાવાય છે.

વિજાપુરના પાર્થ પટેલે પોલીસમાં અરજી આપતા જણાવ્યુ છે કે, હુ હાલમાં સિવિલમાં કોન્ટ્રાક્ટમા સ્ટાફ બ્રધર્સ તરીકે નોકરી કરુ છુ. પરિણામે નર્સ નયના ડોડીયારને ઓળખતો હતો. જ્યારે નર્સે મને કહ્યુ હતુ કે, સિવિલમાં કાયમી નોકરી કરવી હોય તો હુ તમને કાયમી કરાવી દઇશ. તેની સામે તમારે મને 2 લાખ આપવા પડશે. નર્સ નોકરી કરતા હોવાના કારણે વિશ્વાસ આવતા એક વર્ષ પહેલા 2 લાખ રૂપિયા આપ્યા હતા. પરંતુ ના નોકરી કાયમી મળી કે ના રૂપિયા પાછા મળ્યા.અમદાવાદ રાણિપમા રહેતા સ્મિત ક્રિશ્વને જણાવ્યુ છેકે, મને બીએસસી નર્સિંગમા બેંગ્લોર એડમીશન અપાવી કાયમી નોકરીનુ વચન આપ્યુ હતુ. જેના માટે 2 લાખની માગણી કરતા આપવામા આવ્યા હતા. પરંતુ સમય વિતતા એડમીશન બાબતે પૂછવામા આવ્યુ હતુ. તે સમયે નર્સ નયના ડોડીયારે કહ્યુ હતુ કે, મે આગળ જેને રૂપિયા આપ્યા છે, તેમનુ મૃત્યુ થયુ છે, હવે હુ કાંઇ નહિ કરી શકુ. જ્યારે નાણા પરત માગ્યા તો બહાના બતાવવામા આવતા હતા અને ના એડમીશન થયુ કે ના રૂપિયા પરત મળ્યા.

# રાજ્યમાં નવી મેડિકલ યુનિવર્સિટી સ્થપાશે

## બજેટ સત્રમાં મેડિકલ ટુરિઝમ બિલ પણ રજૂ થશે

ગુજરાત વંદન

1 માર્ચથી બજેટ સત્ર યોજાવાનું છે. ત્યારે આ બજેટ સત્રમાં રાજ્યનો મોટી ભેટ મળશે. બજેટ સત્રમાં રાજ્યમાં નવી મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના અંગે જાહેરાત કરાશે. અત્યાર સુધી ગુજરાતમાં મેડિકલ યુનીવર્સિટી નથી. ત્યારે રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના થશે. રાજ્યની બધી જ મેડિકલ અને પેરા મેડિકલ કોલેજ આ મેડિકલ યુનિવર્સિટીનાં નેજા હેઠળ આવશે.

રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના બાદ વિદ્યાર્થીઓને હવે મેડિકલ યુનિવર્સિટીની જ ડિગ્રી મળશે. પહેલા વિદ્યાર્થીઓને મેડિકલ કોલેજો ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન હોય તો તે જ કોલેજ યુનિવર્સિટીની ડિગ્રી મળતી હતી. આગામી બજેટમાં મેડિકલ ટુરિઝમનાં વિકસાવવા માટે મેડિકલ ટુરિઝમ બીલ પણ રજૂ થશે. હાલ રાજ્યમાં સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર મેડિકલ ડેન્ટલની 43 કોલેજની 6700 બેઠક અને પેરા મેડિકલની 664 કોલેજની 26415 બેઠક મળી 33 હજાર 115 બેઠકોનું વ્યવસ્થાપન છે.

મેડિકલના વિદ્યાર્થીઓ માટે મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના એ ખૂબ મહત્વની બની રહેશે. મેડિકલ ક્ષેત્રની જ યુનિવર્સિટી હોવાથી તેમના કેટલાક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. અત્યાર સુધી ગુજરાતમાં મેડિકલ યુનીવર્સિટી ન હોવાથી કેટલાક પ્રશ્નોના નિરાકરણ આવતા ન હતા.

જો કે હવે રાજ્યની બધી જ મેડિકલ અને પેરા મેડિકલ કોલેજ આ મેડિકલ યુનિવર્સિટીનાં નેજા હેઠળ આવતી હોવાથી મેડિકલના વિદ્યાર્થીઓને રાહત મળશે.

# ગુડાના વર્ગ-૧ તેમજ વર્ગ-૨ના અધિકારીઓ માટે સરગાસણમાં આવાસ બનાવાશે

ગુજરાત વંદન

ગાંધીનગરના વર્ગ-1 અને વર્ગ-2ના કર્મચારીઓ માટે ગુડા રૂ. 10 કરોડના ખર્ચે 16 મકાનો બાંધશે. આ મકાનો સરગાસણમાં બનાવવામાં આવશે. આ ઉપરાંત 18 રૂમનું રેસ્ટ હાઉસ પણ બનાવવામાં આવશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વર્ષ-2022-23 દરમિયાન કર્મચારીઓ માટે આવાસ બનાવવાનો ઠરાવ તાજેતરમાં મળેલી બોર્ડ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે ગુડાના વર્ગ-1ના અધિકારી માટે છ આવાસ અને વર્ગ-2 માટે કુલ-10 આવાસ બનાવવામાં આવનાર છે. પરંતુ ગુડાના વર્ગ-3ના કર્મચારીઓ માટે આવાસ બનાવવામાં આવશે નહી. આથી ગરીબ પરિવારો માટે વિવિધ યોજના અંતર્ગત આવાસનું નિર્માણ કરતી ગુડાની કચેરીના વર્ગ-3ના કર્મચારીઓ માટે આવાસ માટે પાટનગર યોજના વિભાગના આવાસ ઉપર આધારીત રહેવું પડશે. ગુડાના વર્ગ-1 અને 2ના અધિકારીઓ માટે બનાવનાર આવાસની પાછળ અંદાજે રૂપિયા 10 કરોડ જેટલો ખર્ચનો અંદાજ કરવામાં આવ્યો છે. જોકે હાલમાં ગુડાના આવાસ માટે પ્લાન અને એસ્ટિમેન્ટ તૈયાર કરવામાં આવ્યું નથી.

પરંતુ જ્યારે પ્લાન એસ્ટિમેન્ટ તૈયાર થશે ત્યારબાદ જ આવાસ નિર્માણ માટે કેટલો ખર્ચ થશે તે નક્કી થશે. ગુડાના આવાસ નિર્માણ સરગાસણ ખાતેના ગુડાના રીઝર્વ પ્લોટમાં કરવામાં આવનાર છે. તેમાં નાના મોટા 18 જેટલા રૂમની ક્ષમતા ધરાવતો રેસ્ટ હાઉસ બનાવવામાં આવનાર છે. તેમાં જમવા, મિટિંગ રૂમ, ભોજનકક્ષ, બેઠક વ્યવસ્થા, સ્ટોર્સ રૂમ સહિતની સુવિધા અપાશે.

શહેરના ફતેવાડી વિસ્તારમાં સરકારી જમીન પર કબજો કરીને ઓફિસ બનાવનાર

# કુખ્યાત સુલતાન ગેંગના બકુખાનની ગેરકાયદેસર બિલ્ડિંગ તોડી પડાઈ

### AMC ના અધિકારીઓને સાથે રાખી પોલીસ કાફલા સાથે કાર્યવાહી કરાઈ

ગુજરાત વંદન



અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ફતેવાડી વિસ્તારમાં આવેતા કોમન પ્લોટમાં નોમાન પાર્ક ખાતેની ગેરકાયદે બિલ્ડીંગને પોલીસ અને AMCએ સાથે મળીને તોડી પાડી હતી. ગેરકાયદે કબજે કરાયેલી આ બિલ્ડીંગ કુખ્યાત સુલતાન ગેંગના ખચાનચી તરીકે ઓળખાતા બકુખાન ઉર્ફે બક સૈયદની હતી. અહીં ગેંગના સભ્યો બેસીને એટલે કે ઓફિસ પર બેસીને ગુનાહિત કૃત્ય આચરતા હતા. આસપાસના લોકો પણ બકુખાનથી ડરતા હતા. આ અંગે સેક્ટર એકના જોઇન્ટ કમિશનર રાજેન્દ્ર અસારી અને ઝોન 7 ડીસીપી પ્રેમસુખ ડેલુને ફરિયાદ મળતા આખરે અમદાવાદ કોર્પોરેશનને સાથે રાખી બિલ્ડિંગને તોડવાની તજવીજ હાથ ધરાઇ હતી. જેને સાંજ સુધીમાં સંપૂર્ણ રીતે જમીનદોસ કરી દેવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વેજલપુર પોલીસ સ્ટેસનની હદમાં આવેલા ફતેવાડી, જુહાપુરા સહિતના વિસ્તારમાં કુખ્યાત ગુનેગાર સુલતાન ખાન પોતાની ગેંગ ચલાવતો હતો. આ ગેંગના શખ્સો સામાન્ય લોકો પાસે ખંડણી ઉઘરાવવી, સરકારી કે સામાન્ય લોકોની જમીનો પડાવી લેવી, અપહરણ કરી માર મારવો, જુગાર- સટ્ટો ચલવાતા અને મહિલાઓની છેડતી કરતા હતા. આ માથાભારે શખ્સો સામે કડક કાર્યવાહી લાંબા સમયથી થતી ન હતી. આખરે સેકટર 1 ના જોઇન્ટ કમિશનર રાજેન્દ્ર અસારી અને ઝોન-7ના ડીસીપી પ્રેમસુખ ડેલુને મળતા તેમને આ ગેંગની રજેરજની માહિતી એકઠી કરી હતી. આખરે લોકોની ફરિયાદ લઇ અને તેમના પર કડક કાર્યવાહી હાથ ધરાઇ હતી.

સુલતાન અને તેના ખજાનચી તરીકે ઓળખતા બકુખાન ઉર્ફે બક સૈયદની સામે પોલીસે ગુજસીટોક સહિતના અલગ અલગ ગુના નોધ્યા હતા. તેમની ધરપકડ કરી તેમના સામે કડક પગલા ભર્યા હતા.

અગાઉ પોલીસે નજીર વોરના ગેરકાયદે બાંધકામો અને સરકારી જમીન પર કબ્જા દુર કર્યા હતા. આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યુ હતુ કે, સુલતાન ગેંગના ખચાનજી તરીકે બકુખાન કામ કરતો હતો. તે આ બિલ્ડીંગમાં બેસી ગેરકાયદે કામોને અંજાણ આપતો હતો. તેની સામે અનેક ગુનાઓ દાખલ થયેલા છે. આ બિલ્ડીંગ ગેરકાયદે હોવાથી તેને તોડી પાડવા કાર્યવાહી હાથ ધરાઇ છે.આ વિસ્તાર સિવાય અન્ય કોઇ પણ વિસ્તારમાં ગુનેગારોના ગેરકાયદે બાંધકામો દુર તો ઠીક કાર્યવાહી પણ કરાતી ન હોવાની ચર્ચા છે.

અમદાવાદના મોટાભાગના તમામ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામો છે. તેમ છતાં શહેરના ઝોન-7 વિસ્તાર એટલે કે, વેજલપુર, જુહાપુરા, ફતેવાડી સહિતની જગ્યાઓ પર બાંધકામ તોડવામાં આવી રહ્યા છે અને ગુનેગારો પર કાર્યવાહી કરી તેમની આર્થિક કમર તોડવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદના તમામ વિસ્તારમાં ગુનેગારોના અઢળક બાંધકામો આવેલા છે તેમ છતાં તેમના પર કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી. તે ચર્ચાનો વિષય બન્યો છે.

## ૧૦૦ કરોડથી વધુના હવાલા રેકેટ-નો પર્દાફાશ, એક ચાઈનીઝ નાગરિક સહીત ત્રણની ધરપકડ

ગુજરાત વંદન

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે મોટા હવાલા રેકેટનો પર્દાફાશ કર્યો છે. મલ્ટીનેશનલ કંપની સાથે થતા હવાલા રેકેટ મામલે ક્રાઈમ બ્રાંચે 1 ચાઈનીઝ નાગરિક સહીત 3ની ધરપકડ કરી. ક્રાઈમ બ્રાંચની કાર્યવાહીમાં અંદાજે 100 કરોડથી વધુના હવાલા રેકેટનો ખુલાસો થયો છે. અમદાવાદ અને દિલ્હીથી હવાલા ઓપરેટર ઝડપાયા છે. ભારત અને વિદેશની કંપનીઓના રૂપિયાનો હવાલો કરવામાં આવતો હતો. ત્યારે આ મામલે ક્રાઇમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી છે.

## TADAના આરોપીઓને ૩૧ વર્ષે ભાગેડુ જાહેર કરાયા

### સમયાંતરે નીકળેલા વોરંટની બજવણી થઈ નહોતી

ગુજરાત વંદન

અમદાવાદના બાપુનગરમાં ટાડા (ટેરરિસ્ટ એન્ડ ડિસરપ્ટિવ એક્ટિવીઝ એક્ટ) હેઠળ વર્ષ ૧૯૯૦માં નોંધાયેલા બે કેસમાં છ આરોપીઓને આજે સ્પેશિયલ ડેઝિગ્નેટેડ કોર્ટ દ્વારા ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે. આરોપીઓ સામે સમયાંતરે વારંવાર વોરંટ નીકળવા છતાં બજવણી ન થતાં તેમને ભાગેડુ જાહેર કરવા માંગણી કરવામાં આવી હતી.

આ કેસની વિગત એવી છે કે વર્ષ ૧૯૯૦માં બાપુનગરમાં ટાડા હેઠળનો ગુનો, હત્યાનો પ્રયાસ,ગેરકાયદે મંડળી, અક્સપ્લોઝિટ એક્ટ હેઠળના ગુના સબબ પોલીસે પાંચ આરોપીઓ ફકરૂદ્દીન અયુબખાન પઠાણ, એશાન અહેમદ અબ્દુલ મન્નાન શેખ, મુસ્તાકખાન હબીબઉલ્લા ખાન, અશફાક અહેમદ મોહમદજકી શેખ અને સાહબુદ્દીનઅબ્બાસઅલી અન્સારીની ધરપકડ કરી હતી ડેઝિગ્નેટેડ ટાડા કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરી હતી. ત્યારબાબાદ આરોપીઓને કોર્ટમાં હાજર ન થતાં કોર્ટે ૧૫-૧૦-૧૯૯૧ના રોજ ધરપકડ વોરંટ ઇશ્યુ કર્યા હતા, આ વોરંટની બજવણી ન થતાં ફરી ૨૧-૧૦-૧૯૯૧ના રોજ કોર્ટે આરોપીઓ સામે ખાસ ટ્રાયલ હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. જો કે આરોપીઓ સામે કોર્ટે સમયાંતરે ઘણાં વોરંટ ઇશ્યુ કર્યુ હોવા છતાં આરોપીઓી ભાળ ન મળતા ૩૦ વર્ષ બાદ પોલીસે તેમને ભાગેડુ જાહેર કરવા અરજી કરી હતી. જેમાં કોર્ટે સી.આર. પી.સી.ની કલમ-૮૨ હેઠળ આરોપીઓને ભાગેડુ જાહેર કર્યા છે. આરોપીને ભાગેડુ જાહેર કરતા જાહેરનામાની નકલ આરોપીઓના રહેણાંક સહિતની જગ્યાઓ પર ચોંટાડવાનો આદેશ પણ કોર્ટે કર્યો છે.

જ્યારે બીજા કેસમાં બાપુનગરમાં પોલીસ સ્ટેશનમાં વર્ષ ૧૯૯૦માં કાંતિભાઇ છગનભાઇ મોચી લામે વર્ષ ૧૯૯૦માં ટાડાની કલમો અને હત્યાના આરોપી હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમાં પણ ચાર્જશીટ બાદ આરોપીઓને જામીનમુક્તિ મળી હતી અને ત્યારબાદ તે ફરાર હોવાથી કોર્ટે વખતોવખત વોરંટ કાઢ્યા હતા પરંતુ આરોપીઓને ભાળ મળી નહોતી. તેથી કોર્ટે આ આરોપીને પણ ભાગેડુ જાહેર કરવાનો આદેશ આપ્યો છે.

એરપોર્ટ પરથી યુગાન્ડાનાં સ્ત્રી-પુરુષ પકડાયાં

# અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ

### કપલના પેટમાંથી ૧૬૫ કેપ્સ્યૂલમાં ૧.૮ કિલો હેરોઈન મળ્યું

ગુજરાત વંદન



અમદાવાદ એરપોર્ટ પર DRIએ યુગાન્ડાના બે મુસાફરોની ધરપકડ કરી છે. આશ્ચર્યની વાત એ છે કે બંનેના પેટમાંથી 165 કેપ્સ્યુલમાં 1.811 કિલોગ્રામ ડ્રગ્સ મળી આવ્યું છે. પોલીસે ડ્રગ્સ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, શારજાહના થાઈ એન્ટેબે એરપોર્ટથી અમદાવાદ પહોંચેલા યુગાન્ડાના એક વ્યક્તિની શંકાના આધારે ધરપકડ કરવામાં આવી હતી. તપાસમાં તેના શરીરમાં નાર્કોટિક્સની નાની કેપ્સ્યુલ હોવાનું બહાર આવ્યું હતું.

આવી જ રીતે અમદાવાદમાં આ જ રૂટ પરથી આવેલી એક મહિલાના પેટમાંથી કેપ્સ્યુલ મળી આવી હતી. સોલા સિવિલમાં ડૉક્ટર દ્વારા આ કપલનો એક્સ-રે અને સીટી સ્કેન કરવામાં આવ્યા ત્યારે આખો ભેદ ઉકેલાયો હતો, જે પછી તેમને એનિમા આપતા શરીરમાંથી મળમાર્ગે એક પછી એક વારાફરથી 165 કેપ્સ્યૂલ નીકળી હતી અને આ કેપ્પ્સૂલની અંદર હેરોઈન છૂપાવવામાં આવ્યું હતું. કેપ્સ્યૂલ બહાર આવતા કપલ ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યું હોવાનું સ્પષ્ટ થઈ ગયું હતું. આ કપલના શરીમાંથી નીકળેલી એક કેપ્લ્યૂલની લંબાઈ 2 ઈંચ જેટલી હતી. પુરુષના પેટમાંથી 85 અને મહિલાના પેટમાંથી 50 કેપ્સ્યૂલ નીકળી હતી. હવે આ બન્નેની ધરપકડ કરીને વધારે તપાસ કરવામાં આવી છે અને તેમની સામે ગુનાહિત પ્રવૃત્તિ બદલ વિવિધ કલમના આધારે ગુનો નોંધીને તપાસ કરવામાં આવશે.

# હવે રાજ્યના સાર્વજનિક સ્થળોએ ગુજરાતી ભાષામાં ફરજિયાત લખાણ લખાશે

### મનપામાં સરકારી કચેરી, પરિસય અને જાહેરસ્થળો પર ગુજરાતીમાં જ લખાણ લખાશે

ગુજરાત વંદન

રાજ્યમાં ગુજરાતી ભાષાનો વ્યાપ વધારવા ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગે ઠરાવ પસાર કર્યો કે, રાજ્યના 8 મહાનગરોમાં તમામ સરકારી કચેરીઓ, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ લખાણમાં ગુજરાતી ભાષાનો ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે. ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળોએ પણ ગુજરાતી ભાષાના ફરજિયાત ઉપયોગની સૂચના અપાઈ છે. તમામ મનપા કમિશનરોએ આ બાબતે અમલીકરણ કરવાનું રહેશે.

રાજ્યમાં ગુજરાતી ભાષાનો વ્યાપ વધારવા સરકારે મહત્વનુ પગલુ ભર્યુ છે. હવેથી ગુજરાતમાં જાહેર સ્થળો પર લખાણમાં ગુજરાતી ભાષાનો ફરજિયાત ઉપયોગ કરવો પડશે. રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગે ઠરાવ પસાર કર્યો છે. જેનો અમલ 8 મહાનગરોમાં તમામ સરકારી કચેરીઓ, પરિસરમાંથશે. સરકારે આદેશ કર્યો હતો કે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં ગુજરાતીમાં લખાણ ફરજિયાત કરવામાં આવ્યું છે. સાર્વજનિક સ્થળો પર સૂચના, જાણકારી, દિશાનિર્દેશ ગુજરાતીમાં ફરજિયાત લખવા પડશે. મહાનગરોની સરકારી કચેરીઓ અને ખાનગી માલિકનીના સાર્વજનિક સ્થળો પર ગુજરાતી ફરજિયાત કરવામાં આવશે. માતૃભાષાને પ્રાધાન્ય આપવાનો રાજ્યના યુવા અને સાંસ્કૃતિક વિભાગે આવકારદાયક નિર્ણય લીધો છે.મહાનગરોમાં લાગનારા બોર્ડ, સૂચના અને તમામ માહિતી માતૃભાષામાં આપવામાં આવશે. સરકારી કંપની, હોટલ, સ્કૂલ, મોલના બોર્ડ ગુજરાતીમાં લખવા આદેશ કરાયો છે. નાટ્યગૃહ, બેન્ક્વેટ હોલ, બાગબગીચા પર ફરજિયાત ગુજરાતીમાં લખાણ લખવું પડશે. માતૃભાષા દિવસ અગાઉ જ ગુજરાત સરકારે મોટી જાહેરાત કરી છે. 21 ફેબ્રુઆરી માતૃભાષા દિવસને સરકારના પ્રયાસથી મોટું સન્માન મળ્યું છે. નાટ્યગૃહ, હોલ, બાગબગીચા પર ફરજિયાત ગુજરાતીમાં લખાણ લખવુ પડશે. રેસ્ટોરન્ટ, કાફે પર ફરજિયાત ગુજરાતીમાં લખાણ લખવું પડશે.

## તસ્વીર સમાચાર



જૈન ધર્મના સાધુ-સંતો- સાધવીઓ પગપાળા વિચરણ અને વિહાર કરતા હોય છે રસ્તા પર તેમના માટે સફેદ રંગનો પટ્ટો બનાવવામાં આવે અને તેના ઉપર જ તેઓ સલામત રીતે ચાલી શકે તો કોઈ અકસ્માતનો ભોગ ન બને કેમ કે, એવા ઘણા અકસ્માતોમાં સાધુ-સાધવીઓ ભોગ બન્યા છે.



શહેરના ન્યૂ કોર્ટન મિલથી વસ્ત્રાલ તરફ જતા રોડ પર વિવેકાનંદ શાળા આવેલી છે સ્કૂલના ગેટની સામે જ કચરાપટી જોવા મળે છે જેમાં ગંદકી, ઉકરડો અને ગાયોનો ત્રાસ હોવાથી સ્કૂલના બાળકો માટે જોખમ બની શકે. શાળા દ્વારા આ કચરાપટી દૂર કરવાની અનકે વખત રજૂઆત કરવામાં આવી છે તેમ છતા તંત્ર દ્વારા હજુ ધ્યાન આપવામાં આવ્યું નથી.



શહેરના જુદા-જુદા વિસ્તારોમાં બાગ-બગીચા, પાણીના ફુવારા વગેરે લગાવવામાં આવ્યા પરંતુ તેની કેટલી સાર સંભાળ લેવામાં આવે છે તે રખિયાલમાં આવેલ શ્રમિક બગીચાની શ્રમજેવી હાલત દર્શાવે છે.



તસ્વીરો - અશ્વિન સાધુ

અમદાવાદના મધ્યમાંથી બોટાદ રેલવે લાઈન પસાર થાય છે જેનું બ્રિજ હેટલાઈનનું તસ્વીરમાં દ્રશ્યમાન રેલવે પુલનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ટૂંક સમયમાં 90 કિ.મી પ્રતિ કલાકની ઝડપે બોટાદ ટ્રેન શરૂ થશે.

# દુષ્કર્મના કેસમાં કોર્ટે પતિ-પત્ની બંને ને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી

### દલીલ સાંભળ્યા પછી દુષ્કર્મને હત્યા કરતાં પણ જઘન્ય ગુનો ગણાવ્યો

ગુજરાત વંદન



અમદાવાદ શહેરની સેશન્સ કોર્ટે એક પતિ અને તેની પત્નીને દુષ્કર્મના કેસમાં 10 વર્ષની જેલની સજા ફટકારી છે. આરોપી દંપતિએ એક 18 વર્ષીય યુવતીને બળજબરીપૂર્વક ગોંધી રાખી કુકર્મ આચર્યું હતું. પત્નીની મદદથી પતિએ યુવતી સાથે તેની સંમતી વગર જ બળજબરીપૂર્વક સંબંધ બનાવ્યા હતા. કેસની વિગત મુજબ બાબુભાઈ વેગડા(35) અને તેની પત્ની મધુબેન (46) નામના દોષીઓએ પીડિતાને હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા કરવાના બહાને તેમના ઘરે લઈ આવ્યા હતા અને ગોંધી રાખી હતી. પીડિતાનો ઉછેર અનાથાશ્રમમાં થયો હતો અને 18 વર્ષની થતા તે પોતાના દાદા-દાદી સાથે રહેવા પાછી આવી હતી.

જે બાદ ઓગસ્ટ 2018માં વેગડાએ પીડિતાના પરિવારને યુવતીને હોસ્ટેલમાં દાખલ કરાવવાનું વચન આપીને પોતાની સાથે મોકલવા માટે મનાવી લીધા હતા. જો કે, તેઓ યુવતીને હોસ્ટેલમાં લઈ ગયા ન હતા; તેના બદલે દંપતીએ તેને વટવામાં પોતાના ઘરમાં જ બળજબરી પૂર્વક ગોંધી રાખી હતી. એટલું જ નહીં તેઓ યુવતીને ચોટીલા મંદિરમાં પણ લઈ ગયા હતા જ્યાંથી આવ્યા પછી બાબુભાઈએ તેની સાથે લગ્ન કર્યા હોવાનો દાવો કર્યો હતો. આખરે જ્યારે યુવતીએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી ત્યારે તેણે આરોપ લગાવ્યો કે બાબુભાઈ તેને પાડોશીઓ સાથે પોતાની પત્ની તરીકે ઓળખાવતા હતા. જ્યારે મધુબેને પીડિતાને પોતાની વહુ તરીકે અને બાબુભાઈને પોતાના પુત્ર તરીકે ઓળખાવ્યા હતા.

પણ એક દિવસ જ્યારે તેણે તેના પરિવારના સભ્યોને બજારમાં જોયા ત્યારે પીડિતા ભાગવામાં સફળ રહી હતી. પીડિતાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે બાબુભાઈએ ધમકીઓ આપ્યા પછી વારંવાર તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે તેની પત્નીએ પણ પતિને આ ગુનામાં મદદ કરી હતી. બાબુભાઈ પર દુષ્કર્મ અને આપરાધિક ધાકધમકીનો ગુનો નોંધવામાં આવ્યો હતો જ્યારે તેની પત્ની સામે ઉશ્કેરણી અને ગેરકાયદેસર કોઈ વ્યક્તિને અટકાયતનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

દંપતીને સજા આપતા કોર્ટે કહ્યું હતું કે દુષ્કર્મ એ હત્યા કરતાં પણ વધુ જઘન્ય ગુનો છે. સંસ્કારી સમાજ કોઈ પુરુષને તેની પુત્રીની ઉંમરની છોકરી પર દુષ્કર્મ કરવા બદલ માફ કરી શકતો નથી અને તે પણ તેની પત્નીની હાજરીમાં. કોર્ટે ગુજરાત પીડિત વળતર યોજના હેઠળ પીડિતાને બે મહિનામાં વળતર આપવાનો આદેશ પણ આપ્યો છે.

# દરિયાપુરના મહિલા કોર્પોરેટર ભરી સભામાં ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડ્યા

### વીએસ હોસ્પિટલની બેદરકારીથી માતાનું મોત થયાનો કર્યો આક્ષેપ

ગુજરાત વંદન



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ 2022-23ના રૂ.8807 કરોડના બજેટને મંજૂરી આપવા બજેટની સામાન્ય સભા મળી હતી. બજેટ સત્ર દરમ્યાન વી.એસ હોસ્પિટલના બજેટની ચર્ચામાં વી.એસ હોસ્પિટલમાં તમામ સારી સારવાર આપવામાં આવતી હોવાનું વાસણાના કોર્પોરેટરે જણાવ્યું હતું. જોકે દરિયાપુરના કોંગ્રેસના જ કોર્પોરેટર સમીરા શેખ પોતાની માતાને વી.એસ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે તેમને બચાવી શકાય નહોતા. આ વાતનો ઉલ્લેખ કરતા કોર્પોરેટર સભામાં રડી પડ્યા હતા.

કોંગ્રેસના દરિયાપુરના કોર્પોરેટર સમીરા શેખે કહ્યું કે, વી.એમાં યોગ્ય સારવાર ન મળી અને તેના કારણે તેમનું અવસાન થઈ ગયું. પાંચ દિવસ પહેલા જ મારી માતાનું અવસાન થઇ ગયું એમ કહીને કોર્પોરેટર સમીરા શેખ રડી પડ્યા હતા.

જેને લઈને સભાગૃહમાં થોડીવાર માટે ગમગીની છવાઈ હતી. કોંગ્રેસના તમામ કોર્પોરેટરોએ તેઓને સાંત્વના આપી હતી અને ભાજપના કોર્પોરેટરોને પૂછ્યું હતું કે, બોલો હવે કેમ નથી બોલતાં? સમીરા શેખે જણાવ્યું કે વી.એસ. હોસ્પિટલમાં સારી સારવાર મળતી ના હોવાથી 5 દિવસ પહેલા જ મારી માતાનું મોત થયું હતું .આમ કહેતા જ મહિલા કોર્પોરેટર સમીરા શેખ મેયરને રજૂઆતો કરતાં રડી પડયા હતા. મહિલા કોર્પોરેટરે આક્ષેપ કરતા કહ્યું હતું કે જો સારી સારવાર કોર્પોરેટરને ના મળતી હોય તો સામાન્ય નાગરિકોને કેવી સેવાની વાત કરે છે.

કોર્પોરેટરની માતાની વીએસમાં સારવાર ન મળતા મોત મામલે મેયર અને વી.એસ.માં ચેરમેન કિરીટ પરમાર એ જણવાયું હતું કે વી.એસ.માં તબીબોનો સ્ટાફ હાજર હોય છે કઈ રીતે ઘટના બની તે અંગે તપાસ કરવામાં આવશે.

# ઘરેથી ભાગેલી ૧૨ વર્ષની સગીરાને માતા યાદ આવી, થયો પસ્તાવો

### સ્કૂલે જવાનું કહીને ઘરેથી નીકળેલી સગીરા પ્રેમી સાથે લુધિયાણા પહોંચી ગઈ

ગુજરાત વંદન

શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતી 12 વર્ષની સગીરા 15મીએ સવારે 8 વાગ્યે સ્કૂલે ગઈ પણ બપોરે 1 વાગ્યા સુધી પાછી આવી ન હતી. તેની પાસેનો મોબાઈલ પણ સ્વીચ ઓફ હતો. તેના પિતા લગ્ન પ્રસંગમાં પાટણ ગયા હતા. તેમને રાત્રે 9 વાગે જાણ કરાતા પોલીસમાં ફરિયાદ કરાઈ હતી.

વિગતો મુજબ, 15મી ફેબ્રુઆરીના રોજ એક સગીરા સવારે સ્કૂલે જવા નીકળ્યા બાદ ગુમ થઈ ગઈ હતી. પરિવારે ફોનથી સંપર્ક કરવાનો પ્રયાસ કરતા સગીરાનો ફોન પણ સ્વિચ-ઓફ આવતો હતો. જે બાદ રાત્રે પોલીસ સ્ટેસનમાં તેના ગુમ થવાની ફરિયાદ પરિવારે નોંધાવી હતી. જોકે ઘટનાના બે દિવસ બાદ અચાનક સગીરાનો ફોન આવ્યો હતો અને પોતે લુધિયાણા હોવાનું જણાવ્યું હતું.

ઘરેથી સ્કૂલ માટે નીકળેલી સગીરા લુધિયાણા હોવાનું જાણીને પરિવાર પણ ચોંકી ઉઠ્યો હતો. જોકે પ્રેમી સાથે બે દિવસ રહ્યા બાદ તેને માતાની યાદ આવતા ઘરે જવાની જીદ પકડી હતી. જેથી પ્રેમી તેને અમદાવાદ રેલવે સ્ટેશન પર ઉતારીને ભાગી ગયો હતો.

સગીરા મળી આવતા પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે, પાડોસમાં રહેતા યુવકે પ્રેમનું નાટક કરીને સગીરાને ભગાડીને લુધિયાણા લઈ ગયો હતો. જોકે ત્યાં માતાની યાદ આવતા સગીરા રડવા લાગી હતી. આટલું જ નહીં પાડોશી યુવકે બે મહિના અગાઉ જ સગીરા સાથે સંબંધ પણ બાંધ્યા હતા. હાલમાં સમગ્ર મામલે પોલીસે નાસી છુટેલા યુવકની તપાસ હાથ ધરી છે.

નોંધનીય છે કે વર્ષ 2012માં શહેરના આનંદનગર વિસ્તારમાં રહેતી વિશ્વા ધોળા દિવસે ગુમ થઈ ત્યારે આખા શહેરમાં આ સમાચાર ખાસ્સા ચર્ચાસ્પદ બન્યા હતા. પોતાની સોસાયટીમાંથી જ 11 વર્ષની છોકરી કઈ રીતે ગુમ થાય તે સવાલ પોલીસની સાથે લગભગ દરેક અમદાવાદીને મૂંઝવણમાં મૂકી રહ્યો હતો. આ ઘટનાના 10 વર્ષ બાદ પણ પોલીસ વિશ્વાની કોઈ ભાળ નથી મેળવી શકી. હવે આ કેસ બંધ કરી રહી છે ત્યારે કદાચ વિશ્વા આખરે કઈ રીતે અને ક્યાં ગાયબ થઈ ગઈ તેનું રહસ્ય ક્યારેય નહીં ઉકેલાઈ શકે.

ગુજરાત વંદન
સંપાદકીય........

## યુક્રેનના મામલે રશિયાની દાદાગીરી સામે અમેરિકા પણ ઝુકી ગયું..!



દુનિયાના નકશામાં ટચુકડા બે નવા દેશો ઉમેરાયા છે. જો કે આ બે નવા દેશો પોતાની મરજીથી બનવાને બદલે એક દેશના ટુકડા કરીને પરાણે જબરજસ્તી બંદૂકના નાળચે બે નવા દેશો બનાવવાના પગલે દુનિયા આખીમાં ઘેરા પ્રત્યાઘાત પડે તે સ્વાભાવિક છે. આ મામલો છે યુકેન અને રશિયા વચ્ચેના લોહીયાળ ઘર્ષણ વચ્ચેનો.

એક સમયે યુક્રેન સહિતના અન્ય આસપાસના વિસ્તારો સોવિયેત રશિયાનો હિસ્સો હતો તે વખતે રશિયા પણ (યુએસએસઆર) દુનિયાની મહાસત્તા હતી. અમેરિકા અને રશિયા એમ બે મહાસત્તા હતી. દુનિયાના દેશો પણ બે મહાસત્તામાં વહેંચાયેલા હતા. ભારત રશિયાની સાથે હતું. 1980ના દાયકામાં રશિયાનું વિભાજન થયુ અને યુક્રેન સહિતના રાજ્યો અલગ દેશો બન્યા હતા. ત્યારથી રશિયા યુક્રેન પર કબ્જો જમાવવા માંગતુ હતું.

છેલ્લા ઘણાં સમયથી યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધના ભણકારા વાગતા હતા. અમેરિકાએ યુક્રેનનો પક્ષ લીધો અને રશિયાને સતત જોઇ લેવાની ધમકીઓ આપી. વિશ્વ યુધ્ધ ફાટી નિકળે એવી શક્યતાઓની વચ્ચે રશિયાએ અમેરિકાની ઐસીતૈસી કરીને યુક્રેનના બે ભાગ કરીને બે નવા દેશો પણ બનાવીને તેના પર કબ્જો લેવા પોતાના દળોને આદેશ આપ્યો અને ટૂંક સમયમાં નવા બે દેશો પર રશિયાનો કબ્જો થઇ જશે.

જગત જમાદાર અમેરિકા ઉપરાંત અન્ય દેશોએ પણ રશિયાને યુક્રેનના મામલે ઘણી ધમકીઓ આપી પણ રશિયાએ કોઇનીય બીક રાખ્યા વગર યુક્રેનના ટુકડા કરી નાંખ્યા અને અમેરિકા જોતુ રહી ગયું. અમેરિકા અને યુકે સહિતના દેશોએ રશિયા સામે પ્રતિબંધો લાદવાની જાહેરાતો કરી છે. પણ અબ પછતાયે હોત ક્યા જબ ચિડિયા ચુગ ગઇ ખેત...રશિયાએ તો પોતાની મનમાની કરી નાંખી. યુકેર્નમાં રશિયા તરફીઓને અલગ દેશ બનાવી આપ્યો અને બન્ને નવા દેશો સમય જતાં રશિયાની સાથે ભળી જશે.

રશિયાના સુપ્રિમો પુટિન રશિયાથી અલગ થયેલા પ્રાંતોને યુદ્ધનો ડર બતાવી ફરી એક વાર સોવિયેત રશિયા બનાવવા માંગે છે. ફરી સોવિયેત રશિયા બને તેની સામે કોઇને કોઇ વાંધો નથી. પણ યુધ્ધનો ડર બતાવીને પરાણે પોતાની સાથે જોડવાના પરિણામો ખૂબ સારા હોતા નથી. ભય સાથેની પ્રિત લાંબી ચાલતી નથી. ભારતની આસપાસ નેપાળ, શ્રીલંકા, મ્યાનમાર જેવા નાના દેશો આવેલા છે. પરંતુ આજદિન સુધી ભારતે તેમને ડરાવી ધમકાવીને કે યુધ્ધનો ડર બતાવીને તેમના પર કબ્જો જમાવવાનો પ્રયાસ ક્યારેય કર્યા નથી. ભારતની એ વિદેશ નીતિ જ નથી. હાં, ચીનની નીતિ વિસ્તારવાદી છે અને તેથી ભારતને પરેશાન કરી રહ્યું છે.

ભારતે રશિયાના મામલે જે નીતિ અપનાવીને વાતચીતથી હલ કાઢવા કહ્યું તે યોગ્ય જ છે. ભારત રશિયાની વિરૂધ્ધ જશે નહીં. જો કે યુક્રેનના મામલે રશિયાના પગલા સામે ભારતે વિરોધ ન કર્યો તે કદાજ અમેરિકાને નહીં ગમ્યુ હોય. પણ અમેરિકાને ગમે એવુ જ ભારતે કરવુ એવુ કાંઇ ભારતે લખીને આપ્યુ નથી. ભારત એક સ્વતંત્ર દેશ છે. તેની પોતાની વિદેશ નીતિ છે. ભારત અમેરિકા સાથે પણ સારા સંબંધો રાખવા માંગે છે તો રશિયા સાથે જુની દોસ્તીને પણ નિભાવવા માંગે છે. યુનોમાં જ્યારે યુક્રેન રશિયાના પગલા સામે ધા પોકાર કરશે અને વિશ્વ મત લેવાશે ત્યારે ભારત પોતાનો મત રજૂ કરશે.

હાલમાં તો રશિયા દ્વારા યુક્રેનના બે ટુકડા દર્શાવે છે કે રશિયાના સુપ્રિમો પુટિને અમેરિકાની ધમકીને પોતાના કોટના ખિસ્સામાં મૂકીને, જા તારાથી થાય તે કરી લે... ની ભાષામાં જવાબ આપ્યો છે. રશિયાએ પૂરવાર કર્યું કે દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહિયે. અમેરિકા હવે શું કરશે..?

### મારે કંઈક કેહવું છે...

## દુષણનું ઘર છે કપલબોક્સ...

કહેવાતી સંસ્કારોની છત્રીમાં વર્ષોથી અનેક રૂપ લઈને અનીતિ ચાલતી હતી ચાલે છે અને ભવિષ્યમાં ચાલશે.. ગરીબ કરે તે ગુનો અને અફસર નેતા કે મોટા સત્તાધિશો કરે તે લીલા જેવું છે જેની પાસે પૈસો અને પાવર છે તેનાં માટે મોટાં કોર્પોરેટ વ્યવસ્થાપકોની તમામ વ્યવસ્થાઓ છે. છેલ્લાં વર્ષોથી અનીતિ અને લાંચનું સ્વરૂપ પણ બદલાયું છે જેવું જેનું કામ તેવી રૂપિયાના બદલે હૈયા શાંતિની ઈચ્છીત વ્યવસ્થા સેટ કરનારનો ઉદ્યોગ અને અનીતિ ફૂલીફાલી છે તે વ્યવસ્થા કરી ધારેલા તમામ કામો સત્તા પાસે કરાવે. તે ઉપરાત તેનો ટેસ્ટ જાણી આજીવન તેને ગુલામ બનાવી મનમાની કરી દેશના કાયદા અને વ્યવસ્થાનો સત્યાનાશ કરાવે. વિપક્ષ કે વિરોધીનો અવાજ બંધ કરાવવા પણ આવો ઉદ્યોગ ભ્રષ્ટ સત્તા અને ધંધો ટકાવવા મદદ કરે છે તે કાવતરાં કાંડ કરવાની જવાબદારી લઈ ધારેલા કામ પાર પાડે છે. દેશને બદીઓથી બચાવવો મૂશ્કેલ છે. જાહેર જીવનમાં કામગીરી કરી જનતાનો વિસ્વાસ મેળવ્યો હોવાથી મોટી હસ્તીઓની કેવી ઓફરો પાર પાડી કોની પાસે કયા ધાર્યા કામ કરાવ્યા તેની ખાનગી માહિતિઓ પણ મળતી હોય છે. મારી આદત પ્રમાણે હું કોઈની પર્સનલ મેટરમાં ક્યારેય રસ લેતો નથી કે તેને ક્યારેય લીક કરતો નથી..પણ તે અનીતિનો શોખ ભોગવી જનતાનું અહિત કરે છે તે મને પણ પેટમાં દુઃખે છે.

-વિનોદ પંડ્યા

(આ વિભાગમાં રજૂ થયેલા વિચારો જે તે વાંચકોના છે. તેમની સાથે અમો સહમત છીએ એમ માની લેવું નહીં.- સંપાદક)

### કેનેડામાં ક્રિપ્ટો કરન્સી એક્સેચેન્જ ચલાવનાર પાસવર્ડ સાથે સિધાવી ગયો - ૧૩૭ મિલિયન ડોલર છૂમંતર...

# બિટકોઈનનો માલિક પાસવર્ડ સાથે દફન થઈ ગયો તો...?!

### બિટકોઈન રોકાણકાર રોમાનિયન નાગરિક મિર્સિયા પોપેસ્કુ દરિયામાં તણાઈ ગયો પાસવર્ડ સાથે...

બિઝનેસ ઇન્સાઇડરના એક અહેવાલ અનુસાર, રશિયા સાથે જોડાયેલા સાયબર અપરાધીઓએ વર્ષ 2021માં રેન્સમવેર હુમલાઓથી ક્રિપ્ટોકરન્સીમાં $400 મિલિયનની ખંડણીની કમાણી કરી હતી.

સાયબર અપરાધીઓ હુમલો કરીને તમામ સીસ્ટમ ઠપ્પ કરીને મનગમતી ખંડણીની રકમ માંગે તો સમજી શકાય પણ ક્રિપ્ટોકરન્સીમાં રોજે રોજ અબજો ડોલરનો કારોબાર ચલાવનાર મુખ્ય વ્યક્તિ અચાનક નિધન પામે, ગાયબ થઇ જાય અને તેણે સુરક્ષા માટે ઓનલાઇન એકસચેન્જના પાસવર્ડ કોઇને બતાવ્યાં ન હોય તો..?! બેંકો ડૂબી જાય તો મૂકેલા નાણાં પરત મળી શકે. નિરવ મોદી, મેહુલ ચોકસી દ્વારા 13 હજાર કરોડ, વિજય માલ્યા દ્વારા 9 હજાર કરોડ અને હવે એબીજી શીપયાર્ડ દ્વારા 23 હજાર કરોડની ઠગાઇ સ્ટેટ બેંક સહિત વિવિધ બેંકો સાથે થઇ પણ આ બેંકોમાં જેમના નાણાં છે તેમને અસર નહીં થાય. પરંતુ ઓનલાઇન ક્રિપ્ટોકરન્સીમાં નાણાં રોકનારને જો મુખ્ય સૂત્રધાર જ ન રહે તો રાતીપાઇ પણ મળે તેમ નથી...!

ધારો કે વિવિધ 100 પ્રકારની ક્રિપ્ટોકરન્સીમાં મોખરે બિટકોઇનનો કારોબાર કરનાર મુખ્ય વ્યક્તિ જ ન રહે અને કોફિનમાં પાસવર્ડ સાથે દફન થઇ જાય તો..? જેમણે કરોડો રોક્યા છે તેઓ વાંચીને ધ્રુજી ઉઠે, રાત્રે ઉંઘ ના આવે અને હવે શું થશે..શું થશે એવા વિચારો વાગોળ્યા કરો એવી ગંભીર પરિસ્થિતિ કેનેડાના ક્વોડ્રીગાસીએક્સ કંપનીના 1.15 લાખ ક્રિપ્ટોકરન્સીના રોકાણકારોની થઇ જ્યારે મુખ્ય સંચાલક ગેરાલ્ડ કોટેન લગ્ન કરીને હનીમૂન મનાવવા ભારતમાં આવીને ઓનલાઇન એક્સચેન્જના પાસવર્ડ સાથે 2019માં કાયમ માટે પોઢી ગયો.... તેના રોકાણકારોના 137 મિલિયન ડોલર. હજુ સુધી પરત મળ્યા નથી. રોકાણકારો પૈકીના કેટલાક અને આવા કેસોની ઉંડાણથી રિપોર્ટીંગ કરનારા પત્રકારોનું માનવુ છે કે ગેરાલ્ડ જિવિત છે અને એક દિવસ તેની ધરપકડના સમાચાર આવશે..! પણ રોકાણકારોને ત્યારે તેમના નાં પરત મળશે..તો જવાબ છે કે નાહી નાંખો...

કેનેડાના ગેરાલ્ડના રસપ્રદ કેસ પર નજર નાંખીએ તે પહેલાં આ જ રીતે અચાનક નિધન પામનાર મુખ્ય બિટકોઈન રોકાણકાર રોમાનિયન નાગરિક મિર્સિયા પોપેસ્કુની ઘટનામાં 41 વર્ષિય પોપેસ્કુ 23 જૂન 2021ના રોજ વેકેશનમાં કોસ્ટારિકાના દરિયા કિનારે ફરવા ગયો અને દરિયાના વહેણમાં તણાઇને મૃત્યુ પામ્યો.. એક અહેવાલ મુજબ તે $2 બિલિયનથી વધુ મૂલ્યની ક્રિપ્ટોકરન્સીની સંપત્તિ પાછળ છોડી ગયો પણ. તેમના મૃત્યુ બાદ તેમના બિટકોઈનના નસીબનું શું થશે તે અંગેના પ્રશ્નો પણ પૂછાયા. તેમણે પોતાની પાસે 1 મિલિયન બિટકોઇન્સ હોવાનો દાવો કર્યો હતો. એક બિટકોઇનની કિંમત ભારતના રૂપિયામાં ગણીએ તો 30 લાખ રૂપિયા થાય તો એક મિલિયન એટલે 10 લાખ બિટકોઇનના કેટલા થાય..?! ટેલેટિકા.કોમના જણાવ્યાં અનુસાર, પોપેસ્કુ પ્લેયા હર્મોસા ખાતે ડૂબી ગયો અને તેના મૃત્યુથી તેના પ્રચંડ બિટકોઈન નસીબનું હવે શું થશે..તે સવાલ એક બિટકોઇનની કિંમત જેટલો તો કહી જ શકાય.

બિટકોઈન મેગેઝિન અનુસાર , પોપેસ્કુ, એક વિવાદાસ્પદ વ્યક્તિ હતો , જેને “બિટકોઈન ટોક્સિસીટીના પિતા” તરીકે ઓળખવામાં આવે છે, તેઓ 2012 માં MPEx નામનું “બિટકોઈન સિક્યોરિટીઝ એક્સચેન્જ” શરૂ કરવા માટે જાણીતા હતા. પણ દરિયામાં પાસવર્ડ સાથે તણાઇ ગયો હવે તેના બિટકોઇન કોને મળશે..?



કેનેડાના ગેરાલ્ડ કોટેનના નિધનના રહસ્યોને લઇને બે વર્ષ પછી પણ અનેક સવાલો હજુપણ થઇ રહ્યાં છે. કેનેડાના એક સીબીસી અખબારે તો તેનુ આખા જીવનને આવરીને લખ્યુ- ક્રિપ્ટોલેન્ડમાં મૃત્યુ....!

“ડર જે તમને ભયાનકતાથી ભરી દે છે.” એમ QCX-INT નામના એક ગ્રાહકે કેનેડાના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ કે જેમાં તેની પાસેના રોકડમાં છ આંકડાઓથી વધુની રકમ હતી. તેણે બે વર્ષ પહેલાં QuadrigaCX ના પતન બાદ પોતાની પ્રતિક્રિયા આ રીતે વર્ણવી હતી.



ગેરાલ્ડ કોટેને કેનેડામાં સૌથી મોટુ ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ શરૂ કર્યું હતું. થોડાક સમયમાં તેના રોકાણકારોની સંખ્યા એક લાખને પાર થઇ ગઇ. ક્રિપ્ટોમાં અઢળક કમાણી બાદ લગ્ન કર્યા અને લગ્નના એક મહિના બાદ તે 8 ડિસેમ્બર 2018માં હનીમૂન માટે ભારતની મુલાકાતે આવ્યો. કંપનીના 30 વર્ષીય સીઈઓ ગેરાલ્ડ કોટેન ભારતમાં હનીમૂન પર હતો ત્યારે વિચિત્ર સંજોગોમાં મૃત્યુ પામ્યો. તેના નિધનના સમાચાર રોકાણકારોને એક મહિના પછી જાન્યુઆરી 2019માં આપવામાં આવ્યાં હતા... .



હનીમૂન પર આવેલા 8 ડિસેમ્બરની સવારે, કોટેને 8 ડિસે.ના રોજ પેટમાં દુખાવાની ફરિયાદ કરી. તે દિવસે તે અને તેની પત્ની, જેનિફર રોબર્ટસન, જયપુરના લક્ઝરી રિસોર્ટ ઓબેરોય રાજવિલાસમાં સારવાર માટે તપાસ કરી અને સ્ટાફને જણાવ્યું કે તેની તબિયત સારી નથી. હોટેલના જનરલ મેનેજર તેમને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા અને 24 કલાકની અંદર કોટનને મૃત જાહેર કરવામાં આવ્યો...

તે વખતે કેટલીક વસ્તુઓએ વિચિત્ર વળાંક લીધો. અહેવાલો અનુસાર, એક ડૉક્ટરને તેના મૃત શરીરને એમ્બલમ કરવા માટે કહેવામાં આવ્યું હતું જેથી કેનેડા પરત લઇ જતી વખતે તે બગડે નહીં. અને તે એક સામાન્ય છે. પરંતુ તેમને ના પાડવામાં આવી. કર્યો. કારણ કે તેના મૃત શરીર પર દવા નહીં લગાવવાની વિનંતી હોસ્પિટલની નહીં પણ હોટલના કર્મચારી તરફથી આવી હતી... ત્યારબાદ કોટેનના મૃતદેહને લઈ જવામાં આવ્યો (જો કે તે કેવી રીતે લઇ જવાયો તે અસ્પષ્ટ છે) પણ બીજી સુવિધામાં તેના શબને એમ્બેલિંગ માટે સ્વીકારાયું હતું. કોટનના ભારત પ્રવાસ પછીના અઠવાડિયામાં, કંપનીએ મૃત્યુને ગુપ્ત રાખ્યું. તેનો કારોબાર હંમેશની જેમ ચાલી રહ્યો હતો, એક્સચેન્જે ગ્રાહક ભંડોળ સ્વીકારવાનું ચાલુ રાખ્યું હતું. ક્વાડ્રિગાસીએક્સને કોટનના મૃત્યુની જાહેરમાં જાહેરાત કરવામાં એક મહિના કરતાં વધુ સમય લાગ્યો હતો - અને રોકાણકારોના નાણાં જ્યાં તે મૂકતો હતો તેના પાસવર્ડ પોતે જાણતી નથી એમ કહેવામાં તેની પત્ની જેનિફર રોબર્ટસનને બીજા બે અઠવાડિયા લાગ્યા...

તેણીએ કહ્યું કે તેણીના પતિ એકમાત્ર વ્યક્તિ હતા જેમની પાસે પાસકોડ હતા. જેનીફરૈ કોર્ટમાં દાખલ કરેલ એફિડેવિટમાં આ ચોંકાવનારી કબૂલાત કરી અને તેના કારણે ઓનલાઈન અરાજકતા અને મૂંઝવણ શરૂ થઈ... લેણદારોમાં ગભરાટ હતો.... ગેરાલ્ડની કંપનીએ ઠાવકાઇથી ખુલાસો કર્યો- કે, “કોઈ [કોટેનની] ઉંમરના, પ્રમાણમાં યુવાન વ્યક્તિનું અચાનક મૃત્યુ થઈ જવું, તમે જાણો છો, લાખો ડોલરની ચાવીઓ-પાસવર્ડ્સ) પોતાની પાસે રાખવી, અમને લાગે છે કે મોટાભાગના લોકો માટે આઘાતજનક છે,” ત્યારથી તેના રોકાણકારો આઘાતમાં છે., જેમાં એવી અટકળોનો સમાવેશ થાય છે કે તેણે પોતાનું મૃત્યુ ઉપજાવી કાઢ્યુ હતુ અને તે આખુ પૂર્વનિયોજિત હતું....

તેમના બંને તારણોમાં જે સ્પષ્ટ હતું તે એ હતું કે ક્વાડ્રિગાની સંપત્તિમાં ઘટાડો કોટેનની છેતરપિંડીની પ્રવૃત્તિનું પરિણામ હતું. “ક્વાડ્રિગામાં જે બન્યું તે આધુનિક ટેક્નોલોજીમાં લપેટાયેલું જૂના જમાનાની છેતરપિંડી હતી,”

કેનેડાની એમી કેસ્ટર નામની પત્રકાર કહે છે કે “મને ખાતરી નથી કે તે મરી ગયો છે..,” કેસ્ટરે કહ્યું. “મને આશ્ચર્ય નહીં થાય જો એક દિવસ, તમે જાણી શકશો કે, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ તરફથી એક પ્રેસ રીલીઝ બહાર આવી જેમાં કહેવામાં આવ્યું હશે કે તેની(ગેરાલ્ડની) ક્યાંક ધરપકડ કરવામાં આવી છે. “ કેમ કે તે તે નાનપણથી જ પોન્ઝી [સ્કીમ્સ] ચલાવતો હતો...” હેલિફેક્સમાં દફનાવવામાં આવેલો મૃતદેહ ગેરાલ્ડ કોટનનો છે તે અંગે આરસીએમપી તરફથી અધિકૃત પુષ્ટિ થઇ નથી..., તે હજી પણ બહાર હોઈ શકે છે કે કેમ તે અંગે શંકાઓ યથાવત છે...ફરી ફરીને સવાલ- ધારો કે બિટકોઇનનો માલિક પાસવર્ડ સાથે દફન થઇ ગયો તો..?!

# વિશાળ સામ્રાજયની કિંમત એક લોટો પાણી

‘કોળિયો હમેશા મુખ ભણી જ વળે’ એવી ઉકિત ભલે જૂની હોય, પણ... તે સાચી છે. અણિશુદ્ધ સાચી છે. જે ખાય તે જ ધરાય. તમારા સંતોષના ઓડકાર તૃપ્તિની ગવાહી પૂરે છે. પરંતુ સાચો ઓડકાર એને કહીશું જે અન્યની ઉદર તૃપ્તિની આબોહવામાંથી આવ્યો હોય. ખવડાવીને ખાય તેનો ઓડકાર જ સાચો. બધા જ લોકો પોતાના કોળિયાના માલિક છે, પણ એ પૈકીના થોડાક લોકો ખવડાવીને ખાનારા છે.


સૌના કલ્યાણ માટે જે માનવ જીવે છે તેનું જીવન સાચું. પાંચ માણસને ખવડાવીને ખાનારો જણ ઈશ્વર તૂલ્ય બની રહે છે. ઘરનો મોભી અથવા કર્ણધાર જેની ફરજમાં આવે છે એટલે ઘરના સ્વજનોને ખવડાવવા માટે ઉદ્યમ કરે છે, અર્થાત ખવડાવીને ખાય છે એટલે એના ઓડકારમાં અમૃતનો અહેસાસ હશે પણ, જેઓ કોઈ સંસ્થા કે આશ્રમના ભૂખ્યા જનોને ખવડાવીને ખાય છે એટલે તેના ઓડકારના સંતોષથી વિશેષ કોઈ બાબત મોટી નથી. આ વિશ્વમાં ઘણા લોકો ભૂખ્યા સૂઈ જતા હશે. કેટલાકને માંડ એક ટંકનો રોટલો મળતો હશે તો કેટલાક તરસના શોષ સાથે જ સૂઈ જતા હશે.

આઠ-દસ કલાકની કાળી મજૂરી પછી ઘણા લોકો માંડ બટકું રોટલો ખાઈ શકતા હશે. એવા અનેક કમનસીબ લોકો હશે જેમને રાતે ઊંઘ આવતી નહીં હોય, કેમકે પેટમાંથી ઊઠતા ભૂખના અવાજો તેને ઊંઘવા દેતા નથી.

ભૂખ કોને કહેવાય તે તો જેણે ખાધુ ના હોય તે જ કહી શકે. કેટલીક કહેવતો અવશ્ય સાચી ગણવી પડે. જેમકે ઊંઘના જૂએ તૂટી ખાટ, ભૂખ ના જૂએ ટાઢો ભાત, ભૂખ કરતા ભીખ ભૂંડી, ભૂખ્યા પેટે ભજન નહીં થાય, પેટ કરાવે વેઠ, ભૂખ્યા જનની જઠરાગ્નિ ફાટે તો સઘળું સ્વાહા થાય, બ્રાહ્મણને ભૂખ્યો ના રખાય.

ભૂખ ભુંડી છે અને ભૂખથી અનેક લોકો મૃત્યુની સોડ તાણે છે, ભૂખ-તરસથી મરવા પડેલા એક બાળકની પાસે ગીધ ઊભું હતું, બાળક હજુ મર્યુ ન હતું, ગીધ વાટ જોતું હતું કે ક્યારે બાળક મરે ને તે એનો કોળિયો કરે. પણ, ગીધનું પેટ ભરાય તે પહેલા કોઈ ફોટો ગ્રાફરે આ ઘટનાની તસ્વીર ક્લિક કરી ઈનામ મેળવી, પોતાની ભૂખ ભાંગી હતી.

અનાથ આશ્રમો, વૃદ્ધાશ્રમો સમાજ માટે લાલબત્તી સમાન છે, આ આશ્રમો દુષ્ટ જીવાત્માઓની કુકૃપાનું પરિણામ છે. નારી સંરક્ષણ



ગૃહો પણ હૈયા દઝાડી જાય છે. ઘર સંસારથી દાઝેલા લોકો વૃદ્ધાશ્રમના બારણે પોકાર કરે છે, બહારના સંબંધોમાં અટવાયેલો માણસ, ઘરની નારીને તરછોડે છે, કોઈ અબળા કોઈ ત્યકતાને ધિક્કારાયેલ નારી ક્યાં જાય? બધા જ રસ્તા બંધ હોય ત્યારે આ નારી માટે નારી સંરક્ષણગૃહનું દ્વાર ઊઘડે છે. આ બધા કિસ્સામાં ભૂખનું દુઃખનું ઉપરાંત અન્ય કારણો ભાગ ભજવતા હોય છે.

દયાળુ લોકોની વાત કરીએ, આવા અનેક દયાળુઓ ઊભા થયેલા આશ્રમોમાં જઈને દાન કરી સંતુષ્ટ થાય તે આનંદની વાત ગણાય. દાન પુણ્ય કરનારા માણસો કેવળ પોતાના પેટની નહીં અન્યના પેટની પણ ફિકર કરી ખુદનો જીવનપથ અજવાળે છે. અહીં વાત થઈ સૌના કલ્યાણની, એટલે કે ખવડાવી ખાનારાની, પરહિત તરફ કરૂણા દાખવનારની.

### ઉર્જા ઉજાસની

**નટવર ગોહેલ**

ઘણાબધાની ભૂખ ભાંગે અને તરસના શોષને ઠારે તે માણસ વંદનીય ગણાય. બાયોકોનના ચેરપર્સન કિરણ શો મજુમદારે ગરીબ લોકોના ખોરાક તથા આરોગ્યસેવા માટે ખુલ્લા મનથી દાન કર્યું હતું. ગ્રામ્યધરાની તૃષા ઠારવા રોહિણી નીલકેણીએ નાણાકીય સહાય કરી ઉપરાંત ભોજન સહિતની પ્રવૃતિઓમાં ભોગ આપ્યો.

દેશમાં ઘણીબધી ઉતમ પ્રકારની સેવાઓ કરતી સંસ્થાઓ મૂક બનીને સેવાની જ્યોત પ્રગટાવતી રહી છે. ઘણી કંપનીઓ માનવતાના કામો કરી સેવાના અખંડ દીવાને પ્રજ્જવલિત રાખે છે.

દાન પુણ્ય કરનારી સંસ્થાઓ, કંપનીઓ કે વ્યકતિઓ આયોજનને નજર સમક્ષ રાખી પ્રેરક પ્રવૃતિઓ પાર પાડે છે ઈશ્વરની કૃપા દ્રષ્ટિને ઝીલવા આવો સેવાદાન પ્રવાહ ખળખળતો નથી કરતા.

માત્ર રાત-દિવસ મથી, મથામણ કરી સીધા કે આડકતરા કારસાઓ રચી, પડદા પાછળ રહી, પૈસાના જોરે અન્યની તિજોરીઓ લૂંટી, ખુદનો ભંડાર છલોછલ કરનારા માણસ કે માણસો સાચા અર્થમાં સુખી નથી. સુખી એ છે જે પરસેવો પાડી કમાય, અન્યનું કલ્યાણ કરે, પોતે ખાય અને ખવડાવે તે સાચો સુખી.

સિકંદર છેલ્લા શ્વાસે પોતાની સાથે શું લઈ ગયો? ખાલી હાથ, શું આવ્યું સાથે? આ વિશ્વ વિજેતાની નાનની કથામાં જે સાર છે, જે અર્ક છે તેને ભૂલશો નહીં. સિકંદર ભારત છોડી આગળ વધી રહ્યો હતો, માર્ગમાં એક સાદો સીધો માનવ મળ્યો અથવા કોઈ મહાત્મા કે ફકીર.

‘સિકંદર બે ત્રણ સવાલ કરું’? પેલા માણસે ખચકાટ વગર કહ્યું. સિકંદરે કહ્યું : જરૂર, બોલો, શું પૂછવું છે?’

‘માનો કે તમે રણમાં અટવાયા છો, જીવ તાળવે બંધાયો છે. એક લોટો પાણી મળી જાય તો કંઠ ભીનો થાય. તમને કોઈ એક લોટો પાણી આપે તો તમે શું આપો?’

‘મારું અડધુ સામ્રાજય’ ‘અને સમગ્ર સામ્રાજય માગે તો?’ ‘હું જીવવા માટે મારું વિશાળ સામ્રાજ્ય આપી દઉં, પણ, એ સમયે મારા માટે એક લોટો પાણી જ કિંમતી છે.’

પેલા મહાત્માએ હોઠ મલકાવી, ધીમેથી સિકંદરને કહ્યું: ‘એક લોટો પાણી એ વખતે કેટલો મોટો ભાગ ભજવી જાય છે? અહીં તમે વિચારી, તમારા વિશાળ સામ્રાજ્યની કિંમત કેટલી? એક લોટો પાણી..!’

એ મહાત્મા ચાલતા થયા.

તત્ક્ષણે સિકંદર નખશિખ સમસમી ગયો હતો. ભૂખ અને તરસ જ્યારે શરીરમાં આળશ મરડે છે ત્યારે માણસના તમામા સાધનો, આયુધો ખોખલા પુરવાર થાય છે.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act’.

ગૃહ રાજ્ય મંત્રીએ તપાસ સીઆઈડીને સોંપી

# રાજકોટમાં ભૂમાફિયાઓએ કારખાનેદારની કરી હત્યા

## સમયસર હત્યા કેસની તપાસ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો

ગુજરાત વંદન



યુનિવર્સિટી રોડ પરની રાધેક્રિષ્ના સોસાયટીમાં સસ્તા ભાવે મકાનો ખરીદવા ભૂમાફિયાઓએ ચાર વર્ષથી સોસાયટીના રહીશો પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું અને પાંચ દિવસ પૂર્વે રાત્રિના માથાભારે તત્વોએ ઇંટના ઘા ઝીંકી ધમાલ કરી હતી જેમાં કારખાનેદાર અવિનાશભાઇ કુરજીભાઇ ધુલેશિયા (ઉ.વ.50)ને ઇંટનો ઘા લાગતા તે બેભાન થઇ ગયા હતા અને ગુરુવારે રાત્રે તેમનું મોત નીપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. કારખાનેદારની ભૂમાફિયાઓએ કરેલી હત્યાથી વિસ્તારના લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને એક તબક્કે લાશ સ્વીકારવાનો પણ ઇનકાર કરી દીધો હતો.

વિસ્તારના લોકોએ સ્થાનિક પોલીસની કામગીરી સામે રોષ ઠાલવ્યો હતો. શનિવારે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કર્યું હતું કે, રાજકોટના અવિનાશભાઇ ધુલેશિયાની હત્યાની માહિતી મળી છે અને આગામી દિવસોમાં સીઆઇડી ક્રાઇમને આ કેસની તપાસ સોંપવામાં આવશે એટલું જ નહીં નિશ્ચિત સમયમાં હત્યા કેસની તપાસ પૂરી કરી મૃતકના પરિવારજનોને ન્યાય પણ અપાવાશે.

રાધેક્રિષ્ના સોસાયટીમાં ધમાલ કરી રવિ વાઢેર સહિત ચાર શખ્સે ઇંટના ઘા કરી કારખાનેદાર અવિનાશભાઇની હત્યા કરી હતી, આ અંગે નોંધાયેલી ફરિયાદમાં પોલીસે તપાસ કરતાં નાનામવાના મયૂરસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા, સાધુવાસવાણી રોડ પર રહેતા ભરત ઉર્ફે ભૂરો નારણ સોસા તથા મેઘમણી કોમ્પ્લેક્સમાં રહેતા અમિત રમેશ ભાણવડિયાની ભૂમિકા પણ બહાર આવી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ ચાવડાએ જણાવ્યું હતું કે, મયૂરસિંહ અને અમિત ભાણવડિયા પાસે લાઇસન્સ પરવાનો હોવાનું જાણવા મળતાં પોલીસ કમિશનર અગ્રવાલે અમિત ભાણવડિયાનો લાઇસન્સ પરવાનો રદ કરી દીધો છે તેમજ મયૂરસિંહ જાડેજાનો લાઇસન્સ પરવાનો રદ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ભૂમાફિયાઓ છેલ્લા ચાર વર્ષથી રાધેક્રિષ્ના સોસાયટીના લોકોને ત્રાસ આપી રહ્યા હતા, વિસ્તારના લોકોએ અનેક વખત પોલીસમાં અરજી કરી હતી પરંતુ તેની વાત કોઇ સાંભળતું નહોતું, મામલો હત્યા સુધી પહોંચ્યો હતો અને કારખાનેદાર અવિનાશભાઇની જિંદગીનો અકાળે અંત માથાભારે તત્વોએ લાવી દીધો હતો, હત્યાની ઘટનાના રાજ્યકક્ષાએ પડઘા પડતા ભૂમાફિયાઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા અને પોતાને બચાવવા માટે સોસાયટીમાં રહેતા લોકોના સંબંધીઓનો સંપર્ક શોધી તેમના મારફત મામલો થાળે પાડવાના ખેલ શરૂ કર્યા હતા, જોકે ચાર ચાર વર્ષથી અપાતા ત્રાસ અને નિર્દોષ વ્યક્તિની હત્યાથી ઉશ્કેરાયેલા લોકોએ આ મામલે ન્યાય નહીં મળે ત્યાં સુધી ઝંપશે નહીં તેવો હુંકાર કર્યો હતો.

# એક તરફી પ્રેમીના ત્રાસથી પરિણીતાનું અગ્નિસ્નાન

## ૮ દિવસ મોત સામે ઝઝૂમી અંતિમ શ્વાસ લીધા

ગુજરાત વંદન

સુરતના પાસોદરા વિસ્તારમાં પરિણીતાએ આગ ચાંપી આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. એક તરફી પ્રેમમાં અંધ બનેલ યુવક પરણીતાને હેરાન પરેશાન કરતો હતો. સતત હેરાનગતિ કરતા પરિણીતાએ આત્મહત્યા કરી છે. વધુ એક ઘટના બનતા પોલીસ કામગીરી સામે ઊભા થયા પ્રશ્નાર્થ. સમગ્ર મામલે કામરેજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મારનાર પરિણીતાએ પોતાની આપવીતી જણાવી હતી.



શહેરના કામરેજ વિસ્તારમાં પાસોદરા પાસે એક પરિણીતાએ રોમિયોના ટેલિફોનિક ત્રાસથી કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા 8 દિવસની સારવાર બાદ હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ લેતા પરીવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. લગ્નના અઢી વર્ષમાં દોઢ વર્ષથી યુવક ફોન ઉપર વાત કરવા દબાણ કરતો હોવાનું અને ગંદી ગાળો આપતો હોવાના ઓડિયો ક્લીપ સામે આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. પરિવારે કહ્યું હતું કે અમને ન્યાય આપો, સમાજમાં દીકરીઓને બચાવવા કડક પગલાં લેવા જોઈએ.

# અંજારની વ્યાજખોર બહેનોના આતંકથી યુવકનો આપઘાત

## વ્યાજખોર સગી બહેનો આખરે પોલીસ સકંજામાં, વધુ પૂછપરછ હાથ ધરાઇ

ગુજરાત વંદન



અંજારના યુવાનને વ્યાજના વિષચક્રમાં ફસાવી ઉંચો વ્યાજ વસુલ કરવા ધાકધમકીઓ કરી આપઘાત કરવા મજબુર કરનાર અંજારની બે વ્યાજખોર બહેનો આખરે પોલીસ સકંજામાં આવી હતી.

માહિતી મુજબ અંજારમાં રહેતા ઈરફાન અલીભાઈ સાંજીએ તા. 4/1ના અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, ફરીયાદીને ઉંચા વ્યાજે પૈસા આપી લીધેલા બે કોરા ચેક બાઉન્સ કરાવી ફરીયાદીને તથા ફરીયાદીના ભાઈ અનીશને જાનથી મારી નાંખવાની ધમકી આપી અવાર નવાર પૈસાની ઉઘરાણી કરી તેમજ બળજબરી પૂર્વક નાણાં કઢાવી લેવા ધમકીઓ આપવામાં આવી રહી હતી અને વધુ પૈસા ન આપી શકતા માનસિક ત્રાસ આપતા ફરીયાદીના ભાઈ અનીશે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.ફરિયાદીએ આરોપી આરતીબેન ઈશ્વરભાઈ ગોસ્વામી, રીયાબેન ઈશ્વરભાઈ ગોસ્વામી, તેજસ ઉર્ફે ચેતલો ઈશ્વરગર ગોસ્વામી, સોહીલ ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે ચચો જુશબ હીંગોરજા અને યાસીન ઉર્ફે જાસીર જુસબ હીંગોરજા વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ હતી. જે બાદથી લાંબા સમય સુધી આરોપીઓ પોલીસના હાથે ચડ્યા ન હતા અને પહેલા અંજારની સેશન્સ કોર્ટ અને ત્યાર બાદ હાઇકોર્ટ સુધી આગોતરા જામીન મેળવવા હવાતિયા માર્યા હતા. જે દરમ્યાન મેઘપર ફાટક પાસે આરોપી આરતી અને રીયા હાજર હોવાની બાતમી આધારે પોલીસે બંને બહેનોને ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરમાં લાખોટા તળાવ ખાતે હલકા ગાંઠિયાથી પક્ષીઓ પર મોતનું જોખમ

## ગાંઠિયામાં રહેલું હલકુ તેલ અને સોડા સિગલ પક્ષીઓ માટે અત્યંત ઘાતક

ગુજરાત વંદન

જામનગર શહેરની સાનસમા લાખોટા તળાવ ખાતે વિદેશી અસંખ્ય પક્ષીઓ આવે છે જે તેની શોભામાં વધારો કરે છે. જામનગરની પ્રજા ઉદાર અને સેવાભાવિ હોવાને નાતે આ પક્ષીઓને ચણ તેમજ ગાંઠિયા વગેરે ખવડાવે છે જે તેના માટે અત્યંત ઘાતક પુરવાર થાય છે અને તેનાથી પક્ષીઓ મૃત્યુ પામે છે.

ખરેખર તો મહાપાલિકાએ તળાવની પાળ અને આજુબાજુના વિસ્તારમાં વેચાણા સસ્તા ગાંઠિયા પર પ્રતિબંધ મૂકી તેના પર કડક કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગણી પર્યાવરણવાદીઓમાં ઉઠવા પામી છે.

લાખોટા તળાવમાં હાલ શિયાળો જ્યારે વિદાય લઈ રહ્યો છે ત્યારે સીગલ પક્ષીઓના ટોળેટોળા તળાવ ખાતે મહેમાન બન્યા છે.હાલ પક્ષીઓનો મુખ્ય ખોરાક જીવાત અને માછલીઓ હોય છે, પરંતુ પુણ્યમાં માનતા જામનગરવાસીઓ અજાણતા જ આ પક્ષીઓના જીવ લેવામાં નીમિત બને છે. ગાંઠિયામાં વપરાતો હલકો સોડા અને તેલના કારણે સીગલ પક્ષીઓના ગળામાં તેમજ પેટમાં ગાંઠ થઈ જાય છે અને તે તેને મૃત્યુ સુધી લઈ જાય છે.

થોડા સમય પહેલા મહાનગરપાલિકાએ આવા સસ્તા ગાંઠિયા વેચતા વેપારી અને લોકો ઉપર કાર્યવાહી હાથ ધરી હતી. પરંતુ થોડા દિવસની આ કામગીરી બાદ ફરી રાબેતા મુજબ બધુ ચાલુ થઈ ગયું અને ખૂલેઆમ હલકા ગાંઠિયા વેચાવા અને પક્ષીઓને ખવડાવવા લાગ્યા છે. આ ગાંઠિયા અત્યંત ઘાતક હોવાનું પર્યાવરણવાદીઓએ મહાપાલિકાને રજૂઆત કરીને કહ્યું છે છતાં પણ કોઈ પગલાં લેવાતા નથી અને જેના કારણે પક્ષીઓના જીવ જઈ રહ્યા છે.

## ધારાસભ્ય ગોવિંદ પટેલના પત્રનો પડઘો, રાજકોટના ૮ પીઆઈની આંતરિક બદલી

ગુજરાત વંદન

રાજકોટના પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ સામે તોડકાંડના આરોપ સાથે રાજકોટ દક્ષિણના ધારાસભ્ય ગોવિંદ પટેલે ગૃહમંત્રીને પત્ર લખ્યો હતો. આ લેટરબોંબને પગલે તપાસ સમિતિ રચાઈ હતી અને તેણે તપાસ પણ પૂર્ણ કરી દીધી છે. પરંતુ હજુ રિપોર્ટ આવ્યો નથી. દરમિયાનમાં પોલીસ કમિશનરે શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા 8 પીઆઈની આંતરિક બદલી કરી દીધી છે. આ બદલીઓને ધારાસભ્યના લેટર બોંબ સાથે જોડીને જોવામાં આવી રહી છે.

રેગિંગ કાંડમાં બે વિદ્યાર્થીઓની હકાલપટ્ટી, જવાબદાર શિક્ષક સામે કાર્યવાહી

# ધોરણ-૧૧ના વિદ્યાર્થીએ જુનિયર વિદ્યાર્થીને કમરપટ્ટાથી માર્યો માર

ગુજરાત વંદન



અમરેલીના ભંડારીયા ગામે નવોદય વિદ્યાલયમાં ધો.૯ના વિદ્યાર્થી સાથે રેગિંગ કાંડમાં વિદ્યાલય દ્વારા બે વિદ્યાર્થીઓને પાણીચુ આપી દેવાયું છે. તેમજ રેગિંગનો ભોગ બનેલ વિદ્યાર્થીના વાલીઓ દ્વારા ફરિયાદ નોંધાવાઈ હતી. જેમા અમરેલી તાલુકા પોલીસ દ્વારા આ કેસમાં સંકળાયેલાઓના નિવેદન લેવામા આવ્યા હતા અને બે બાળ આરોપીને ડિટેઈન કરવા માટે કાર્યવાહી કરવામા આવી રહી છે. તેમજ વિદ્યાયલ દ્વારા જવાબદાર શિક્ષક સામે પણ પગલા લેવામા આવશે.

વડિયા તાલુકાના સનાળી ગામનો વિદ્યાર્થી ધો.૯મા હોસ્ટેલમા રહી ભણે છે, તેની સાથે ધો.૧૧મા અભ્યાસ કરતા બીજા વિદ્યાર્થીઓએ દાદાગીરી કરી તેની પાસે કપડા ધોવડાવતા હતા. જયારે આ વિદ્યાર્થીએ કપડા ધોવાની ના પાડતા ધો.૧૧ની વિદ્યાર્થીઓએ કમરપટ્ટાથી માર મારતા સનાળીના આ વિદ્યાર્થીના પીઠ તેમજ બેસવાની જગ્યા પર ચાંભા પડી ગયા હતા. રેગિંગ ચાલુ રહેતા આ ભોગ બનનાર વિદ્યાર્થી હોસ્ટેલની દિવાલ કુદી ઘરે પહોંચી ગયો હતો. આ અંગે પરિવારને જણાવતા તેના વાલીઓએ પોલીસમા ફરિયાદ નોંધાવી હતી.



# સાપ્તાહિક રાશિફળ

કૌશલકુમાર • મો. નં.: 9979174751

**મેષ (અ,લ,ઈ)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમે તમારી સ્વાસ્થ્ય કુંડળીમાં ઘણા મહત્વપૂર્ણ અને સકારાત્મક ફેરફારો જોઈ શકો છો. આ સમય દરમિયાન તમારે કેટલાક અનિચ્છનીય ખર્ચાઓ કરવાની સંભાવના છે. જો કે, તમારી આવકમાં સતત વધારો થવાને કારણે, આ ખર્ચાઓની અસર તમારા જીવનમાં દેખાશે નહીં.

**વૃષભ (બ,વ,ઉ)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમે શારીરિક અને માનસિક બંને રીતે સારું અનુભવશો. આ સમયગાળા દરમિયાન નાણાંનો પ્રવાહ પ્રભાવિત થવાની સંભાવના છે. આ સમય દરમિયાન તમારે તમારી પોતાની આળસ છોડી દેવી પડશે અને સમય મળે ત્યારે શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈને તમારી જાતને ફ્રેશ રાખવાની જરૂર પડશે.

**મિથુન (ક,છ,ઘ)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયું આ સપ્તાહની શરૂઆતમાં જ તમારા જીવનમાં આવનારી તમામ આર્થિક સમસ્યાઓ દૂર થઈ જશે. આ અઠવાડિયું તમારી કારકિર્દીમાં વૃદ્ધિ લાવશે, આવી સ્થિતિમાં, તમારા માટે તમારા કરિયરનું વ્યવસ્થિત આયોજન કરવું વધુ સારું રહેશે..

**કર્ક (ડ,હ)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે આ ઊર્જાની સૌથી વધુ જરૂર પડશે. આ અઠવાડિયે તમારે તમારા પહેલાના સમયની ભૂલોનો ભોગ બનવું પડી શકે છે. અઠવાડિયે તમારી કારકિર્દીમાં તમારી સાથે પણ એવું જ થવાનું છે. તેથી સાવચેત રહેવું એ તમારો એકમાત્ર વિકલ્પ હશે.

**સિંહ (મ,ટ)** શ્રી ગણેશજી કહે છે આ સમય દરમિયાન, તમે તમારા પરિવારના સભ્યો સાથે સમાજના હિત માટે કોઈ પણ કાર્ય કરી શકો છો, જેનાથી તમારું સન્માન અને સન્માન ખૂબ જ વધશે. આ સમય દરમિયાન, તમે ધાર્મિક કાર્યોમાં પણ સક્રિયપણે ભાગ લેતા જોવા મળશે. આ અઠવાડિયે તમારે ઘણી નાની-મોટી અવરોધોનો સામનો કરવો પડી શકે છે. પરંતુ તેમ છતાં, આ અઠવાડિયું તમારા માટે ઘણી નવી સિદ્ધિઓ લઈને આવવા તરફ પણ ઈશારો કરી રહ્યું છે.

**કન્યા (પ,ઠ,ણ)** શ્રી ગણેશજી કહે છે આ સપ્તાહે તમે આ કાર્યમાં સંપૂર્ણ સફળતા મેળવી શકો છો. આ સંદર્ભમાં, તમને સલાહ આપવામાં આવે છે કે તમે તમારા સ્વપ્નને પૂર્ણ કરવા માટે તમારા શ્રેષ્ઠ પ્રયાસો કરો કારણ કે આ સમયગાળા દરમિયાન, વિશેષ અનુકૂળ યોગો રચાતા જોવા મળે છે.

**તુલા (ર,ત)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમારી આવક કરતાં વધુ ખર્ચ કરતા જોવા મળશે. યોગ્ય સમયગાળાની રાહ જુઓ. આ અઠવાડિયે, મહત્તમ ગ્રહોની દૃષ્ટિ તમને ભાગ્યનો સાથ આપવાનું કામ કરશે. જેના કારણે તમને તમારી કારકિર્દીમાં સફળતા મળશે.

**વૃશ્ચિક (ન,ય)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે ઘણો તણાવ આપી શકે છે. આ સમય દરમિયાન તમે દરેક કામ નવી ઉર્જા અને તાકાતથી કરી શકશો. જો તમે રાજકારણ કે સમાજ સેવાનો અભ્યાસ કરી રહ્યા છો તો આ સમય તમારા માટે શ્રેષ્ઠ રહેશે.

**ધન (ભ,ધ,ફ)** શ્રી ગણેશજી કહે છે આ સપ્તાહ તમારા સ્વાસ્થ્યમાં ઘણા સુધારાઓ લાવશે. પરંતુ આ માટે તમારે તમારી જાતને તમારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર કાઢીને શારીરિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાની જરૂર પડશે. આ અઠવાડિયે કોઈ રોકાણ કરશો તો આર્થિક નુકસાન લગભગ નિશ્ચિત છે. તેથી, અન્યના કહેવા પર તમારા પૈસા ક્યાંય મૂકવાનું ટાળો અને સમજદારીથી કામ કરો.

**મકર (ખ,જ)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે નોકરી કરતા લોકોની આવકમાં વધારો થવાની સંભાવના છે. તમને તમારી મહેનતના કારણે પગાર વધારાના સારા સમાચાર મળશે. તમારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થશે. ઉપરાંત, આ પછી અન્ય કર્મચારીઓ પણ તમને વધુ સન્માનથી જોશે.

**કુંભ (ગ,સ,શ,ષ)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમારે પહેલા કરતા સારા સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સાવચેત રહેવાની જરૂર પડશે. આ અઠવાડિયે તમારે તમારી કારકિર્દી પર વધુ ધ્યાન આપવાની જરૂર પડશે, આવી સ્થિતિમાં, એકાગ્રતાના અભાવને કારણે તમે ભૂલો પણ કરી શકો છો. તમારે સખત મહેનત કરવી પડશે.

**મીન (દ,ચ,ઝ)** શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે, તમે કોઈ મોટો સોદો મેળવીને કોઈ મોટો ફાયદો મેળવી શકો છો. તમારા ઉપરી અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તરફથી સંપૂર્ણ પ્રશંસા અને સહયોગ મળશે, તમને પ્રમોશન પણ મળી શકે છે. આ સિવાય તમારા દ્વારા કરવામાં આવેલ યાત્રાઓ પણ આ સમયગાળા દરમિયાન તમને ઘણો ફાયદો કરાવશે.

ઉપલેટાના સમઢીયાળા ગામની ઘટના

# ૩ વર્ષની પુત્રી ઉપર સાવકા પિતાનો જુલમ

## પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી

ગુજરાત વંદન



રાજકોટમાં માનવતાને શર્મશાર કરતો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં ઉપલેટાના પાટણવાવ ગામે ૩ વર્ષની પુત્રી ઉપર સાવકા પિતા અને તેના સંબંધીએ જુલમ ગુજાર્યો છે. બાળકીના પેટમાં પાટા મારી ગુપ્ત ભાગે ચિટલી ભરી હોવાનું ખુલતા ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બાળકીની માતાએ પાટણવાવ પોલીસ મથકે ફરિયાદ આપતા પોકસો સહિતની કલમો હેઠળ સાવકા પિતા ધર્મેશ ચુડાસમા અને તેના સંબંધી સંજય મુછળીયા સામે ગુનો દાખલ થયો છે. આ તરફ ગુપ્તભાગે ઇજા પહોંચી હોય બાળકીને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ છે.

પરીક્ષામાં નાપાસ થયેલા લોકોને મળી ગયા ઓર્ડર!

# રાજકોટ મહાનગરપાલિકાની જુનિયર ક્લાર્કની ભરતીમાં વિવાદ

## વિવાદ બાદ રાજકોટ મનપાએ સિલેક્ટ ઉમેદવારોની યાદી સુધારી

ગુજરાત વંદન

રાજકોટમાં મનપા જુનિયર ક્લાર્કની ભરતીને લઈને વિવાદ ઉભો થયો છે. જેમા 27 નાપાસ પરીક્ષાર્થીઓને હાજર થવા ઓર્ડર આપવામાં આવ્યો જેના કારણે આ સમગ્ર મામલે વિવાદ વકર્યો છે. 122 જુનિયર ક્લાર્કની ભરતીમાં ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ થયો છે. જેથી આ ભરતી વિવાદને લઈને ફરી રાજકોટ ચર્ચામાં આવ્યું છે.

સમગ્ર મુદ્દે હાલ સોશિયલ મીડિયામાં વીડિયો પોસ્ટ કરીને આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જેમા સીપીટીની પરિક્ષામાં ફેલ થયેલા લોકોની નિમણૂંકને લઈને આક્ષેપ કરવામાં આવ્યા છે. 27 જેટલા પરીક્ષાર્થીઓ કે જેઓ નાપાસ થયા હતા તેમને હાજર થવા ઓર્ડર આપવામાં આવ્યા તેવા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. જોકે, આ અંગે અહેવાલ બહાર આવ્યા બાદ તાત્કાલિક ધોરણે પરિણામ હટાવાયુ હતું. રાજકોટ મનપાએ સિલેક્ટ ઉમેદવારોની યાદી સુધારી હતી. જુનિયર ક્લર્કની ભરતીના પાસ ઉમેદવારોની યાદી સુધારી દેવાઈ હતી.

નાપાસ થયેલા અને જે ઉમેદવારો સીપીટી આપી નથી તેમના નામ લિસ્ટમાં આવતા વિરોધ ઉઠ્યો હતો. ત્યારે આવા ઉમેદવારોને 6 મહિનામાં સીપીટી પાસ કરવની મુદ્દત અપાતા અન્ય ઉમેવારોમાં રોષ છે. તેઓએ વિરોધ નોંધાવ્યો કે, આ ભરતી નિયમોથી તદ્દન વિરુદ્ધ છે. ઉમેદવારોએ સવાલ ઉઠાવ્યો હતો કે, જો તમારે લેખીત પરીક્ષા પર જ મેરીટ બનાવવું હતું, તો પછી સીપીટી કેમ લેવામાં આવી?

# કીર્તિદાન ગઢવી, જિજ્ઞેશ બારોટના ડાયરાની રમઝટ વચ્ચે થયા 'ભડાકા'

## યુવકે બંદૂક કાઢી હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું, પોલીસ દોડતી થઈ

ગુજરાત વંદન




રાજ્યમાં અવાર નવાર ફાયરિંગના વીડિયો વાયરલ થતાં હોય છે. જેમાં કોઇ લગ્ન પ્રસંગ હોય, જન્મદિવસની ઉજવણી હોય કે અન્ય કોઇ ધાર્મિક પ્રસંગ હોય, જેવા કે ડાયરાઓ... આવા પ્રસંગોમાં કેટલાંક ઉત્સાહીત થઇ હવામાં ગોળીઓ ચલાવતા હોય છે. જો કે સામે પોલીસ પણ કાયદાઓનું ભાન કરાવી ફાયરિંગ કરનાર સામે કાર્યવાહી કરતી હોય છે. ત્યારે હાલ સોશિયલ મીડિયામાં વધુ એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં ચાલુ ડાયરામાં એક યુવક હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરતો નજરે ચડ્યો હતો. એટલું જ નહીં ડાયરામાં ઉપસ્થિત કલાકારો પણ ફાયરિંગને લઇ ડઘાઇ ગયા હતા. વીડિયો અંકલેશ્વરનો હાવોનું સામે આવ્યું હતું. આ ડાયરામાં ભાજપના પ્રમુખ પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વરના પાનોલીમાં રવિવારે યોજાયેલા ડાયરાનો એક વાયરલ વીડિયો સામે આવ્યો હતો. આ લોકડાયરામાં શોર્યગીતોથી એક યુવક એટલો જનૂનમાં આવી ગયો કે પોતાની પાસે રહેલી બંદૂક કાઢી અને હવામાં ભડાકા કર્યા હતા. અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા આ લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવસે રક્તદાન સહિતના સમાજ ઉપયોગી કાર્યક્રમ યોજાયા હતા. રાત્રિના સમયે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકગાયક કીર્તિદાન ગઢવી, ઋષિ અગ્રવાલ, દિલીપ પટેલ અને જિજ્ઞેશ બારોટે ભજનોની રમઝટ બોલાવી હતી. આ ધર્મ સંમેલનમાં પ્રદેશ ભાજપ-પ્રમુખ સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા તેમજ રક્તદાન થકી પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટીલની તુલા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે લોકડાયરામાં ફાયરિંગની ઘટના બની એ સમયે પ્રદેશ અધ્યક્ષ હાજર નહતો. તેઓ ચાલ્યા ગયા હતા, એ બાદ લોકડાયરામાં ફાયરિંગની ઘટના બની હતી.

# સુરતની શાળામાં વિદ્યાર્થિનીઓના હિજાબ પહેરવા પર ભારે હંગામો

ગુજરાત વંદન

સુરતના વરાછા વિસ્તારની એક શાળામાં હિજાબ પહેરીને વિદ્યાર્થિનીઓ આવતાં વિવાદ સર્જાયો છે. સ્થાનિક રહેવાસીઓ અને અનેક હિન્દુ સંગઠનોએ તેનો વિરોધ કર્યો છે. હિંદુ સંગઠનના આગેવાનો શાળાની બહાર એકઠા થયા હતા અને દેખાવો કર્યા હતા. જે બાદ પોલીસે હિંદુ સંગઠનના 8 થી વધુ કાર્યકરોની ધરપકડ કરી હતી. મળતી માહિતી મુજબ કર્ણાટકમાં સ્કૂલ ડ્રેસ કોડ જાહેર થયા બાદ હિજાબ પહેરેલી વિદ્યાર્થિનીઓનો ભારે વિરોધ થયો હતો. જે બાદ દેશભરમાં આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે. હાલ મામલો સુપ્રીમ કોર્ટમાં છે. આ સાથે જ ગુજરાતમાં પણ હિજાબની ચર્ચા શરૂ થઈ ગઈ છે. મંગળવારે સુરતની એક શાળામાં કેટલીક વિદ્યાર્થિનીઓ હિજાબ પહેરીને આવી હતી. જેના કારણે હિંદુ સંગઠનોએ શાળાની બહાર પહોંચીને ઉગ્ર વિરોધ કર્યો હતો.



ઘટનાની જાણ થતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો. પોલીસે વિરોધ કરી રહેલા 8 થી વધુ કાર્યકરોની ધરપકડ કરી હતી.

વિશ્વ હિન્દુ પરિષદના જણાવ્યા અનુસાર ગુજરાતને શાહીન બાગ બનાવવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. ધર્મના નામે લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. શાળાએ આવતા બાળકોને ધાર્મિક રીતે ઉશ્કેરવામાં આવી રહ્યા છે. બાળકો હિજાબ પહેરીને કેવી રીતે શાળાએ આવી શકે?

# યુપી...

(પહેલા પાનાનું ચાલુ)

છે. અગાઉ પાઠક 2017માં લખનઉ સોન્ટ્રલથી જીતી વિધાનસભા પહોંચ્યા હતા. યોગી કેબિનેટના વધુ એક મંત્રી શહેરી વિકાસ પ્રધાન આશુતોષ ટંડનના ભાગ્યનો પણ ફેંસલો થવાનો છે. તેઓ લખનઉ પૂર્વની બેઠક પર ઊભા છે. તેમની સામે સપાના રાષ્ટ્રીય પ્રવક્તા અનુરાગ ભદૌરિયા ટક્કર આપી રહ્યા છે.

જ્યારે લખનઉની સરોજની બેઠક પરથી ભાજપે ઇડીના પૂર્વ સંયુક્ત ડાયરેક્ટર રાજેશ્વર સિંહને ટિકિટ આપી છે. તેઓ સપાના ઉમેદવાર અભિષેક સામે લડી રહ્યા છે. નોંધનીય છે કે ભાજપે 2017માં લખનઉની 9માંથી 8 બેઠકો જીતી હતી.

કોંગ્રેસે લખીમપુરની ચર્ચાસ્પદ બેઠક પર રેપ પીડિતાની માતા આશા સિંહને ટિકિટ આપી. તેમની ટક્કર ભાજપના ધારાસભ્ય પંકજ ગુપ્તા સામે છે. લખીમપુરની તમામ બેઠકો ભાજપે ગત ચૂંટણીમાં જીતી હતી.

નોંધનીય છે કે યુપીમાં ચોથા તબક્કાનું મતદાન આજે સંપન્ન થઇ જશે. ત્યાર બાદ વધુ ત્રણ તબક્કા માટે 27 ફેબ્રુઆરીએ ને3, 7 માર્ચે મતદાન થવાનું છે. ચૂંટણી પુરી થયા બાદ યૂપી સાથે અન્ય ચાર વિધાનસભા પંજાબ, ગોવા ઉત્તરાખંડ અને મણિપુરની ચૂંટણીના પરિણામો 10માર્ચે જાહેર થશે.

# ૫૦૦..

( છેલ્લા પાનાનું ચાલુ)

મંજુરી આપી દીધી હતી. 500 કરોડના કૌભાંડમાં કોંગ્રેસે વિજય રૂપાણી અને શહેર ભાજપના આગેવાન નીતીન ભારદ્વાજ સામે આંગળી ચીંધતા એમ કહ્યું હતું કે બંનેને આગ્રહના કારણે જ ઝોન ફેરફારની દરખાસ્તને મંજુરી આપવામાં આવી હતી.

વધુમાં આરોપ લગાવતા કહ્યું હતું કે, કહ્યું કે રૂડાની 156મી બોર્ડ મીટીંગમાં ઠરાવ નં. 1788 થી ઠરાવ કરી 31-1-2019થી ઝોન ફેરફારની દરખાસ્તો શહેરી વિકાસ વિભાગને મોકલવામાં આવી હતી. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી શહેરી વિકાસ વિભાગનો હવાલો સંભાળતા હતા. તેઓએ આ દરખાસ્ત સ્વીકારીને ઝોન ફેરફારનું પ્રાથમીક જાહેરનામુ પ્રસિદ્ધ કરવા મંજુરી આપી દીધી હતી. આ જાહેરનામાને આખરી કરવા માટે વિજય રૂપાણી, નિતીન ભારદ્વાજ તથા ભાજપના આગેવાનોના આગ્રહને વશ થઈને 28-5-2021ના રોજ મંજુરી આપવામાં આવી હતી અને તેના આધારે શહેરી વિકાસ વિભાગે 8-6-2021ના રોજ આખરી જાહેરનામુ પ્રસિદ્ધ કરી દીધુ હતું.

# ચૂંટણી..

(પહેલા પાનાનું ચાલુ)

ઓનલાઈન ક્લાસ તેમજ કોચિંગ સંસ્થાઓ પણ બંધ કરી દેવામાં આવી છે.

નોંધનીય છે કે, વિજ વિભાગના ખાનગીકરણને કારણે કર્મચારીઓ તેનો વિરોધ કરી રહ્યા છે. આ મામલે કેન્દ્ર શાસિત પ્રદેશના સલાહકાર ધર્મપાલે વિજળી કર્મચારી સંઘની સાથે બેઠક કરીને હડતાલને પૂરી કરવા રાજી કર્યો છે. પરંતુ અત્યાર સુધી આ મામલે કોઈ સમાધાન નથી કરવામાં આવ્યું. પ્રદર્શન કરી રહેલા કર્મચારીઓને ડર છે કે ખાનગીકરણને કારણે તેમની સેવા અને શરતોમાં બદલાવ આવશે સાથેજ વીજળીના દર પણ વધશે.

ચંદીગઢ પ્રશાસન દ્વારા આ મામલે આવશ્યક સેવા અનુરક્ષક અધિનિયમ લાગૂ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા પણ હસ્તક્ષેપ કરીને કહેવામાં આવ્યું કે ચંદીગઢના મોટા ભાગના વિસ્તારોમાં વિજળીની અછત જોવા મળી છે.

પ્રશાસનના વકીલ અનિલ મહેતા દ્વારા ન્યાયાદીશોને કહેવામાં આવ્યું કે કર્મચારી દ્વારા તોડફોડ કરવામાં આવી હતી જેના કારણે વિજળીની અછત સર્જાઈ છે.

# ગુજરાત...

( છેલ્લા પાનાનું ચાલુ)

બધાએ 'નો કોમેન્ટ' કહીને મૌન સેવ્યું હતું.

દસ્તાવેજો મુજબ અત્યાર સુધીમાં કોલ ઈન્ડિયાની ખાણોમાંથી ગુજરાતના વેપારીઓ અને નાના ઉદ્યોગોના નામે 60 લાખ ટન કોલસો મોકલવામાં આવ્યો છે. તેની સરેરાશ કિંમત 3000 રૂપિયા પ્રતિ ટન હિસાબથી 1800 કરોડ રૂપિયા થાય છે. પરંતુ તેને વેપારીઓ અને ઉદ્યોગોને વેચવાને બદલે 8 થી 10 હજાર રૂપિયા પ્રતિ ટનના ભાવે અન્ય રાજ્યોમાં વેચીને તેનું કાળાબજાર કરવામાં આવ્યું છે.

ખોટા નામથી ચાલતી અથવા જેનું અસ્તિત્વ જ નથી એવી એજન્સીઓ અને ગુજરાત સરકારના કેટલાક અધિકારીઓ-પદાધિકારીઓ સાથે મળીને આ કૌભાંડ ચલાવી રહ્યા છે. આ અંગે કેન્દ્ર સરકારના કોલસા મંત્રાલયના સચિવ અનિલ જૈને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે નીમેલી એજન્સીઓ (એસએનએ) ને કોલસો અપાઇ જાય પછી અમારી ભૂમિકા પૂરી થઇ જાય છે. બીજી બીજુ કોલ ઈન્ડિયાના નિદેશક સત્યેન્દ્ર તિવારીએ કહ્યું કે, એજન્સીઓને નિયુકત કરવી રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગની જવાબદારી છે એટલું જ નહીં આ અંતર્ગત કોઈ મામલો આવે તો રાજ્યના ગૃહ વિભાગના ધ્યાન પર લાવવામાં આવે.

એજન્સીઓ દર વર્ષે ગુજરાતના લાભાર્થી ઉદ્યોગોના નામથી કોલસાનો જથ્થો કોલ ઈન્ડિયા પાસેથી ખરીદે તો છે, પરંતુ એને લાભાર્થીઓને આપવાને બદલે ખુલ્લા બજારમાં ઊંચા ભાવે વેચી અબજો રૂપિયાની કમાણી ઓહિયા કરી ગયા છે. આ ખેલ માટે આ એજન્સીઓએ નકલી બિલ બનાવી ઈન્કમટેક્સ, સેલ્સટેક્સ અને જીએસટીમાં પણ ચોરી કરાઈ હોવાની સંભાવના છે.

# IAS...

(પહેલા પાનાનું ચાલુ)

તોયબાની સામે કેસ નોંધાયા હતો જેમાં તપાસ એ કરવાની હતી કે આ આતંકી સંગઠન કાશ્મિરમાં ભારતમાં અન્યત્ર બોંબ ધડાકા અને અન્ય દેશવિરોધી કાવતરાંને અંજામ આપતી વખતે તેની સાથે ક્યાં કોણ જોડાયેલા છે કે જે આતંકી સંગઠનને મદદ કરે છે. નેગીએ કેસની માહિતી અને એનઆઇએના ગુપ્ત દસ્તાવેજો લીક કર્યાનો ગંભીર આરોપ મૂકાયો છે. નેગીની ધરપકડ કરવામાં આવી છે.

દવિન્દરસિંગ, જમ્મુ-કાશ્મિર પોલીસના શૌર્યચક્ર પુરસ્કિાર વિજેતા સિનિયર અધિકારી, ડીવાયએસપી. જાન્યુ. 2020માં કાશ્મિરમાં બે આતંકીઓને પોતાની સાથે કારમાં લઇ જતાં ઝડપાયો. તેમની કારમાંથી પ્રતિબંધિત એ.કે.47 એસોલ્ટ રાઇફલ અને કેટલાક હેન્ડ ગ્રેનેડ પણ મળી આવ્યાં. તેમની સાથખે ખતરનાક આતંકીઓ જોઇને તેમની કારને રોકનારા પેલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. કોઇ મિશનના ભાગરૂપે તેમને લઇ જઉ છુ એવો લૂલો બચાવ કર્યો. પણ અંતે ધરપકડ અને જેલમાં.

બનાવની ગંભીરતા એટલી ખતરનાક હતી કે જમ્મુ કાશ્મિર સરકારે તેમને સસ્પેન્ડ કર્યા બાદ તેમની સામે ખાતાકિય તપાસ વગેરે. કરવાને બદલે કાયદાની વિશેષ જોગવાઓનો ઉપયોગ કરીને તેમને સાંભળ્યા વગર જ બારોબાર નોકરીમાંથી ડિસમિસ કરવામાં આવ્યાં. તેમની સાથે જે બે આતંકીઓ ઝડપાયા હતા તે નવીદ બાબુ અને ફી અહમદ રાધેર તેઓ કાશ્મિરના ખતરનાક આતંકી સંગઠન હિઝબુલ મુજાહુદિનની સાથે જોડાયેલા હતા. આ સમગ્ર કેસ એનઆઇએને સોંપવામાં આવ્યો છે.

મુંબઇના પૂર્વ પોલીસ કમિશનર પરમબિરસિંગ, આઇપીએસ. તેમની સામે તોડબાજીની અનેક ફરિયાદો મુંબઇ અને થાણેમાં નોંધાઇ છે. પરમબિરસિંગે મહારાષ્ટ્રના હોમ મિનિસ્ટર અનિલ દેશમુખની સામે 100 કરોડની વસૂલીનો આરોપ લગાવ્યાં બાદ તેમની સામે આ ફરિયાદો નોંધાઇ છે. દેખીતી રીતે પ્રથમ દ્રષ્ટિએ કોઇને પણ એમ લાગે કે તેમની સામે બદલાની કાર્યવાહીરૂપે કેસો કરાયા હશે. જો કે આ આઇપીએસ તેમની સામે કરાયેલી કાર્યવાહીનો સામનો કરી રહ્યાં છે. અને દિવસો સુધી ધરપકડ ટાળવા સંતાઇને રહેવુ પડ્યુ હતું.

યુપીમાં એક આઇપીએસ અમિતાભ ઠાકૂરની એક મહિલાને આત્મહત્યા માટે મજબૂર કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી.

ભારતીય વહીવટી સેવામાં આઇએએસ અને આઇપીએસ કેડર ઉચ્ચ સ્તરીય છે અને વહીવટી સેવામાં તેનાથી ઉપર કોઇ કેડર જ નથી. જેમના હાથમાં એવા નિર્ણયો લેવાની સત્તા છે કે જેની સીધી અસર લોકોના જીવન પર પડી શકે એ કેડરના અધિકારીઓ અને તેમાં પણ નેગી જેવા આઇપીએસ પાકિસ્તાનની એજન્સીને લશ્કર-એ-તૌયબા સામેની તપાસની ગુપ્ત માહિતી દુશ્મન દેશ પાકિસ્તાનને આપી દે તેનાથી મોટો કોઇ ગુનો નથી. એક રીતે તે દેશ સાથેની ગદ્દારી જ કહી શકાય. નેગીની પૂછપરછમાં વધુ કોઇ ચોંકાવનારી માહિતી આવે તેની રાહ જોવી પડે.

એક ગંદી મછલી સારે તાલાબ કો ગંદા કરતી હૈ.. કહેવત અનુસાર નેગી-દવિન્દર-પરમબિર જેવા આઇપીએસ અધિકારીઓના કથિત કાળા કરતૂતોના કારણે આખી કેડર પર ડાઘ લાગે અને લાગ્યો છે. આઇપીએસ પરમબિરસિંગ કરતાં નેગી અને દવિન્દરે જે કર્યું તે દેશને ખતરામાં મૂકી દે એવા કૃત્યો આચર્યાના આરોપો ફેડરલ તપાસ એજન્સીઓ દ્વારા મૂકવામાં આવ્યાં છે. બન્નેની સામે તાકીદે કામ ચલાવીને યોગ્ય રાહે સજા થશે તો જ અન્ય ઉચ્ચ કેડરના અધિકારીઓમાં ફફડાટ બેસશે. નહીંતર તો, ચલતા હૈ તો ચલને દો.. જૈસી કરની-વૈસી ભરતની.. આપણે મોજથી ગાઇએ- કચ્ચા બાદામ દાદા કચ્ચા બાદામ....

# સુપ્રીમે...

(પહેલા પાનાનું ચાલુ)

આવી અરજીઓને કારણે બાળકોમાં ભ્રમ પેદા થાય છે. અરજદાર દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે કોરોનાના કારણે આ વખતે બાળકોએ ઓનલાઈન અભ્યાસ કર્યો છે. હજુ પણ કોરોનાનો ખતરો સમાપ્ત નથી થયો જેથી બાળકોનું મૂલ્યાંકન કરવા માટે કોઈ બીજો રસ્તો કાઢવો જોઈએ.

જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ દિનેશ માહેશ્વરી અને જસ્ટિસ સીટી રવિકુમારની બેન્ચે કહ્યું કે, 'તમારી અરજી પર વિચાર કરવાનો અર્થ એ છે કે, વધારે મૂંઝવણ ઊભી કરવી છે. પહેલેથી જ જાહેર હિતની અરજીના નામે આ અરજી દાખલ કરીને તમે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ખળભળાટ મચાવ્યો છે.'

કોર્ટે કહ્યું કે, "છેલ્લાં 4 દિવસોથી તમે આવી જનહિત અરજીના આધારે ન તો માત્ર કન્ફ્યુઝન વધારી રહ્યાં છો, પરંતુ વિદ્યાર્થીઓમાં ખોટી આશા વધારી રહ્યાં છો. આ PIL નો બેજવાબદારીભર્યો દુરુપયોગ છે. લોકો પણ કેવાં પ્રકારની પિટિશન ફાઇલ કરે છે."

# "હું તમને ગમું છું?"

કિરણ નામ પ્રમાણે જ સવારનાં સોનેરી કોમળ કિરણ જેવી જ હતી. તેની મોટી ભાવવાહી આંખો, લિપસ્ટિકની જાહેરાતમાં બતાવે તેવા હોઠ, કાળા ભમ્મર લાંબા વાળ, ગોરો વાન, સાદા પણ સુંદર લાગે તેવા વસ્ત્રોમાં તે વધુ સુંદર લાગતી હતી. તે જ્યાંથી નીકળે ત્યાં આખા રસ્તે જાણે મેગ્નેટિક ઇફેક્ટ લાગી જતી. યુવાનો તેને તાકી જ રહેતા. કિરણ અને તેની સખી રોજ કોલેજ જવા માટે બસ સ્ટેન્ડ ઊભી હોય. કિરણની મેગ્નેટિક ઇફેક્ટની અસર સુરજ પર પણ થઈ રહી હતી. તે પણ રોજ કોલેજ જાય ત્યારે અહીં બસ સ્ટેન્ડ પર કિરણને જોયા કરતો. તેને કિરણ ખૂબ ગમતી હતી. પણ આ વાત તેને કેમ કરવી? તેને લઈ તે મૂંઝાતો હતો.

ધીમે ધીમે કિરણ પણ સુરજની સામે જોવા લાગી. તેને પણ સુરજ ગમતો હોય તેમ લાગતું હતું. સવારમાં કૉલેજ ટાઈમે બસ સ્ટેન્ડ પર બીજા પણ ઘણા સ્ટુડન્ટ્સ હાજર હોય. એટલે વાત કરવાનો તો કોઈ ચાન્સ જ ન રહેતો. ઘણા દિવસો સુધી આવી રીતે બંને એકબીજાને જોયા કરતાં. કિરણ કંઈ બોલતી નહી પણ તેની આંખો બધું કઈ જતી હતી. એક દિવસ તેણે બધાની નજર ચૂકવીને સુરજને સ્માઈલ આપી. સુરજ તો ઘાયલ થઈ ગયો.

હવે તે રોજ વહેલો સીટી બસ સ્ટેન્ડે આવી જતો. કિરણને આવવામાં વહેલું મોડું થાય. તો તે અધીરો થઈ જતો. બસમાં પણ કિરણની નજીક જ રહેવાય તેમ ગોઠવાઈ જતો. કિરણની કૉલેજ વહેલા આવતી એટલે તે પહેલાં ઉતરી જતી. બસ ઉપડી જાય એટલે કિરણ પાછું ફરી સુરજ સામે જોઈ લેતી. કેટલાય દિવસો સુધી બંનેની મૌન લવ સ્ટોરી આવી રીતે ચાલી.

એક દિવસ કિરણની સખી નહોતી આવી. બસમાં પણ કિરણની બાજુમાં સીટ ખાલી હતી. સુરજ ધીમે રહી બેસી ગયો. બંને એક બીજાની સામે જોયા કરે છે. બસ રસ્તાનો ટ્રાફિક ચીરતી આગળ ચાલ્યે જાય છે. સુરજ આજે કિરણને કંઇક કહેવા માંગે છે. સુરજ ખૂબ શરમાળ અને સીધો છોકરો છે. યુવાનીનાં ઉંબરે ઊભો છે. તેની છાતીમાં ધડકન જોર..જોરથી ચાલી રહી છે. એક સ્ટેશન આવ્યું મુસાફરો ચડવા ઉતરવાની ધમાલમાં પડ્યાં છે. સુરજે ધીમે રહી કિરણ ને કહ્યું, " તમે મને ગમો છો." કિરણના મખમલી ગાલ લાલચોળ થઈ ગયાં. તે સુરજની સામે જોઈ રહી. આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. તે નીચું જોઈ ગઈ. સુરજને લાગ્યું કે તેણે ઉતાવળ કરી નાખી લાગે છે. કદાચ કિરણ તેને એવી દ્રષ્ટિથી કે જે પોતે વિચારે છે, ના પણ જોતી હોય. તેના મનમાં કિરણની આંખોના ઝળઝળીયાં જોઈને અનેક વિચારો આવ્યાં. એટલામાં કિરણનું સ્ટેશન આવી ગયું તે ઉતરી ગઈ. આજે તો તેણે પાછું ફરીને પણ ના જોયું. સુરજને લાગ્યું તેણે નક્કી ઉતાવળ કરી નાખી છે.

બીજા દિવસે સુરજ વહેલો બસ સ્ટેશન આવી ગયો. આજે પણ કિરણ એકલી જ હતી. સુરજે ડરતાં.. ડરતાં... તેની સામે જોયું તો કિરણ તેની સામે જ તાકી રહી હતી. કિરણનાં મોઢા પર સ્માઇલ હતી. સુરજનાં જીવમાં જીવ આવ્યો. બસ આવી ગઈ, ખૂબ જ ભીડ હતી. ભીડમાં સુરજ ચડ્યો. સુરજે જોયું તો આજે કિરણે તેની બાજુમાં સુરજ માટે જગ્યા રોકી હતી. સુરજ ત્યાં જઈ બેસી ગયો. આજે તેની હિંમત વધી. તેણે સીધું કિરણને પૂછી લીધું, " કાલની વાતનું ખોટું તો નથી લાગ્યું ને?" કિરણે કંઈ જવાબ ના આપ્યો. મૌન રહી સુરજને તાકી રહી. સુરજે હિંમત ભેગી કરી આજે ફરી કહ્યું, " તમે મને ગમો છો." આજે પણ કિરણ મૌન રહી. ઘડીક સુરજ સામે જોઈ રહી. આંખમાં ઝળઝળીયાં આવી ગયા. ઝળઝળીયાં આંસુ બની ટપકું...ટપકું... થાય ત્યાં કિરણ નીચું જોઇ ગઈ. ત્યાં તેનો સ્ટોપ આવી ગયો. તે નીચે ઉતરી ગઈ.

સુરજને કઈ સમજાતું નથી. રોજ બસ સ્ટેશન મળે ત્યારે કિરણની આંખો વાંચવા મથે. તેમાં તેને પોતાનાં પ્રત્યે પ્રેમ દેખાય પણ કિરણ સાથેની બે નાની મુલાકાતમાં કોઈ જવાબ ના મળ્યો.

આમને આમ દિવસો જવા લાગ્યાં. હવે તો કિરણ એકલી પણ નહોતી પડતી. તેની સખી સાથે જ હોય. આવતી કાલે વેલેન્ટાઇન ડે છે. સુરજે બસની ભીડ વચ્ચે ધીમે રહી કિરણને એક ચિઠ્ઠી અંબાવી દીધી. જેમાં તેણે કાલે વેલેન્ટાઇન ડે નાં દિવસે મળવા એક કોફી કાફે નું એડ્રેસ અને સમય લખ્યો હતો.

સુરજ આજે તેના પપ્પાનું બાઈક લઈને ક્યારનો કોફી કાફેમાં એક ખુણાનાં ટેબલે આવીને બેસી ગયો છે. ટેબલ પર તાજુ ડાળી સાથેનું એક ગુલાબ પડેલું છે. સુરજને વિશ્વાસ નથી કે કિરણ આવશે. જેમ-જેમ સમય જતો જાય છે.તેમ તેનો ઉચાટ વધતો જાય છે. તે ઘડી..ઘડી દરવાજા તરફ તાકે છે. વેઇટર ચાર વખત આવીને, " સાહેબ કોફી લાવું? " એવું પૂછી ગયો છે.

એટલામાં દૂરથી આસમાની કલરનો ડ્રેસ પહેરીને કિરણ આવતી નજરે પડી. સુરજ તો ટેબલેથી ઉભો થઇ ગયો. કિરણને સામેની ચેર પર બેસાડી. એટલામાં વેઈટર આવ્યો, " સાહેબ લાવું કોફી? " સુરજે કહ્યું, " હા લાવ. " કોફી આવી ગરમ...ગરમ..કોફીના કપમાંથી વરાળ નીકળતી હતી. સુરજે વાત ચાલુ કરી. " હું ક્યારનો તમારી રાહ જોતો હતો." કિરણ સુરજની સામે જોઈ રહી. કંઈ બોલી નહીં, નીચું જોઈ ગઈ. સુરજને કિરણનું આ ભેદી મૌન હવે ખૂબ અકળાવે છે. સુરજે કહ્યું, " તમે મને કેમ કઈ જવાબ નથી આપતા? તમે મને ગમો છો."

કિરણે પર્સમાંથી લખેલી ચિઠ્ઠી કાઢી સુરજને આપી. ચિઠ્ઠી ખોલી સુરજ વાંચવા લાગ્યો. " તમે મને કહ્યાં કરો છો કે " તું મને ગમે છો." તો સાંભળો હું દેખાવમાં જ સુંદર છું. કુદરતે મારી સાથે ક્રૂર મશ્કરી કરી છે. મને આટલું રૂપ આપ્યું છે. હું બધાને ગમુ છું. પણ જ્યારે મારી હકીકત ખબર પડે ત્યારે બધા મારાથી દૂર ભાગે છે. હું બધું સાંભળી શકું છું પરંતુ જન્મથી બોલી શકતી નથી. હું મૂંગી છું. બોલો હવે હું તમને ગમું છું? "

સુરજ ફટાફટ આખી ચિઠ્ઠી વાંચી ગયો. કિરણ સુરજની સામે જોઈ રહી છે. તેની મોટી આંખોમાં આવેલા ઝળઝળીયાં આંસુ બનીને સુરજે લાવીને ટેબલ પર મૂકેલા ગુલાબને ભીંજવી રહ્યાં છે. ગરમા...ગરમ.. કોફીના કપમાંથી વરાળનાં ધૂમાડા નીકળી રહ્યા છે..

લેખક:
અશોકસિંહ એ. ટાંક

# હવે...

(પહેલા પાનાનું ચાલુ)

પ્રકારનો અટેક કર્યો નથી.

ઈઝરાયલનું કહેવું છે કે, તેના તરફથી ઈરાન સમર્થિત આતંકી સંગઠનો પર હુમલો કરવામાં આવ્યો છે. આ આતંકી સંગઠનોમાં લેબનાનમાં સક્રિય હિઝબુલ્લાહ શામેલ છે. આ સંગઠન સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ અસદનું સમર્થન કરી રહ્યું છે. આપને જણાવી દઈએ કે, ઈઝરાયલે 1967માં થયેલા યુદ્ધ દરમિયાન ગોલાની પહાડીઓ પર કબ્જો જમાવી લીધો હતો. આ કબ્જા બાદ ઈઝરાયલની સામરિક સ્થિતી અત્યંત મજબૂત થઈ ગઈ. જો કે, દુનિયાના તમામ દેશ ઈઝરાયલના આ કબ્જાને માન્યતા આપતું નથી. ટ્રમ્પ પ્રશાસને વિતેલા દિશોમાં આ દિશામાં મોટું કામ કર્યું હતું અને ઈઝરાયલના કબ્જાને માન્યતા આપી દીધી હતી.

# NCBના..

(પહેલા પાનાનું ચાલુ)

હવે જ્યારે આટલું મોટું પ્લાનિંગ થઈ રહ્યું હતુ, તો તેના માટે ઘણાં બધાં રૂપિયા પણ જોઈએ, જે બાદ આ મામલે ઈડીએ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેના નજીકના સાથીઓ વિરુદ્ધ મની લોન્ડ્રીંગનો મામલો નોંધાવ્યો છે અને આ મામલે ઈડીએ દાઉદના ભાઈ ઈકબાલ કાસકરની ધરપકડ કર્યો છે. જે હાલમાં ઈડીની કસ્ટડીમાં છે. મહારાષ્ટ્રના મંત્રીની ધરપકડ થતા રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે.

# વડોદરા...

( છેલ્લા પાનાનું ચાલુ)

વ્યથા ઠાલવી, દિકરીઓ પર અત્યાચાર કરનાર નરાધમોને જાહેરમાં ફાંસીના માંચડે લટકાવવાની માંગ કરી છે.

વડોદરાની OASIS સંસ્થા સાથે જોડાયેલી નવસારીની દીકરીને ગત ૨૮ ઓક્ટોબરના રોજ વડોદરામાં જ અપહરણ કરી, તેની સાથે બે રિક્ષા ચાલકોએ દુષ્કર્મ આચર્યા બાદ, ગત ૪ નવેમ્બરની વહેલી સવારે પીડિતાનો વલસાડના રેલ્વે યાર્ડમાં ગુજરાત ક્વીનના કોચ D/૧૨ માં કથિત આત્મહત્યા કરાયેલો મૃતદેહ મળ્યો હતો.

નવસારીની દીકરી સાથે ઘટેલી આ ઘટનાએ સમગ્ર રાજ્યને હાલમાં જ બનેલી સુરતની ગ્રીષ્મા વેકરીયાની ઘટનાની જેમ જ હચમચાવી નાંખ્યુ હતુ. પણ ન્યાયની માત્ર વાતો જ થઈ હજુ સુધી પ્રેરણા કેસના આરોપી પકડાયા નથી, ત્યારે પીડિતની માતાએ OASIS સંસ્થા સામે ગંભીર આરોપ કરી માતાએ ગૃહરાજ્યમંત્રીને ન્યાય માટે આજીજી કરી છે.

પરંતુ આજે સાડા ત્રણ મહિનાઓ વીત્યા બાદ પણ નવસારીની દીકરીને ન્યાય મળ્યો નથી. ત્યારે પીડિતાની માતાએ વિભિન્ન પોલીસ ટીમો કાર્યરત હોવા છતાં કઈ તકલીફ છે કે હજી સુધી આરોપીઓ પકડી શકાતા નથી. દીકરીને નાનેથી મોટી કરવાની અને જ્યારે એ દુનિયા સમજતી થાય, ત્યારે એની હત્યા કરી દેવામાં આવે, તો ગુજરાતમાં દીકરીઓ સુરક્ષિત જ નથી ને...? એવો પ્રશ્ન પીડિતાની માતાએ ઉઠાવ્યો છે. સાથે જ દીકરીઓ સાથે અત્યાચાર કરનારને પકડીને જાહેરમાં ફાંસીના માચડે લટકાવવાની માંગણી પણ કરી છે.

રેલ્વે પોલીસ સાથે અમદાવાદ, વડોદરા ક્રાઈમ બ્રાંચ સાથે SITની પણ રચના કરીને દીકરીને વહેલો ન્યાય અપાવવા રાજ્યના યુવા ગૃહમંત્રીએ વિશ્વાસ આપ્યો હતો. પ્રેરણાને દીકરીને પોતાની બહેન અને તેની માતાને પોતાની માતા સરખી જ ગણાવીને નરાધમોને વહેલા પકડી, સખ્ત સજા અપાવવાની ખાતરી આપી હતી. પણ ના હજુ સુધી કેસમાં શું થયું તેનું કોઈ યોગ્ય તથ્ય બહાર આવ્યું છે. ન પરિવારને ન્યાય મળ્યો છે.

તો બીજી તરફ તપાસ દરમિયાન પ્રેરણા દુષ્કર્મ કેસમાં ચોંકાવનારો વળાંક સામે આવ્યો હતો જેમાં યુવતી ઉપર દુષ્કર્મ ન થયું હોવાનું FSL રિપોર્ટમાં તારણ સામે આવ્યું. ગાંધીનગર FSL દ્વારા રેલવે પોલીસને રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો મહત્વનું છે કે સાંયોગિક મેડિકલ પુરાવા, ઓરલ પુરાવાના આધારે પોલીસે ગેંગરેપનો કેસ દાખલ કર્યો છે. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં યુવતીના શરીર ઉપર ઈજાના નિશાન પણ મળી આવ્યા હતા, એટલું જ નહીં મૃતક યુવતીએ પોતાની ડાયરીમાં તેની સાથે દુષ્કર્મ થયું હોવાની પણ નોંધ કરી હતી. ત્યારે હવે FSL રિપોર્ટમાં દુષ્કર્મ ન થયું હોવાનું તારણ સામે આવતા કેસ વધુ ગુંચવાયો હતો

'મહારાષ્ટ્ર ઝુકયું નથી અને ઝુકશે પણ નહિ'

# EDની કાર્યવાહી પર સાંસદ સુપ્રિયા સુલેએ ઉઠાવ્યા સવાલો

ગુજરાત વંદન

ED દ્વારા મુંબઈના અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેના સહયોગીઓ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મહારાષ્ટ્રના મંત્રી નવાબ મલિકની આઠ કલાકની પૂછપરછ બાદ ધરપકડ કરવામાં આવતા રાજકીય માહોલ ગરમાયો છે. લોકસભા સાંસદ સુપ્રિયા સુલેએ મની લોન્ડરીંગના એક કેસમાં EDની કાર્યવાહીને લઈને પ્રતિક્રિયા આપતા કહ્યુ કે, મહારાષ્ટ્ર કયારેય કેન્દ્ર આગળ ઝુકયું નથી અને ઝુકશે પણ નહિ. વધુમાં.મહારાષ્ટ્રના લોકસભા સાંસદે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. સુલેએ કહ્યુ કે,'એવું અપેક્ષિત જ હતુ.. નવાબ ભાઈને પણ તેના વિશે અંદાજો તો હતો જ. તેણે અગાઉ પણ એક વાર ટ્વીટ કર્યું હતું કે, 'જો ED તેના ઘરે આવશે તો તે તેના માટે ચા અને બિસ્કિટ તૈયાર રાખશે. આ સાથે સુલેએ ED પર પણ સવાલ ઉઠાવતા કહ્યુ કે' શું તેણે કોઈ નોટિસ જાહેર કરી છે ? ત્યાંથી નીકળતા પહેલા તેણે મલિકના ઘરે નાસ્તો પણ કર્યો હશે,પરંતુ તેણે નોટિસ આપી નહોતી.'

NCPના પ્રમુખ શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલેએ દાવો કર્યો છે કે,'ED દ્વારા નોટિસ માત્ર વિરોધ પક્ષના નેતાઓને ડરાવવા માટે જ આપવામાં આવે છે. તેમણે ભાજપનુ નામ લીધા વગર જણાવ્યુ કે, એકવાર પોતાની પાર્ટી છોડયા બાદ તેમની પાર્ટીમાં ગયા બાદ બધી નોટિસ ગાયબ થઇ જાય છે. એક સુનિશ્ચિત પાર્ટીના લોકોને પહેલેથી જ ખ્યાલ હોય છે કે કયા નેતા પર ક્યારે દરોડા પાડવામાં આવશે અથવા ક્યારે કોની ધરપકડ કરવામાં આવશે.'

# કમ્પ્યુટરમાં કેવી રીતે તમારી સાથે છેતરપિંડી કરીને નાણાં પડાવાય છે

ગુજરાત વંદન

કમ્પ્યુટરમાં કેવી રીતે તમારી સાથે છેતરપિંડી કરીને નાણાં પડાવાઈ છે

રેન્સમવેરએ માલવેરનો સબસેટ છે જેમાં ભોગ બનેલા લોકોના કમ્પ્યુટર પરનો ડેટા લોક થયેલ છે, જે સામાન્ય રીતે એન્ક્રિપ્શન દ્વારા, અને ખંડિત ડેટાને ડિક્રિપ્ટ કરવામાં આવે છે અને ભોગ બનેલા લોકોના કમ્પ્યુટરનો ઍક્સેસ પાછા મળે તે પહેલાં ચુકવણીની માંગ કરવામાં આવે છે. જે બીટકોઈન અથવા અમેરિકન ડોલરના સ્વરૂપમાં હોય છે. એક બીટકોઈનની કિંમત રૂપિયા ૭,૫૦,૦૦૦ અંદાજિત. રેન્સમવેરના હુમલાઓનો હેતુ હંમેશાં નાણાકીય હોય છે, અને અન્ય પ્રકારના હુમલાઓથી વિપરીત, પીડિતાને સામાન્ય રીતે સૂચિત કરવામાં આવે છે કે કોઈ શોષણ થયું છે અને તેને હુમલામાંથી કેવી રીતે પુનઃ પ્રાપ્ત થવું તે માટેની સૂચનાઓ આપવામાં આવે છે. આ હુમલો તમારા કમ્પ્યુટરના બધા જ ચાલતા સોફ્ટવેર ને એનક્રિપ્ટ કરી તેને બંધ કરી દે છે જેનાથી કોઈ પણ કામ થઇ શકતું નથી.

હવે આપણે ઉદાહરણ દ્વારા જોઈશું કે કેવી રીતે આ હુમલો કોઈનું જીવન બરબાદ કરી દે છે. એક દિલ્હીનો વેપારી હતો જેનો એક ધંધો ચાલતો હતો જેનાથી એ ઘણા બધા રૂપિયા કમાતો હતો. તેનું વાર્ષિક ટર્નઓવર ૩ કરોડ હતો. તે રોજની જેમ પોતાનો ઇમેઇલ ચેક કરતો હતો ત્યારે તેને જોયું હતું કે એક ઇમેઇલ એના મિત્રે મોકલ્યો હતો. જે મિત્રે ઇમેઇલ કર્યો હતો એ હેકરએ એના ફ્રેન્ડ બની તેને એક બનાવટી ઇમેઇલ મોકલયો હતો. જેમાં એક બનાવટી સોફ્ટવેર મોકલી આપ્યું હતું અને એને કીધું હતું કે આ સોફ્ટવેરથી તેના




કમ્પ્યુટરના બધા જ કાર્યો જલ્દીથી થશે અને એ ફાસ્ટ થશે જે અશક્ય છે માત્ર એક સોફ્ટવેર થી. જેથી એ વેપારીએ આ સોફ્ટવેરને પોતાના કમ્પ્યુટરમાં નાખ્યું. પછી જયારે એને પોતાનું કમ્પ્યુટર ચેક કર્યું ત્યારે ખબર પડી કે તેનો બધો જ ડેટા એનક્રિપ્ટ થઇ ગયો હતો. એ કોઈ પણ કાર્ય કરી શકે એવી પરિસ્થિતિ માં નોહતો અને એને એક મેસેજ આવ્યો કે તમારે ૧૦ જેટલા બીટકોઈન આપવા જ પડશે જેનાથી એક કી આવશે તેની મદદ થી આ રેન્સમવેર થી મુક્ત થઇ શકે છે. તેને આ બધા રૂપિયા આપ્યા જ નહિ જેથી તેનો બધોજ ડેટા નષ્ટ થઇ ગયો હતો. એક વાર ડેટા નષ્ટ થાય પછી તે રિકવર થતો નથી જેનાથી ઘણા બધા પ્રોબ્લેમ ઉભા થાય છે. આનાથી વેપારી નો વેપાર પડી ભાંગ્યો અને તેની પાસે કોઈ ડેટા ના હોવાથી એના વેપાર માં જેટલા લોકો તેની પાસેથી ઉધાર લીધું હતું એ બધાએ તેને કહ્યું કે તારે અમને રૂપિયા આપવાના છે અમારે તને નહિ. વેપારી કઈ કરી શકે તેમ નહતો કારણ કે તેનો બધોજ ડેટા ખતમ થયો હતો.

પ્રખ્યાત રેન્સમવેરના નામ આ મુજબ છે: ક્રિપ્ટોલોકર અને વાન્નાક્રાય પબ્લિક-કી એન્ક્રિપ્શનનો ઉપયોગ કરતા વ્યાપક રીતે ફેલાયેલા હુમલાનું પ્રથમ ઉદાહરણ ક્રિપ્ટો લોકર હતું, જે ટ્રોઝન ઘોડો છે જે સપ્ટેમ્બર 2013 થી પછીના વર્ષના મે મહિના થી ઇન્ટરનેટ પર સક્રિય હતો. માલવેર બિટકોઇન અથવા પ્રીપેઇડ વાઉચર બંનેમાં ચુકવણીની માંગ કરે છે, અને નિષ્ણાતો સામાન્ય રીતે માનતા હતા કે આરએસએ(RSA) ક્રિપ્ટોગ્રાફીનો ઉપયોગ જ્યારે યોગ્ય રીતે કરવામાં આવે ત્યારે તે અનિવાર્ય હતો. જોકે, મે 2014 માં, એક સાયબર હુમલા ની સુરક્ષા આપતી કંપની એ આ હુમલા દ્વારા ઉપયોગમાં લેવાતા કમાન્ડ-એન્ડ-કન્ટ્રોલ સર્વરની ઍક્સેસ મેળવી અને હુમલામાં વપરાયેલી એન્ક્રિપ્શન કીઓ પ્રાપ્ત કરી હતી. ઓનલાઇન સાધન જેના મારફતે કી ની પુનઃ પ્રાપ્તિને મંજૂરી આપી હતી, જે તે હુમલાને અસરકારક રીતે નિષ્ફ્રત કરવામાં આવી હતી.

- તેજ દફતરી
(સાઇબર સિક્યુરિટી એન્ડ ડિઝીટલ ફોરેન્સીક્સ એક્સપર્ટ)

### મુકેશ અંબાણી ખરીદી રહ્યા છે ૭૪ અબજ રૂપિયાના રોબોટ

# રિલાયન્સની જામનગર રિફાઈનરીમાં હવે ફરજ બજાવશે એડવર્બના રોબોટ

ગુજરાત વંદન

એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તાજેતરમાં જ એડવર્બ ટેક્નોલોજીસને 1 બિલિયન ડોલર (આશરે 74 અબજ રૂપિયા)નો ઓર્ડર આપ્યો છે. આ ઓર્ડર 5G ટેક્નોલોજીથી સજ્જ રોબોટ્સ માટે આપવામાં આવ્યો છે. જેનો ઉપયોગ રિલાયન્સની જામનગર રિફાઈનરીમાં કરવાની યોજના છે.



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે થોડા સમય પહેલા જ રોબોટિક્સ સ્ટાર્ટઅપ એડવર્બ ટેક્નોલોજીસની 54 ટકા ભાગીદારીનું અધિગ્રહણ કર્યું હતું. આ સોદો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના રિટેલ યુનિટ રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યો હતો. રિલાયન્સ રિટેલે આ ડીલ 132 મિલિયન ડોલર એટલે આશરે 985 કરોડ રૂપિયામાં કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આ રોબોટ્સ દ્વારા ફાઈવ -જી સાથે સંકળાયેલા એક્સપેરીમેન્ટ્સ પણ કરશે. પહેલેથી જ એડવર્બના ડાયનેમો 200 રોબોટ્સનો જામનગર રિફાઈનરીમાં ઈ ટ્રા - લો જિ સ્ટિ ક સ ઓપરેશનમાં ઉપયોગ થઈ રહ્યો છે. આ તમામ રોબોટ્સ ફાઈવ -જીથી સંકળાયેલા છે અને તેમને અમદાવાદ સ્થિત રિમોટ સર્વર વડે કંટ્રોલ કરવામાં આવે છે. આ માટે એડવર્બની ફ્લીટ મેનેજમેન્ટ સિસ્ટમ લીજનનો ઉપયોગ કરવામાં આવે છે. તે સિવાય 1 ટન પેલોડ કેપેસિટીવાળા ડાયનેમો રોબોટ્સનો ઉપયોગ બૈગિંગ લાઈન ઓટોમેશનમાં કરવામાં આવી રહ્યો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભાગીદારી ખરીદવામાં આવી ત્યાર બાદ સ્ટાર્ટઅપ કંપનીએ કહ્યું હતું કે, આ ડીલથી તેને અમેરિકા અને યુરોપના માર્કેટમાં ઉતરવામાં મદદ મળશે. આ સાથે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પાસેથી મળેલા પૈસા વડે તેને એક જ લોકેશન પર વિશાળ રોબોટિક્સ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ લગાવવા સંસાધન પણ મળશે. કંપની હોસ્પિટલ્સ અને વિમાન મથકો પર રોબોટ ડિપ્લોય કરવાની યોજના પર કામ કરી રહી છે. આ સોદાના કારણે તેમાં તેજી આવવાની સંભાવના છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા શેર ખરીદવામાં આવ્યા ત્યારબાદ એડવર્બની વેલ્યુએશન 26.5થી 27 કરોડ ડોલર (આશરે 2000 કરોડ રૂપિયા) પર પહોંચી ગઈ છે. કંપની હાલ નોએડા પ્લાન્ટમાં દર વર્ષે આશરે 10 હજાર રોબોટ બનાવી રહી છે. એડવર્બ રિલાયન્સ રિટેલને પહેલેથી જ સામાન પૂરો પાડી રહી છે. હવે એડવર્બના રોબોટ્સનો ઉપયોગ રિલાયન્સના વિભિન્ન ઉપક્રમોમાં મોટા પાયે થવાનો છે.

### પૂર્વ નાણા સચિવ હસમુખ અઢિયાને દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના વડા બનાવાયા

ગુજરાત વંદન


દેશના પૂર્વ કેન્દ્રીય નાણાકીય સેક્રેટરી અને 1981 ગુજરાત કેડર બેચના નિવૃત્ત આ હસમુખ અઢિયાની સોમવારે ગાંધીનગર સ્થિત પ્રતિષ્ઠિત પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. અઢિયાએ દેશમાં જીએસટી અને નોટબંધી સમયે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. મહેસૂલ સચિવના કાર્યકાળ દરમિયાન અઢિયાને ભારતના સૌથી શક્તિશાળી અમલદાર તરીકે ગણવામાં આવતા હતા.

અઢિયાને ઑગસ્ટ 2015માં એસીસી દ્વારા કેન્દ્રીય મહેસૂલ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે 1 સપ્ટેમ્બર 2015 રોજ પદ સંભાળ્યું હતું. વર્ષ સપ્ટેમ્બર 2017માં અશોક લવાસાની નિવૃત્તિ બાદ અઢિયાને નાણાં સચિવ તરીકે નિમવામાં આવ્યા હતા. તેઓ નાણાં મંત્રાલયના સૌથી વરિષ્ઠ સચિવ બન્યા હતા.

### ટાટા સન્સ વિરૂદ્ધની સાયરસ મિસ્ત્રીની રિવ્યૂ પિટિશન સુપ્રીમ કોર્ટે સ્વીકારી

# સાયરસ મિસ્ત્રીની રિવ્યૂ પિટિશન અંગે નવ માર્ચે સુનાવણી થશે

ગુજરાત વંદન



ટાટા સન્સ અને સાયરસ મિસ્ત્રી વચ્ચે ચાલી રહેલા વિવાદમાં મિસ્ત્રીએ દાખલ કરેલી રિવ્યૂ પિટિશનને સુપ્રીમ કોર્ટે સ્વીકારી લીધી છે. આ રિવ્યૂ પિટિશન અંગે સુપ્રીમ કોર્ટ નવ માર્ચના રોજ સુનાવણી કરશે. આ કેસ સાયરસ મિસ્ત્રીને ટાટા ગ્રૂપના ચેરમેન પદેથી હાંકી કાઢવા સંબંધિત છે.

નોંધનીય છે કે, અગાઉ આ કેસમાં સુપ્રીમ કોર્ટે માર્ચ 2021માં આપેલા ચુકાદામાં સાયબર મીને ટાટા સન્સના ચેરમેન પદેથી દૂર કરવાના નિર્ણયને માન્યો રાખ્યો હતો. ઉપરાંત નાદારી કોર્ટ એનસીએલએટી એ સાયરસ મિસ્ત્રીને ફરી ટાટા ગ્રૂપના ચેરમેન બનાવવા કરેલા આદેશને પણ રદ કર્યો હતો. જેની સામે મિસ્ત્રીએ સુપ્રીમ કોર્ટમાં રિવ્યૂ પિટિશન દાખલ કરી છે.

આ રિવ્યુ પિટિશનને 15 ફેબ્રૂઆરીના રોજ ચીફ જસ્ટિસ એન.વી. રમણાની આગેવાની હેઠળની ત્રણ જજોની ખંડપીઠે દ્વારા વિચારણા માટે લેવામાં આવી હતી. જેમાં બહુમતીના આધારે, સાયરસ મિસ્ત્રીએ દાખલ કરેલી રિવ્યૂ પિટિશન પર મૌખિક સુનાવણીની માંગ કરતી અરજીને મંજૂરી આપવામાં આવી હતી.

સાયરસ મીએ સુપ્રીમ કોર્ટમાં કરેલી સમીક્ષા અપીલમાં લઘુમતી શેરધારકોના શોષણનો આક્ષેપ કર્યો હતો અને જેમાં ઉદાહરણ તરીકે પોતાને ટાટા ગ્રૂપના ચેરમેન પદ પરથી હટાવવાની ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો.

મિસ્ત્રી દ્વારા કરાયેલા કેસને ફગાવી દેતાં સર્વોચ્ચ અદાલતે કહ્યું હતુ કે, ખોટા વ્યાવસાયિક નિર્ણયોને લઘુમતી શેરધારકો માટે પૂર્વગ્રહ તરીકે જોઈ શકાય નહીં.

# લોન આપવામાં બેંકને ગ્રાહકો સાથે ફ્રેન્ડલી થવાની જરૂરતઃ નિર્મલા સીતારમણ

### SBIના ચેરમેન ખારાએ કહ્યું, ડિઝિટલ પ્રક્રિયા હેઠળ લોન મળશે

ગુજરાત વંદન

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે બેંકને પોતાના ગ્રાહકોની સાથે વધુ ફ્રેન્ડલી થવા માટે કહ્યું છે. જેથી ગ્રાહકોને સુગમતાથી લોન મળી શકે. જો કે, તેઓએ બેંકોને એમ પણ કહ્યું કે, તેનો મતલબ એ નથી કે તેઓ લોન લેવા માટે પ્રતિકુળ જોખમ ઉઠાવે. મુંબઈમાં ઉદ્યોગપતિઓ સાથે સંવાદ દરમ્યાન એક સ્ટાર્ટઅપ કંપનીની જેમ બેંકો પાસેથી લોન મળવામાં થતી મુશ્કેલીઓના મુદ્દા ઉઠાવવા પર સીતારમણે આ વાત કહી. ત્યાં જ SBIના ચેરમેન દિનેશ કુમાર ખારા પણ ઉપસ્થિત હતા, જેમને ટાંકતા સીતારમણે આ વાત કહી હતી.



સીતારમણ બાદ સંવાદ સુત્રમાં ઉપસ્થિત રાજસ્વ સચિવ તરૂણ બજાજે પણ સ્ટાર્ટઅપ કંપનીની વાતથી સહમત દેખાઈ કે બેંકોમાંથી સરળતાથી લોન મળવામાં મુશ્કેલી થાય છે. બજાજે SBI ચેરમેનને કહ્યું કે, બેંકોને વધુ લોન આપવાની જરૂર છે જેથી આર્થિક વિકાસમાં મદદ મળી શકે. તેઓએ કહ્યું કે, હવે કોર્પોરેટરના ખાતા વહી પણ પહેલાના મુકાબલે વધુ સારી સ્થિતિમાં છે.

તેના પર SBIના ચેરમેન દિનેશ કુમાર ખારાએ જણાવ્યું કે, તેઓ લોન આપવાની પૂરી પ્રક્રિયા સમગ્ર ડિઝિટલ કરી રહ્યા છે જે ગ્રાહકોને સરળતાનો અનુભવ કરાવે. તેઓએ જણાવ્યું કે, જણાવ્યું કે, આગામી બે માસમાં લોન આપવા મામલે બેંક સંપૂર્ણ રીતે ડિઝિટલ થઈ જશે. તેઓએ જણાવ્યું કે, વ્યકિતગત રૂપથી લેવામાં આવતી લોનમાં વધારો થઈ રહ્યો છે. પરંતુ, એમએસએમઈ લોન બેલેન્સ શીટ પર આધારિત હોય છે, એટલા માટે આ પ્રકારની લોનમાં વ્યક્તિગત લોનની જેમ વધારો નથી.

ઘરે બેઠા-બેઠા તમને ૧ લાખ રૂપિયામાં વધારો થઈ ૧.૨૩ લાખ થશે, તેના માટે જરૂરી કામ કરવામાં લાગશે માત્ર ૧ દિવસનો સમય

### ઈપીએફઓએ પેન્શનરોને આપી રાહત

# વર્ષમાં ગમે ત્યારે જમા કરાવી શકશે હયાતીનું પ્રમાણપત્ર

ગુજરાત વંદન

કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન (ઈપીએફઓ)એ ઈપીએસ પેન્શનરોને મોટી રાહત આપી છે. આ પેન્શનરો વર્ષમાં કયારેય પણ પોતાનું જીવન (હયાતી)નું પ્રમાણપત્ર જમા કરાવી શકે છે અને તેની માન્યતા એક વર્ષ સુધી રહી શકે છે. સામાન્ય રીતે ઈપીએફઓના કર્મચારી પેન્શન સ્કીમ 95 (ઈપીએસ 95) ના પેન્શનરોને જીવન પ્રમાણપત્ર નવેમ્બરમાં જમા કરાવવાનુ હોય છે પણ હવે આ હયાતીનું પ્રમાણપત્ર વર્ષમાં ગમે ત્યારે ભરી શકાશે તેમ ઈપીએફઓએ તેના અધિકૃત ટવીટર હેન્ડલ પર જાહેર કર્યું છે. ડીસેમ્બર 2019 માં ઈપીએફઓએ પેન્શનરો તરફથી જીવન પ્રમાણપત્ર જમા કરાવવાનાં નિયમોમાં આ ફેરફાર કર્યો હતો. જો પેન્શનર અંતિમ તારીખ પહેલા જીવન પ્રમાણપત્ર જમા નહી કરાવે તો તેને પછીના મહિને પેન્શન નહિં મળે.

**ઈપીએફઓ ૨૦૨૧ ડિસેમ્બરમાં ૧૪.૬ લાખ સભ્યો જોડાયા**

ઈપીએફઓએ ડિસેમ્બર 2021માં શુદ્ધ આધાર પર 14.6 લાખ સભ્યો બનાવ્યા છે, જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળાની તુલનામાં 16.4 ટકા વધુ છે. ઈપીએફઓએ ડિસેમ્બર 2020 દરમ્યાન શુદ્ધ આધાર પર 12.54 લાખ સભ્યો બનાવ્યા હતા. શ્રમ મંત્રાલયે જણાવ્યું હતું કે, નવેમ્બર 2021ની તુલનામાં ડિસેમ્બર 2021માં શુદ્ધ આધારે સભ્યોની સંખ્યામાં 19.98 ટકા વૃદ્ધિ થઈ છે.

### દુનિયાભરમાં બ્લેક મની માટે જાણીતી

# સ્વિસ બેંકના ૧૮,૦૦૦ ખાતાનો ડેટા લીક થતા માલેતુજારોમાં ખળભળાટ

ગુજરાત વંદન

બરફથી ઢંકાયેલી ખીણો, લક્ઝરી ઘડિયાળો અને સુંદર ચોકલેટ સ્વિટ્ઝર્લેન્ડની ઓળખ છે. આ સાથે, આ દેશ તેની ગુપ્ત બેંક સિસ્ટમ માટે જાણીતો છે. સ્વિસ બેંકોના ગ્રાહકોની યાદી હંમેશા હેડલાઈન્સ બનાવે છે. ક્રેડિટ સુઈસ અહીંની બેંકિંગ સિસ્ટમમાં સૌથી મહત્વપૂર્ણમાંની એક છે જે વિશ્વની સૌથી મહત્વપૂર્ણ નાણાકીય સંસ્થાઓમાંની એક છે જેના મૂળ 166 વર્ષ જૂના છે.

એક કહેવાતા બાતમીદારના મુજબ 18,000 થી વધુ બેંક ખાતાઓનો ડેટા લીક કર્યો છે. આ ખાતાઓમાં કુલ 100 અબજ ડોલર ની રકમ બતાવવામાં આવી છે. આ બાતમીદારે આ આંકડાઓ જર્મન અખબાર Süddeutsche Zeitungને લીક કર્યા હતા. અખબારે આ આંકડાઓ એક બીન લાભકારી પત્રકારત્વ જૂથ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ સહિત વિશ્વભરના અન્ય 46 મીડિયા સંસ્થાઓ સાથે શેર કર્યા.

આ ડેટા 1940થી ઓપન થયેલા એકાઉન્ટથી લઈને 2010 ના દાયકા સુધીના ખાતાઓનો રેકોર્ડ છે. પરંતુ




બેંકની વર્તમાન કામગીરી જાણી શકાતી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ક્રેડિટ સુઈસ એકાઉન્ટમાં જે લોકોના લાખો કરોડો ડોલર છે તેમાં જોર્ડનના કિંગ અબ્દુલ્લા દ્વિતીય અને ઈજિપ્તના પૂર્વ રાષ્ટ્રપતિ હોસ્ની મુબારકના બે પુત્રોનો પણ સમાવેશ થાય છે.

એ જ રીતે, અન્ય ખાતાધારકોમાં પાકિસ્તાની ગુપ્તચર પ્રમુખના પુત્રનો પણ સમાવેશ થાય છે, જેણે 1980ના દાયકામાં અફઘાનિસ્તાનમાં મુજાહિદ્દીનને યુનાઇટેડ સ્ટેટ્સ અને અન્ય દેશોમાંથી અબજો ડોલર મેળવવામાં મદદ કરી હતી.

આ લીક થયેલો ડેટા દર્શાવે છે કે ક્રેડિટ સુઈસે માત્ર ધનિકો માટે જ ખાતા ખોલ્યા નથી અને તેમને સેવા આપવાનું ચાલુ રાખ્યું છે, પરંતુ જેઓ શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા છે તેમને બેંકિંગ સવલતો પૂરી પાડી છે. સ્વિટ્ઝર્લેન્ડની એન્ટિ-મની લોન્ડરિંગ એજન્સીના ભૂતપૂર્વ વડા, ડેનિયલ થેલ્સક્લાફે કહ્યું હતું કે, સ્વિસ બેંકોએ ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા નાણાં બાબતે કાયકાકીય પ્રતિબંધોનો સામનો કરવો પડ્યો છે. પરંતુ, તેમણે ઉમેર્યું, કાયદો સામાન્ય રીતે લાગુ કરવામાં આવ્યો નથી. માનવામાં આવી રહ્યું છે કે, આ ડેટા લીકમાં કેટલાક ભારતીયોના ખાતાની માહિતી પણ હોઈ શકે છે.

### રોજના ૬૪ હજાર કરોડના ટર્નઓવરવાળી સંસ્થામાં લોલમલોલ અને પોલમપોલ...

# NSEમાં પોપાબાઈનું નહીં પણ ચિત્રાબાઈનું રાજ...!

**૬ વર્ષ સુધી એનએસઈનું સંચાલન હિમાલયમાંથી ચાલતુ હતું..!, જેમને પોતે જોયા નથી એમને ચિત્રા શેરોની ગોપનીય માહિતી મોકલતી..?, ચંદા કોચરની જેમ ચિત્રાની સામે પણ કાર્યવાહી.., બે પાવરફુલ મહિલાઓ, ટોચે પહોંચ્યા અને પછી..**

ગુજરાત વંદન

અમેરિકા સહિત દુનિયાના ઘણાં દેશોના શેર બજારમાં રોજે રોજ કરોડોની ઉથલપાથલ મચે છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ- એનએસઇ- ભારતનું સૌથી મોટુ પ્રતિષ્ઠિત નાણાં બજાર છે. બીએસઇની જેમ તેમાં કરોડોના શેરોના લે-વેચનો કારોબાર થાય છે.મુંબઇ સ્થિત એનએસઇ પર એક અંદાજ પ્રમાણે, એક દિવસમાં 64 હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર થાય છે અને રોજના 49 કરોડ નાણાકિય વ્યવહારો-ટ્રાન્ઝેકશન- થાય છે. 1994માં તેનું કામકાજ શરૂ થયું હતું. જ્યાં રોજના 64 હજાર કરોડના નાણાંકિય વ્યવહારો થાય છે એ નેશનલ સ્ટોક એક્સચેન્જ અથવા રાષ્ટ્રીય શેર બજારનું સંચાલન હિમાલયના કોઇ અદ્રશ્ય યોગી દ્વારા થાય તો...? તેને એનએસઇ બોર્ડની તમામ ગોપનીય સહિતની માહિતી મોકલવામાં આવે તો...? જેને કોઇએ જોયા નથી એ અદ્રશ્ય હિમાલયન યોગીબાબા પાછા rigya-jursama@outlook.com ઇમેઇલથી એનએસઇને માર્ગદર્શન આપે- બેટા, કારોબાર બઢાના હૈ તો એસે નહીં વૈસે કરો...ઇસકા પ્રમોશન કરો...ઉસ બંદે કો વહાં સે હટાકર ઉસ જગહ પર રખ દો.. બોર્ડ કા યે ફૈંસલા ઠીક નહીં હૈ, ઉસમેં ઐસા કરો..વૈસા કરો.. જા તેરા કલ્યાણ હોગા...!! આ કોઇ કપોળકલ્પિત કે કલ્પના કે સપના કે ઇમેજિનેશન નથી. આવુ વાસ્તવમાં બન્યુ છે અને 2013થી લઇને 2016 સુધીના ગાળામાં ભારતના પ્રતિષ્ઠિત નાણાં બજાર કે જ્યાં રોજના 64 હજાર કરોડના વ્યવહારો થાય છે એવી એક સંસ્થાનું સંચાલન જે માનુનીના કરકમલોમાં હતું તે ચિત્રા રાંમકૃષ્ણ દ્વારા સેબીની તપાસમાં કહેવાયેલી ઓન રેકોર્ડ ચોંકાવનારી વિગતો છે, જે સાંભળીને એમ થાય કે ઓત્તારીની આટલી મોટી નાણાંકિય સંસ્થામાં આવુ પણ ચાલે છે...?! કોઇ પૂછનાર નહીં..કોઇ હાલહવાલ નહીં. જાણે કે પોતાની અંગત સંસ્થા કે કંપની હોય તેમ મનફાવે તેવા નિર્ણયો લેવાતા રહ્યાં અને કોઇને ખબર જ ના પડી...?!



આ ઇ સી આ ઇ સી આ ઇ ખાનગી બેંકમાં તત્કાલિન સીઇઓ ચંદા કોચરના લોન સંબંધી નિર્ણયોની જાણ જેમ કોઇ વ્હીસલબ્લોઅરે બેંકના ઉપરીઓને કરી તેમ એનએસઇમાં કંઇક ગરબડ છે એવી જાણ 2015માં માર્કેટ રેગ્યુલેટર સેબીને કરી. જેમાં ધ્યાન દોરવામાં આવ્યું કે એનએસઇમાં કો-લોકેશન કૌભાંડ ચાલે છે. જેમાં શેરો સંબંધિત ગોપનીય માહિતી મળતિયાઓને અગાઉથી આપી દેવામાં આવે અને તેના આધારે ઇક્વીટી બજારમાં કરોડો કમાવી લેવાના.. તેમાં એનએસઇના સર્વેસર્વા ચિત્રાનું નામ પણ આપવામાં આવ્યું.

સેબીએ 6 વર્ષ તપાસ કરી. ઇ.એન્ડ વાય. નામની તટસ્થ તપાસ એજન્સીએ તપાસ કરી અને રિપોર્ટ આપ્યો. જે હવે સાર્વજનિક થયો ત્યારે ભલભલાનું માથુ ચકરાવે ચઢે એવી ચોંકાવનારી, રસપ્રદ અને આટલી મોટી નાણાંકિય સંસ્થામાં પોપાબાઇનું નહીં પણ ચિત્રાબાઇનું રાજ ચાલતુ હતું.

ગ ો બ ા ચ ા ર ી ન ી નફઅફટાઇની પરાકાષ્ટા તો ત્યારે આવી કે જ્યારે તપાસમાં ચિત્રાને સેબીના તપાસકર્તાઓ દ્વારા પૂછવામાં આવ્યું કે તમે જેમને એનએસઇ બોર્ડની તમામ ગોપનીય માહિતી સહિત તમામ નાની મોટી જાણકારી તમારા કહેવા પ્રમાણે તમે જે યોગીબાબાને મોકલતા હતા તેને તમે મળ્યા છો ખરા...? તેમનુ નામ શું છે..? ક્યાં રહે છે...? શું કરે છે... ત્યારે સેબીના તપાસકર્તાઓ પણ ખુરશીમાં બેઠા બેઠા હલબલી અને હચમચી ઉઠે એવા જવાબો માત્ર બી.કોમ. અને સી.એ.ની ડીગ્રી ધરાવનાર અને રોજના 64 હજાર કરોડના કારોબારવાળી સંસ્થાનું સંચાલન કરનાર ચિત્રાએ આપ્યા-ના...,હું તેમને ક્યારેય મળી નથી...! તેઓ હિમાલયમાં રહે છે..! પરમજ્ઞાની છે...! સિધ્ધપુરૂષ છે..! યોગી છે.. મેં તો શું કોઇએ તેમને જોયા નથી.. છતાં તેઓ ગમે ત્યારે ગમે તે સ્વરૂપે પ્રગટ થઇ શકે છે.... તેમના માર્ગદર્શન હેઠળ જ મેં એનએસઇનું સંચાલન કર્યુ અને એનએસઇના મુખ્ય તરીકે લેવાયેલા મારા તમામ નિર્ણયો યોગીના છે..તેમની સાથેનો વ્યવહાર ઇમેલથી થતો હતો.....! બોલો, છે ને મજેદાર...ચનાજોર ગરમ બાબુ મે લાઇ ચનાજોર ગરમ..જય યોગીબાબા કી...

આવા જવાબો સાંભળીને માથાના વાળ ખેંચવાનું મન થાય અને જાણે કે એનએસઇના સીઇઓ-એમડી નહીં પણ પાગલખાનામાં રહેલી કોઇ અસ્થિર મગજની મહિલા બોલી રહી હોય... એમ કદાજ તપાસ કરનાર સેબીના કર્તાહર્તાઓને એક ઘડી તો લાગ્યુ હશે. કેમ કે એનએસઇ કોઇ યોગી-વોગીનું આશ્રમ નથી, દેશવિદેશના રોકાણકારો પોતાની મૂડી એ બજારમાં લગાવે છે એ વિશ્વાસે કે તે વિશ્વસનીય છે અને તેમાં હર્ષ મહેતા જેવી કોઇ ગેરરીતિ વગેરે. નહીં થાય, એવી સંસ્થાનું સંચાલન ચિત્રા નામની મહિલા કે જેમણે પોતે જેને જોયા નથી, એકેય વાર મળ્યા નથી, હિમાલયમાં રહેતા કોઇ યોગીબાબા સાથે માત્ર ઇમેઇલથી વ્યવહાર કરવાનો દાવો કર્યો એ મહિલાના કાર્યકાળમાં કેટલા શેરોમાં ઉથલપાથલો થઇ હશે તેની તપાસ થવી જોઇએ.

શેરબજારમાં અંદર કી બાત કોઇ એકને મળે તો રાતોરાત અબજોપતિ થઇ જાય એવી સંસ્થામાં 6 વર્ષ(2013થી 2016) સુધી ચિત્રા નામની આ મહિલાએ કેવુ સંચાલન કર્યુ હશે...? કો-લોકેશન ષડયંત્ર હેઠળ જે તે શેરોની ગોપનીય માહિતી લીક કરીને કેટલાય આબાદ થયા હશે તો કેટલાય બર્બાદ પણ થયા હશે...એ લોકોએ હવે જ્યારે ચિત્રાનો ભાંડો ચંદા કોચરની જેમ ફૂટી ગયો છે ત્યારે તપાસની માંગણી કરવી જોઇએ.

બાય ધ વે, તપાસ કરનાર સેબીએ એવુ શોધવાનો દાવો કર્યો કે ચિત્રાએ પોતાના મેન્ટર,,ગાઇડ અને પળે પળે માર્ગદર્શન આપનાર જે હિમાલયન અજ્ઞાત યોગીબાબાનો ઉલ્લેખ કર્યો તે અન્ય કોઇ નહીં પણ તેમણે 2013માં અન્ય કોઇ કંપનીમાં વર્ષે 15 લાખના પેકેજમાં નોકરી કરનારને એનએસઇમાં સ્ટ્રેટેજિક ઓફિસર તરીકે લાવીને ફટાફટ બઢતી આપીને છેલ્લે 2016માં વર્ષે 4 કરોડનું પેકેજ આપ્યું તે આનંદ સુબ્રમણ્યમ નામનો ફૂટડો યુવાન જ છે...! જે તેમનો ખાસમખાસ અધિકારી હતો.




મજા તો એ છે કે ચિત્રાએ આનંદની ભરતી-બઢતીમાં કોઇને પૂછવાની તસ્દી પણ લીધી નહોતી. તેનો એકલાનો ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યો હતો અને તેને સપ્તાહમાં માત્ર 3 દિવસ જ ઓફિસ આવવાની છૂટછાટ આપવામાં આવી હતી...બાકીનો સમય...? તેના ઉપર આટલો બધો અમરપ્રેમ અને ઉદારતા... એક યુવા અધિકારી પ્રત્યે શા માટે...? સેબીએ તપાસના પગલે આનંદ પર 2 કરોડનો દંડ ફટકાર્યો છે. પણ અન્ય કડક પગલા...? ચિત્રાને પણ દંડ ફટકારાયો અને હાલમાં જ તેને ત્યાં આવકવેરાના દરોડા પડ્યા છે....દરોડામાં શું મળ્યું તેની વિગતો બહાર આવશે અને કાંઇ વાંધાજનક હશે તો તેમની સામે કેસ પણ નોંધાઇ શકે. બે શક્તિશાળી મહિલાઓ . એક ખાનગી બેંક આઇસીઆઇસીઆઇના ચંદા કોચર અને બીજા એનએસઇના ચિત્રા રામકૃષ્ણ. ભારતના કોર્પોરેટના પ્લેટફોર્મ પર ચમકદમક બતાવનાર અને ઉંચે ઉંચે લોગ..ની સાથે ઉઠના-બૈઠના..ઝાકમઝોળ.. મિડિયામાં ચમકવાનું અને પછી..? પોતે જે બેંકના સર્વે સર્વા હતા તે ખાનગી આ ઇ સી આ ઇ સી આ ઇ ના બેંકમાંથી વિડિયોકોન કંપનીને 3 હજાર કરોડની લોન આપવામા કરેલા ગોટાળામાં ચંદા કોચર ભારતના કોર્પોરેટના પ્લેટફોર્મ પરથી અજ્ઞાત હિમાલયન યોગીબાબાની જેમ છૂમંતર..ગાયબ..! કદાજ ખૂણામાં બેસીને ગણગણાટ કરતા હશે- કોઇ લૌટા દો મેરે બિતે હુયે દિન...! અને હવે ત્રાટકવિદ્યા જેવો ચહેરો ધરાવનાર ચિત્રાનો વારો..?

# ચમકતી ત્વચા, રેશમી જાડા વાળ અને આંખો માટે દૈનિક ભોજનની ટિપ્સ...

બ્રે તમારી સૌંદર્યની બધી ચિંતાઓનું ધ્યાન રાખવા માટે સુપર ફૂડ્સ માટેની રોજિંદી માર્ગદર્શિકા પ્રમાણે ચોક્કસ સમસ્યાઓ માટે પાલન કરો.

આંખો : આંખની નીચે સોજો અને ડાર્ક સર્કલ - બીટ રુટ, કાકડી, વોટર તરબૂચ અને સેલરી, બ્લુ બેરી, વોટર તરબૂચ અને ગોજી બેરી જે આંખ હેઠળના સોજા અને ડાર્ક સર્કલ્સની સારવાર માટે અજાયબીનું કામ કરે છે.

ચહેરો : હળદર અને આદુ એન્ટિ-બ્લોટિંગ અને એન્ટિ-ઇન્ફ્લેમેશન માટે શ્રેષ્ઠ ખોરાક છે. હળદરની ગોળી સવારે ખાલી પેટે ખાવાથી પેટ ફૂલવાની સમસ્યામાં ચમત્કાર જેવું કામ કરે છે. તેમજ આદુ અને લેમન ગ્રાસ ટી એક ચપટી હળદર સાથે તરત જ પેટના ફૂલવાથી સારવાર આપે છે.

વાળ : વહેલી સવારે ગૂસબેરીના રસ, સાંજે હિબિસ્કસ ચાનો એક કપ, દિવસમાં એકવાર રાતભર પલાળેલા મેથીના પાણીનો એક ગ્લાસ અને રોજિંદા ભોજનમાં ઈંડા ખાવાથી તમારા વાળના સ્વાસ્થ્ય માટે એક અદ્ભુત ઉપાય છે.

ત્વચા : તમારા રોજિંદા આહારમાં સૂપ, કચુંબર, ફ્રુટ સ્મોથીના રૂપમાં વિટામિન સી સમૃદ્ધ ખોરાકનો સારી માત્રામાં સમાવેશ કરીને તમારા કોલેજન સ્તરને બૂસ્ટ કરો અને ત્વચાને ટોન કરો.



હેલ્થ એક્સપર્ટ
સાંચી નાયક

બદામ અને બીજ જેવા ખોરાક, બધા લીલા પાંદડાવાળા શાકભાજી, લસણ, ગાજર, કેપ્સિકમ, બ્રોકોલી, બ્રુસેલ્સ સ્પ્રાઉટ્સ, સાઇટ્રસ ફળો અને બેરી, હાડકાંનો સૂપ કોલેજન લેવાનો બીજો અદ્ભુત સ્ત્રોત છે.

નખ : પ્રોટીનથી ભરપૂર ખોરાક સિવાય વિટામિન બી, આયર્ન અને કેલ્શિયમથી ભરપૂર ખોરાક તમારા નખને સ્વસ્થ બનાવે છે.

શરીર: ડિટોક્સ ફૂડ: જીરું, લીલું મરચું, કાળા મરી, લસણ, આદુ, હળદર જેવા ઘટકો સાથે સૂપી સ્ટયૂમાં બનાવેલ તમામ ગોળ શાકભાજી (બોટલ ગાર્ડ્સ/સ્નેક ગાર્ડ્સ\કોળા) રાત્રિભોજન માટે અદ્ભુત સફાઇ રેસિપી બનાવે છે, અથવા તેને ડિટોક્સ બનાવો ઝેરને બહાર કાઢવા અને તમારા શરીરના અવયવોને એક કિક સ્ટાર્ટ આપવા માટે આ સ્ટયૂના 3-4 વાટકા ખાઓ.

તારણો :- પ્રોટીનની સારી માત્રા સાથે ઘણાં બધાં શાકભાજી અને ફળો ધરાવતાં પોષણમાં માત્ર તમારા આંતરિક અવયવોની તંદુરસ્તી જ નહીં, તમારા વાળ, ત્વચા અને આંખોની ગુણવત્તા પણ આ ખાદ્યપદાર્થો પર આધાર રાખે છે... રોજેરોજ આ વિધિઓનું પાલન કરવું આવશ્યક છે...

# આંખોના નંબર દૂર કરવા અજમાવો આ દેશી ઉપાય



આજના ઈન્ટરનેટના યુગમાં મોટાભાગના લોકો કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ ફોન પર કલાકો સુધી વ્યસ્ત રહે છે પરિણામે જેની હાનિકારક રોશની નાજુક આંખોને નુકસાન પહોંચાડે છે. જેના પગલે આંખે ઝાંખુ દેખાવું અથવા ચશ્માના નંબર આવી જાય છે. આ સ્થિતિ વચ્ચે ઘરેલુ નુસ્ખાનો ઉપયોગ કરીને આંખોને હેલ્થી પણ બનાવી શકો છો. તો આંખોની રોશનની સલામત રાખવા માંગતા હો તો આ ટિપ્સને જરૂર ફોલો કરો.

માખણ : કેલ્શિયમ અને વિટામિન એની કમી દૂર કરવા માટે માખણ અને દૂધને બાળકના આહારમાં સામેલ કરો. આ સિવાય એક કપ દૂધમાં 1/4 નાની ચમચી માખણ, જેઠીમધનો પાવડર અને એક ચમચી મધ મિક્સ કરીને બાળકને પીવડાવો.

ગાજર જ્યૂસ : ગાજર પણ આંખો માટે હિતકારી છે જેના પગલે ગાજર ખવડાવો. જો ગાજર ના ભાવે તો તેને જ્યુસ પીવો, ગાજરમાં રહેલું વિટામીન 'એ' આંખો માટે ફાયદાકારક છે તેનાથી આંખોની રોશની વધે છે.

ત્રિફલા ચૂર્ણ : આંખના નંબર ઉતારવા માટે ત્રિફળા ચૂર્ણ પણ કારગર છે. ત્રિફલાચૂર્ણ હરડે, બહેડા, આમળા ઉપકારક છે. આ ત્રણેય ફળને અધકચરા ખાંડી નાખો અને તેની સફેદ કાપડમાં પોટલી વાળી દો. આ પોટલીને રાત્રે તાંબાના પાણી ભરેલા કળશમાં ડુબાડી દો. હવે સવાર બ્રશ કર્યા બાદ મોંમાં પાણી ભરીને આંખોમાં તાંબાના કળશમાં ભરેલું પાણી છાંટો. આ પ્રયોગ એક વર્ષ સુધી કરવાથી આંખોના નંબર ઉતરી જાય છે. પાણીમાં પલાળેલી બદામ પણ ફાયદાકારક છે. રાત્રે પાંચ દાણા બદામને પાણીમાં પલાળી દો પછી તેને સવારે ખાઈ લો. આવું કરવાથી પણ આંખોની રોશની વધે છે.

આમળાનો જ્યૂસ : આમળામાં વિટામીન સીની માત્રા વધુ હોવાથી તે આંખો માટે ઘણા ફાયદાકારક છે. આમળાનું સેવન તમે પાવડર, કેપ્સ્યુલ, જામ કે પછી જ્યૂસ બનાવીને કરી શકો છો. જો કે સૌથી સારી રીત હોય તો રોજ સવારે મધની સાથે તાઝા આમળાનો રસ પીવાથી કે પછી રાત્રે ઉંઘતા પહેલા પાણીની સાથે એક ચમચી આમળા પાવડરની ફાંકી લેવાથી પણ તમને ફાયદો થઈ શકે છે. આ ફાંકી લીધા બાદ પાણી ન પીવું અને સવારે પણ આમળાનો રસ પીઓ તે પછી પણ તાત્કાલિક પાણી પીવાની મનાઈ છે.

વહેલી સવારે ખુલ્લા પગે ઘાસમાં ચાલો : જો તમને વહેલી સવારે ઉઠી જવાની ટેવ હોય તો તમારે સવાર સવારમાં ઘરની નજીક કોઈ ગ્રાડન આવ્યું હોય તો ત્યાં ચાલ્યા જવું જોઈએ. આયુર્વેદ કહે છે કે વહેલી સવારે ઝાકળછાયા લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાથી દૃષ્ટિ તેજ બને છે. જો કે તેના માટે સૂર્યોદય થાય તે પહેલા ઉઠવું જરૂરી છે, જો તમે ચશ્માના નંબર ઉતારવા માંગો છો તો આ બાબતને તમારી દિનચર્યાનો એક ભાગ બનાવી લેવો જોઈએ.

સવારે ઊઠી હથેળી ઘસીને આંખોને શેક : સવારે જ્યારે પણ તમે ઉઠતા હો ત્યારે તમારા બંને હાથની હથેળીને એકબીજા સાથે પરસ્પર જોરથી ઘસો, અને જ્યારે તમારી હથેળીમાં ગરમાટો જેવું લાગે તે પછી બંને હથેળી તમારી આંખો પર મુકી દો, આ રીતે આંખોને શેક આપો. આવું સવારે ઉઠીને ઓછામાં ઓછું ચારથી પાંચ વાર કરો, એના કારણે તમારી આંખોને ઘણો ફાયદો થઈ શકે છે.

ઉપર જે આઠ ઉપાયો જણાવ્યા છે તેમાંથી કોઈપણ એક જ ઉપાય કરવાનો છે અને તે પણ નિયમિત કરવો જરૂરી છે. ખાલી એ ઉપાય કરીને તમે એમ સમજો કે તમારી આંખના નંબર ઉતરી જશે તો એવું નથી. તેની સાથે તમારે કેટલાક નિયમોનું પાલન કરવું પણ જરૂરી છે. જેમ કે ઉજાગરા ન કરવા, ટીવી જોવાનું ઓછું રાખવું અને બહારથી ઘરે જાઓ ત્યારે ઠંડા પાણીથી તમારી આંખોને ધોવી.

# રોજ રાત્રે સૂતા પહેલા અજમો ખાવાના અઢળક ફાયદા



અજવાઈન એટલે કે અજમો દરેક ઘરના રસોડામાં હાજર હોય છે. તેનો ઉપયોગ પરોઠા, પુરીઓથી લઈને શાકભાજી અને અન્ય વાનગીઓમાં થાય છે. તે ખાવાને સ્વાદિષ્ટ તો બનાવે જ છે, પરંતુ તે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે.

આયુર્વેદમાં અજવાઈનનો ઉપયોગ તમામ રોગોથી રાહત મેળવવા માટે કરવામાં આવે છે. તેમાં પ્રોટીન, ફાઈબર, કેલ્શિયમ, આયર્ન ઉપરાંત આવા અનેક ઔષધીય તત્ત્વો હાજર છે, તેથી તે ઘણી બધી સમસ્યાઓમાં રાહત આપવામાં ઉપયોગી છે. પેટની સમસ્યાઓ માટે તેને રામબાણ માનવામાં આવે છે. એવું કહેવાય છે કે જો કોઈ વ્યક્તિ રોજ રાત્રે સૂતા પહેલા અજમાંનું સેવન કરે તો ઘણી સમસ્યાઓથી છૂટકારો મેળવી શકાય છે.

**પાચન સમસ્યાઓ** : જો કોઈ વ્યક્તિને પાચન, રોજેરોજ ગેસ, એસિડિટી, ખાટા ઓડકાર વગેરે સંબંધિત સમસ્યાઓ હોય તો તેણે રાત્રે સૂતા પહેલા અજમો ખાવો જોઈએ. આ માટે રાત્રે અજમાને શેકી અને ચાવ્યા પછી ખાઓ અને ઉપરથી હૂંફાળું પાણી પીવો. તેનાથી થોડા દિવસોમાં રાહત મળવા લાગશે. કબજિયાતની સમસ્યા પણ આ ઉપાયથી દૂર કરી શકાય છે.

**અસ્થમા અને ખાંસી** : અડધા કપ પાણીમાં અડધો કપ અજમાનો રસ મિક્સ કરી સવાર સાંજ જમ્યા પછી પીવાથી અસ્થમા ઠીક રહે છે. આ ઉપરાંત ખાંસીમાં રાહત માટે અજમાના રસમાં એક ચપટી સંચળ મિક્સ કરી સેવન કરો અને પછી ગરમ પાણી પી લો.

**પીઠના દુખાવામાં રાહત** : જો તમને વારંવાર તમારી પીઠમાં દુખાવો થતો હોય અથવા સાંધાના દુખાવાની ફરિયાદ રહેતી હોય તો અજમાનું સેવન તમારા માટે ઉપયોગી છે. દરરોજ રાત્રે સૂતા પહેલા થોડા અજમાના દાણા શેકીને હુંફાળા પાણી સાથે લો. આ સિવાય તમે તેને પાણીમાં ઉકાળીને તેનું પાણી ગાળીને ચુસ્કીઓ સાથે પી શકો છો. દરરોજ રાત્રે આમ કરવાથી તમને થોડા દિવસોમાં દર્દમાં ઘણો ફરક જોવા મળશે.

અનિદ્રાની સમસ્યા : આજકાલ ઊંઘ ન આવવાની સમસ્યા પણ સામાન્ય બની ગઈ છે.

# કોથમીરને લાંબા સમય સુધી તાજી રાખવા આ ટિપ્સ અજમાવો

રસોઈ બનાવતી વખતે ભોજનમા લીલી કોથમીર ઉમેરવામાં આવે તો તેનો સ્વાદ અને દેખાવ બંને બદલાઇ જાય છે. મુખ્યત્વે આપણે તેનો ઉપયોગ આપણે કોઇપણ ભોજનની સજાવટ માટે પણ કરીએ છીએ. કોથમીર એ આપણા સ્વાસ્થય માટે ખુબ જ લાભદાયી માનવામા આવે છે પરંતુ, હાલ ઉનાળાની શરૂઆત થઇ ચુકી છે, તો કોથમીર બગડી જાય છે.



આપણે બજારમાથી કોથમીર લાવીને ખરીદીને તેને ફ્રીઝમા મૂકી દઇએ છીએ પરંતુ, તે ફ્રીઝમા થોડોક સમય રાખ્યા બાદ બગડી જાય છે. જો તમારી સાથે પણ કઇક આવુ જ થઇ રહ્યું છે, તો કોથમીરને લીલી અને તાજી રાખવા માટે આજે આપણે અમુક ઉપાય જણાવીશુ , જેને અજમાવીને તમે તેને હંમેશા માટે તાજી રાખી શકો છો.

સૌથી પહેલા કોથમીર લઈને તેની પાછળની દાંડી તોડી નાખો. ત્યારબાદ એ વાતની વિશેષ સાવચેતી રાખવી કે, આ કોથમીરને ધોવાની નથી. હવે એક એર ટાઇટ ડબ્બો લઇ લો અને ત્યારબાદ તેની નીચે ટિશુ પેપર મૂકો અને તેના પર કોથમીર ફેલાવી દો. ત્યારબાદ કોથમીરની ઉપર પણ ટિશૂ પેપર લગાવી દો અને આ ડબ્બાને બંધ કરી દો.

હવે, તમારી કોથમીર સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને હવે તમે તેને ફ્રીઝમાં રાખી શકો છો. આ રીતે કોથમીરને ફ્રીજમા રાખવાથી તે લાંબો સમય સુધી સારી રહે છે અને તેનો ઉપયોગ પણ કરી શકાય છે.

આ રીતે કોથમીર રાખવાથી તે ક્યારેય બગડશે નહીં. આ કોથમીરને તાજી રાખવાનો સૌથી અસરકારક અને શ્રેષ્ઠ ઉપાય છે.

# સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે ખાસ ટિપ્સ

મિત્રો, આજે તમને અહિયાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી તેના વિશે માહિતી મળશે. હાલના સમયમાં જોવા જઈએ તો લગભગ બધા જ લોકો સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં હોય છે પણ તેમને યોગ્ય માર્ગદર્શન નથી હોતું કે આ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવી કેવી રીતે. કોઈપણ પરીક્ષા માટે તમે તૈયારી કરી રહ્યા હોય તો તેના માટે તમારી પાસે તે પરીક્ષા વિશેનું યોગ્ય જ્ઞાન હોવું જરૂરી છે. માટે હું અહિયાં આ વિશે કેટલીક માહિતી મૂકી રહયો છું. પરીક્ષા વિશે જાણો, જૂના પેપર જુઓ અને તેનો અભ્યાસક્રમ જુઓ: મિત્રો જ્યારે પણ આપણે કોઈપણ પરીક્ષાની તૈયારી શરૂ કરવાના હોઈએ તો તે પરીક્ષા વિશે આપણને થોડીઘણી માહિતી તો હોવી જ જોઈએ. બીજી વાત એ છે કે તે પરીક્ષાના જૂના પેપર જોવા અને તેનો અભ્યાસક્રમ જોવો. આમ કરવાથી તમને તે પરીક્ષા વિશે તમામ માહિતી મળી રહેશે. પહેલા તો તમે જૂના પેપર જોશો એટલે તમને ખ્યાલ આવી જશે કે આ પરીક્ષામાં પેપર કેવા આવે છે. અભ્યાસક્રમ જોશો એટલે તમને ખબર પડશે કે આ પરીક્ષામાં કયા વિષયમાંથી કેટલા ગુણના પ્રશ્નો આવશે. આ બધી જ માહિતી તમને જૂના પેપર જોવાથી અને તે પરીક્ષાનો અભ્યાસક્રમ જોવાથી મળી રેહશે.

અભ્યાસક્રમ અને જૂના પેપર જોયા બાદ તમારે કયા




વિષયની તૈયારી ક્યારે કરવી તેના માટેનું એક સરસ ટાઈમ ટેબલ તમારા સમય મુજબ તૈયાર કરો. ટાઈમ ટેબલ એવું તૈયાર કરો કે તેમાં તમારી પરીક્ષા મુજબના દરેક વિષયો આવી જાય. કયા સમયે કયો વિષય વાંચવો અને તેના પાછળ કેટલો સમય આપવો તે બધુ વિગતવાર લખી અને ટાઈમ ટેબલ તૈયાર કરો. ટાઈમ ટેબલ તમે જે બનાવ્યું છે તે સમય બદલાવો ના જોઈએ. જો વારંવાર એવું થશે તો તમારી તૈયારી સરખી રીતે થઈ નહીં શકે. તમે જે ટાઈમ ટેબલ બનાવ્યું છે તેનું પાલન કરો.

સમાચારપત્રોનું વાંચન રોજ કરવું તે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં મિત્રો માટે ખૂબ જ અગત્યનું માનવમાં આવે છે. કારણ કે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં જે કરંટ અફેર્સ પૂછે છે તે કરંટ અફેર્સ રોજબરોજ બનતી ઘટનાઓ આધારિત પૂછાતા હોય છે. કોઈ રાજકીય મુદ્દો હોય અથવા તો કોઈ વ્યક્તિને સન્માન મળ્યું હોય, અથવા તો કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિનું અવસાન થયું હોય આ બધી જ માહિતી રોજેરોજ પેપરમાં આવતી હોય છે અને સ્પર્ધાત્મક પરીક્ષામાં આવા પ્રશ્નો અવારનવાર પૂછાતા રહેતા હોય છે. માટે જો તમને ન્યૂઝપેપર વાંચવાની ટેવ ના હોય તો તેનું રોજ વાંચન કરવાની ટેવ પાડો. જો આપણે વાંચવા બેઠા જ હોઈએ અને જે ચેપ્ટર પૂરું જ કરવાનું હોય તો તેને પૂરું વાંચીને જ ઊભા થાઓ. તેને અધૂરું ક્યારેય ના છોડો. જો કોઈ મહત્વનુ કામ આવી ગયું હોય અને આવું કરો તો વાંધો નહીં પણ જો બે કે તેથી વધારે દિવસ આવુ થતું રહશે તે તમને વાંચવામાં રસ નહીં પડે અને બીજી વાત કે તમે જે વાંચ્યું હશે તે પણ યાદ નહીં રહે. તમે જે પણ તૈયારી કરો તેની નોટ્સ બનાવો: નોટ્સ બનાવવી એ ખૂબ જ ફાયદાકારક હોય છે.

# ચહેરાને ચકચકાટ કરશે ચણાના લોટનો ફેસપેક

ચણાના લોટ અને દૂધ બંને રસોડામાં જોવા મળે છે, જે આપણી સુંદરતા વધારવા માટે વાપરી શકાય છે. આપણે બધા જાણીએ છીએ કે દૂધમાં ઘણા પોષક તત્વો હોય છે. તે આપણા શરીરને મજબૂત અને આપણા વિકાસમાં ખૂબ મદદરૂપ બનાવે છે. ચણાના લોટમાં બનેલી ઘણી સ્વાદિષ્ટ વાનગીઓ હોય છે, પરંતુ આ બંને આપણી સુંદરતામાં સુધારણા લાંબુ આગળ વધી શકે છે. જૂના સમયમાં રાજ પરિવારની મહિલાઓ દૂધથી નહાતી હતી.

ચણાના લોટની સૌથી મોટી વિશેષતા એ છે કે તે તમામ પ્રકારની ત્વચા અને તમામ પ્રકારની સમસ્યાઓ પર તેની સુંદરતા બતાવી શકે છે. તો ચાલો જાણીએ દૂધ અને ચણાના લોટથી તમારી સુંદરતા કેવી રીતે વધારી શકાય, કાચુ દૂધ ચહેરા માટે સારું છે. તમે તેને ક્લીંઝર તરીકે વાપરી શકો છો. જો તમે રોજ દૂધનો ઉપયોગ કરો છો તો તે તમારા ચહેરા પરથી ડાઘ, ફોલ્લીઓ, ફ્રિકલ્સ અને કરચલીઓ દૂર કરશે. જૂના સમયમાં, જેમ કે સ્ત્રીઓ દૂધનો ઉપયોગ કરતી હતી, તે જ રીતે ચણાનો લોટ પણ સુંદરતા માટે ઉપયોગમાં લેવામાં આવતો



હતો.

**સુકી ત્વચા માટે ફેસ પેક**

શુષ્ક ત્વચા શિયાળામાં સામાન્ય સમસ્યા છે. આ સમસ્યાથી છૂટકારો મેળવવા તમે બેસન અને મિલ્ક ફેસ પેકનો ઉપયોગ કરી શકો છો. આ માટે દૂધ, મધ અને એક ચપટી હળદર મિક્સ કરીને પેસ્ટ બનાવો. આ પેસ્ટને ચહેરા પર લગાવો અને 15 થી 20 મિનિટ સુધી રાખો.જ્યારે તે સુકાઈ જાય છે ત્યારબાદ તેને હળવા પાણીથી ધોઈ લો. તે ત્વચાને પ્રાકૃતિક ભેજ આપે છે અને દૂધ ત્વચાને વધારે છે. પરંતુ જે મહિલાઓની ત્વચા તેલયુક્ત હોય છે, તે ચણાના લોટમાં દૂધને બદલે દહીં અને ગુલાબજળ મિક્સ કરીને ફેસ પેક બનાવે છે. તે ચહેરાના બધા તેલને દૂર કરશે અને ત્વચાનો રંગ વધારશે.

**અનિચ્છનીય વાળ દૂર કરવા માટે**

બેસન તમારી ત્વચામાંથી વાળ કાઢે છે સાથે સાથે તેની ચમક વધારે છે, એ જ કાચુ દૂધ ત્વચામાં ભેજ લાવે છે. આ પેસ્ટ બનાવવા માટે હળદર પણ જરૂરી છે. પેક તૈયાર કરવા માટે, તમારે એક ચમચી ચણાનો લોટ, એક ચપટી હળદર, 3 ચમચી દૂધ અને બે થી ત્રણ ટીપાં ડેટોલ નાખીને બરાબર મિક્ષ કરી લો, પછી તમે તેને ચહેરા પર લગાવો અને સુકાવા દો, સૂકાયા પછી ચહેરો પાણીથી ધોઈ લો. આ પેસ્ટથી તમે પગ અથવા હાથમાં મીણ પણ લગાવી શકો છો. મીણ કરવા માટે, તમે આ પેસ્ટમાં ડીટોલના થોડા ટીપાં ઉમેરી શકો છો.

**ખીલથી બચાવવા માટે**

જો મહિલાઓના ચહેરા પર એક પણ ખીલ આવે છે, તો તે સમય તેના માટે સૌથી મોટી ચિંતાનો વિષય બને છે. પરંતુ આ માટે તમે ચિંતા કર્યા વિના ફેસ પેક બનાવીને તેને ચહેરા પર લગાવી શકો છો. આ માટે તમે ચંદનના પાવડર સાથે ચંદન પાવડર અને હળદર મિક્સ કરીને પેસ્ટ બનાવો.

આ પેસ્ટને ચહેરા પર લગાવો અને 20 મિનિટ સુધી રાખો. જ્યારે તે સુકાઈ જાય છે, તમારા ચહેરાને હળવા પાણીથી ધોઈ લો, આ સિવાય ચણાના લોટમાં મધ ઉમેરવાથી પણ ખીલની સમસ્યાથી રાહત મળે છે. તમે ચહેરા પર ચણાના લોટમાં કાકડી પણ લગાવી શકો છો. આ તમારા ચહેરા પરના ખુલ્લા છિદ્રોને પણ દૂર કરશે. આ પેસ્ટને તમારી ત્વચા પર લગાવો અને સૂકાયા પછી ઠંડા પાણીથી ધોઈ લો, તમારી ત્વચા સાફ રાખવા માટે તે ખૂબ જ ફાયદાકારક છે.

**ચમકતી ત્વચા માટે**

આ ફેસ પેક બનાવવા માટે, દૂધમાં ચણાનો લોટ અને હળદર મિક્સ કરીને જાડા પેસ્ટ તૈયાર કરો. હવે આ ફેસ પેકને આંખોની નીચે અને ઉપર સિવાય આખા ચહેરા પર લગાવો. બાકીની પેસ્ટ ઘૂંટણ અને ગળા પર પણ લગાવી શકાય છે.જ્યારે તે સુકાઈ જાય છે, તમારા ચહેરાને હળવા પાણીથી ધોઈ લો, થોડા દિવસો સુધી તેનો ઉપયોગ કર્યા પછી, તમે તેની અસર જોશો.

# ગ્રીન ટી ના પીતા હોવ તો પીવા માંડજો...

છેલ્લા ઘણા સમયથી લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થયા છે. જેમાં ખાસ કરીને સ્ત્રીઓ ફિટનેસ માટે હવે વધુ ધ્યાન આપતી થઇ છે. એટલું જ નહીં, પોતાનું વજન વધી ન જાય અને આરોગ્ય સારું રહે તેને માટે શું ખાવુ-પીવું તેનું ધ્યાન પણ રાખતા થયા છે. ત્યારે ગ્રીન ટી એક એવું પીણું છે કે જેનાથી શરીરમાં અનેક ફાયદા થાય છે. જે લોકો ફિટ એન્ડ ફાઇન રહેવા માગે છે તેઓ ગ્રીન ટી પીએ છે. ગ્રીન ટીમાં રહેલાં વિટામિન, ફોલેટ, મેંગેનીઝ, પોટેશિયમ, મેગ્નેશિયમ, કેફીન અને કેટેકીન્સ જેવાં અન્ય ઓન્ટિઓક્સિડન્ટ્સના કારણે શરીરમાં રહેલી કેલરી ઝડપથી બળે છે. ગ્રીન ટી પીવાનું શરીર માટે ફાયદાકારક માનવામાં આવે છે. સામાન્ય લોકો પણ હવે ગ્રીન ટી પીવા લાગ્યાં છે.

આરોગ્ય નિષ્ણાતોએ તો ગ્રીન ટીને બે મોઢે



વખાણી છે. ગ્રીન ટી વજન ઘટાડવામાં, કેન્સર સામે લડત આપવામાં, અલ્ઝાઇમર તેમજ હાઇ બ્લડ પ્રેશરમાં રાહત આપવામાં મદદ કરે છે. ગ્રીન ટી સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી સાથે જોડાઇ ગઇ છે. વાસ્તવમાં ગ્રીન ટી વર્ષોથી લોકપ્રિય છે.

ડિપ્રેશન સહિતની કંઇ કેટલીય બીમારીઓના ઇલાજ માટે વપરાતી ઔષધિઓમાં ગ્રીન ટીનો ઉપયોગ થાય છે. વજન ઘટાડવા માટે ગ્રીન ટી ખૂબ જ ફાયદાકારક છે. સામાન્ય લોકો પણ હવે તેનાથી પ્રભાવિત થઇ ગ્રીન ટી પીવા લાગ્યા છે. ગ્રીન ટીના સતત સેવનથી વજનમાં ઘટાડો થાય છે.

નિષ્ણાતોના કહેવા પ્રમાણે, ગ્રીન ટી વજન કાબૂમાં રાખે છે. તેમાં રહેલા એન્ટિઓક્સિડન્ટ્સથી ઘણાં પ્રકારના કેન્સર, અલ્ઝાઇમર અને હૃદય રોગ સામે લડી શકાય છે. ગ્રી ટીનએવું પણ માનવામાં આવે છે કે, ગ્રીન ટીમાં રહેલા બી વિટામીનો, ફોલેટ (કુદરતી રીતે પેદા થતું ફોલિક એસિડ), મેંગેનીસ, પોટેશિયમ, મેગ્નેશિયમ, કેફીન અને કેટેકીન્સ જેવા અન્ય ઓન્ટિઓક્સિડન્ટ્સને કારણે શરીરમાં રહેલી કેલેરી ઝડપથી બળી જાય છે. વેટ લોસ પ્રોડક્ટ્સમાં સામાન્ય રીતે પીણાં તરીકે પીવાતી ગ્રીન ટીમાં હોય તેના કરતાં કેટેકીન્સ અને કેફીનનું પ્રમાણ વધુ હોય છે. જો કે વર્ષ 2012 માં કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે, ગ્રીન ટીથી વજન ઘટાડવામાં વધુ મદદ નથી મળતી. એક સર્વેક્ષણના રિપોર્ટ મુજબ, ગ્રીન ટીમાં રહેલા કેટેકીન્સને કારણે નિયમિત રીતે ગ્રીન ટી અને બ્લેક ટી પીતાં લોકોને કોલેસ્ટરોલ અને બ્લડ પ્રેશરની તકલીફ ઓછી થાય છે.

ભારતીય ટીમ શ્રેણી જીતવા હોટ ફેવરીટ

# ભારત-શ્રીલંકા વચ્ચે આજે ટી-૨૦ સીરિઝની પ્રથમ ટવેન્ટી-ટવેન્ટી

ગુજરાત વંદન




ભારતે તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ ટીમને વનેડ અને ટી-20માં સૂંપડા સાફ કરતા શ્રેણીમાં એકતરફી રીતે હરાવીને શ્રેણી 3-0 થી કબજે કરી હતી ત્યારે હવે આજથી શરૂ થતી શ્રીલંકા વિરુદ્ધ ટી-20 મેચમાં ચારો ખાના ચિત કરવા મેદાનમાં ઉતરશે. કેરેબિયન શ્રેણીમાં ભારતના યુવા સ્ટાર્સે જોરદાર રમત બતાવી અને પોતાનો પ્રભાવ છોડ્યો હતો. આનું પરિણામ એ આવ્યું કે ઘણા મુખ્ય ખેલાડીઓની ગેરહાજરી છતાં, ભારતે ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં બે વખતના વિશ્વ ચેમ્પિયનને એક પણ મેચ જીતવા દીધી નહીં. ભારતે શ્રીલંકા સામે ત્રણ મેચની T20 શ્રેણી અને પછી બે મેચની ટેસ્ટ શ્રેણી રમવાની છે. આજથી એટલે કે 24 ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકા વચ્ચે ટી-20 શ્રેણીની પ્રથમ મેચ લખનૌના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. આ સિરીઝ માટે ટીમ ઈન્ડિયામાં વિરાટ કોહલી અને રિષભ પંતને આરામ આપવામાં આવ્યો છે.

આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં T20 વર્લ્ડ કપ રમાવાનો છે અને કેપ્ટન રોહિત શર્મા, કોચ રાહુલ દ્રવિડ તેની તૈયારી કરી રહ્યા છે. શ્રીલંકા સામેની ટી-20 શ્રેણીમાં ભારતીય ટીમને તેમના ખેલાડીઓ અને સંયોજનને ચકાસવાની વધુ એક તક મળશે.

આ સિરીઝની સાથે જ રોહિત ટેસ્ટમાં પણ કેપ્ટન્સી ડેબ્યૂ કરશે. તે પ્રથમ વખત ફુલ ટાઈમ કેપ્ટન તરીકે ટેસ્ટમાં પ્રવેશ કરશે. વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકામાં ટેસ્ટ શ્રેણીમાં હાર બાદ લાંબા ફોર્મેટમાંથી કેપ્ટનશિપ છોડવાનો નિર્ણય લીધો હતો. આ પછી રોહિત શર્માને ટેસ્ટ ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. ભારત અને શ્રીલંકા વચ્ચે રમાનારી શ્રેણીની શરુઆત 24 ફેબ્રુઆરીથી થનારી છે. બંને વચ્ચે લખનઉમાં ટી20 મેચ સાથે સિરીઝની શરુઆત થશે. આ માટે ભારતીય ટીમ સોમવાર થી જ લખનઉ પહોંચી ચુકી છે. જ્યારે ટેસ્ટ મેચનો પ્રારંભ 4 માર્ચ થી શરુ થશે. નોંધનીય છે કે, શ્રીલંકાની ટીમ તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન ટી-20 શ્રેણીમાં 4-1થી કારમો પરાજયનો સમાનો કરવો પડ્યો હતો.

| | | |
|---|---|---|
| પ્રથમ મેચ | 24 ફેબ્રુઆરી | અટલ બિહારી વાજપેયી ઇકાના ક્રિકેટ સ્ટેડિયમ, લખનૌ |
| બીજી મેચ | 26 ફેબ્રુઆરી | હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ, ધર્મશાલા |
| ત્રીજી મેચ | 27 ફેબ્રુઆરી | હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ, ધર્મશાલા |
| ટેસ્ટ શ્રેણી (2 મેચ) | | |
| પ્રથમ ટેસ્ટ | 4-8 માર્ચ | પંજાબ ક્રિકેટ એસોસિએશન આઇએસ બિન્દ્રા સ્ટેડિયમ, મોહાલી |
| બીજી ટેસ્ટ | 12-16 માર્ચ | એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ, બેંગ્લુરુ |

ટેસ્ટ ટીમમાંથી રહાણે-પુજારા OUT, ગુજરાતના પ્રિયાંકની એન્ટ્રી

# રોહિત શર્મા ટેસ્ટ ટીમનો નવો કેપ્ટન

ગુજરાત વંદન



ભારતીય ટેસ્ટ ટીમની કમાન રોહિત શર્માને સોંપવામા આવી છે જેના પગલે હવે રોહિત વન્ડે, ટી-20 સહિત ત્રણેય ફોર્મેટમાં ટીમની કમાન સંભાળશે. ભારતીય પસંદગી સમિતિના અધ્યક્ષ ચેતન શર્માએ પત્રકાર પરિષદ યોજીને આ અંગેની જાહેરાત કરી હતી. બીજી બીજુ શ્રીલંકા સામે રમાનાર 3 મેચની ટી-20 અને ટેસ્ટ શ્રેણી માટે પણ ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. વિરાટ કોહલી અને રિષભ પંતને T-20 શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો છે.

પ્રેસ કોન્ફરન્સમાં ચેતન શર્માએ કહ્યું કે ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચની ટેસ્ટ સિરીઝ રમાશે જેમાં રોહિત પ્રથમ વખત ટેસ્ટ ટીમની કમાન સંભાળતો જોવા મળશે. 2013માં ભારત માટે પ્રથમ ટેસ્ટ રમનાર રોહિત ટીમ ઈન્ડિયાનો 35મો ટેસ્ટ કેપ્ટન હશે. ભારત અને શ્રીલંકા વચ્ચે પ્રથમ ટેસ્ટ 4 માર્ચથી મોહાલીમાં રમાશે.

નોંધનીય છે કે, વિરાટને ODI ટીમના સુકાનીપદેથી હટાવ્યા બાદ BCCIએ 50 ઓવરની ટીમની કમાન પણ હિટમેનને સોંપી હતી, પરંતુ દક્ષિણ આફ્રિકાના પ્રવાસ પહેલા ફિટનેસના કારણોસર તે પ્રવાસ પર જઈ શક્યો ન હતો અને તેના સ્થાને કેએલ રાહુલને કપ્તાન બનાવાયો હતો. ભારતનો 0-3થી ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો હતો.

BCCIએ મંગળવારે ઈન્ડિયા અને શ્રીલંકા વચ્ચે આયોજિત સિરીઝના શિડ્યૂલ અંગે જાહેરાત કરી દીધી છે. આ ટૂરની શરૂઆત 24 ફેબ્રુઆરીથી થશે, જેમાં 2 મેચની ટેસ્ટ સિરીઝ 4 માર્ચથી શરૂ થશે. ઉલ્લેખનીય છે કે મોહાલી ટેસ્ટ મેચથી 4 માર્ચે વિરાટ કોહલી 100મી ટેસ્ટ રમવા માટે મેદાનમાં ઊતરશે. વળી, T20 સિરીઝની શરૂઆત 24 ફેબ્રુઆરીથી શરૂ થશે.

T20 ટીમ : રોહિત શર્મા (કેપ્ટન), ઋતુરાજ ગાયકવાડ, ઈશાન કિશન અને સંજુ સેમસન (વિકેટકીપર), સૂર્યકુમાર યાદવ, શ્રેયસ ઐયર, વેંકટેશ ઐયર, દીપક ચહર, જસપ્રીત બુમરાહ (વી. કેપ્ટન), ભુવનેશ્વર કુમાર, દીપક ચહર, હર્ષલ પટેલ, મોહમ્મદ સિરાજ, , રવિન્દ્ર જાડેજા, યુઝવેન્દ્ર ચહલ, રવિ બિશ્નોઈ, કુલદીપ યાદવ, અવેશ ખાન.

ટેસ્ટ ટીમ : રોહિત શર્મા (કેપ્ટન), મયંક અગ્રવાલ, પ્રિયાંક પંચાલ, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, હનુમા વિહારી, શુભમન ગિલ, ઋષભ પંત, કેએસ ભરત, આર અશ્વિન, રવીન્દ્ર જાડેજા, જયંત યાદવ, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ (વી.) કેપ્ટન), મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ, ઉમેશ યાદવ, સૌરભ કુમાર.

શ્રીલંકા સામે સીરિઝ પહેલા ટીમ ઈન્ડિયાને ડબલ ઝટકો

# દીપક ચહર બાદ સ્ટાર બેટર સૂર્યકુમાર યાદવ પણ બહાર

ગુજરાત વંદન




શ્રીલંકા વિરુદ્ધ 24 ફેબ્રુઆરીથી શરૂ થતી ટી-20 શ્રેણી પહેલા જ ભારતીય ટીમને એક મોટો ફટકો પડ્યો છે. મિડલ ઓર્ડરમાં આક્રમક બેટિંગ કરનાર સૂર્યકુમાર યાદવ હેયરલાઈન ફ્રેક્ચર હોવાના કારણે શ્રીલંકા સામેની શ્રેણીમાં બહારી થઈ ગયો છે. નોંધનીય છે કે, આ અગાઉ વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ બોલિંગ કરતા સમયે ઈજાગ્રસ્ત થયેલ દિપક ચાહર શ્રીલંકા સિરીઝની બહાર થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે, વેસ્ટઈન્ડિઝ સામેની ટી-20 સિરીઝમાં શાનદાર બેટિંગ કરતા અંતિમ મેચમાં મેન ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો. આ ખેલાડીએ વેસ્ટ ઈન્ડિઝ સામેની T20 શ્રેણીમાં ટીમ ઈન્ડિયાને ક્લીન સ્વીપ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આવી સ્થિતિમાં તેની ગેરહાજરી ટીમ માટે ચિંતા ઊભી કરી શકે છે. એક ક્રિકેટ એજન્સીના અહેવાલ મુજબ વેસ્ટઈન્ડિઝ વિરુદ્ધ ત્રીજી ટી-20માં તે ઈજાગ્રસ્ત થયો હતો. તેની ઈજા કેટલી ગંભીર છે અને કમબેક કરતા કેટલો સમય લાગશે તેની હાલ જાણકારી નથી.

૧૬ વર્ષીય ભારતીય ગ્રાન્ડ માસ્ટરની કમાલ

# પ્રાગનનંદાએ વર્લ્ડ નંબર-૧ મેગનસ કાર્લસને હરાવી રચ્યો નવો ઈતિહાસ

ગુજરાત વંદન



ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર આર પ્રાગનનંદાએ ઓનલાઈન રેપિડ ચેસ ટૂર્નામેન્ટ એરથિંગ્સ માસ્ટર્સમાં મોટો ફેરફાર કર્યો છે. તેણે વિશ્વના નંબર વન મેગનસ કાર્લસનને હરાવ્યો હતો. પ્રજ્ઞાનંદાએ સોમવારે સવારે રમાયેલી મેચમાં કાર્લસનને 39 ચાલમાં હરાવ્યો હતો જેના પગલે કાર્લસનના વિજય અભિયાનનો અંત લાવ્યો હતો, જેણે અગાઉ સતત ત્રણ મેચ જીતી હતી. 16 વર્ષીય ભારતીય ગ્રાન્ડમાસ્ટરના આ જીતથી આઠ પોઈન્ટ છે અને તે આઠમા રાઉન્ડ બાદ સંયુક્ત 12મા સ્થાને છે.

તેણે અગાઉ લેવ એરોનિયન સામે માત્ર જીત નોંધાવી હતી. આ સિવાય પ્રજ્ઞાનંદે બે ગેમ ડ્રોમાં રમી હતી, જ્યારે ચાર ગેમમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. થોડા મહિના પહેલા નોર્વેના કાર્લસન સામે વર્લ્ડ ચેમ્પિયનશિપ મેચ હારી ગયેલો રશિયાનો ઈયાન નેપોમ્નિઆચી 19 પોઈન્ટ સાથે ટોપ પર છે. તેઓ પછી ડીંગ લિરેન અને હેન્સેન (બંને 15 પોઈન્ટ) આવે છે. એરથિંગ્સ માસ્ટર્સમાં 16 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આમાં, ખેલાડીને જીત માટે ત્રણ પોઈન્ટ અને ડ્રો માટે એક પોઈન્ટ મળે છે. પ્રાથમિક તબક્કામાં હજુ સાત રાઉન્ડ રમવાના બાકી છે. રમેશબાબુ પ્રાગનનંદા તમિલનાડુના છે. તેણે સાત વર્ષની ઉંમરે વર્લ્ડ યુથ ચેસ ચેમ્પિયનશીપ જીતી હતી. તે પછી નવ વર્ષની ઉંમરે તેણે અંડર-10નો ખિતાબ જીત્યો. તે ગ્રાન્ડમાસ્ટર બનનાર વિશ્વનો પાંચમો સૌથી યુવા ચેસ ખેલાડી છે. તેને વર્ષ 2018માં ગ્રાન્ડમાસ્ટરનો દરજ્જો મળ્યો હતો. ત્યારે તેની ઉંમર 12 વર્ષ 10 મહિના અને 13 દિવસની હતી. મેગનસ કાર્લસનને હરાવનાર તે માત્ર ત્રીજો ભારતીય ચેસ ખેલાડી છે. તેમના પહેલા માત્ર વિશ્વનાથન આનંદ અને પી હરિકૃષ્ણ જ આ કારનામું કરી શક્યા હતા.

વર્તમાન કેપ્ટન રોહિત શર્માએ કરી પૂર્વ કેપ્ટન એમ.એસ. ધોનીની બરાબરી

# ૨૦૧૬ બાદ પ્રથમવાર ભારતીય ટીમ ICC T-૨૦ રેન્કિંગમાં નંબર-૧

ગુજરાત વંદન

ભારતે ત્રીજી-અંતિમ ટી-20માં વેસ્ટઈન્ડીઝને 17 રનથી હરાવીને મેચ જીતી લીધી છે. ભારતીય ટીમે વનડે પછી ટી-20 સિરીઝમાં વિંડિઝનો વ્હાઈટવોશ કર્યો હતો. જેના પગલે ભારતીય ટીમે ઈંગ્લેન્ડને પાછળ પાડીને ટી-20 આઈસીસી રેન્કિંગમાં ટોચ પર પહોંચી ગઈ છે. 6 વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે ભારતે ટી-20 રેન્કિંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાની હેઠળ 12 ફેબ્રુઆરી, 2016 થી 3 મે, 2016 સુધી તે આઈસીસી રેન્કિંગમાં નંબર વન હતો. આ રીતે રોહિત શર્મા ભારતને નંબર વન સ્થાન પર લઈ જનાર બીજો કેપ્ટન બની ગયો છે. ત્રીજી T20 મેચમાં પ્રથમ બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ 184 રન બનાવ્યા હતા જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ માત્ર 167 રન જ બનાવી શકી હતી અને ભારતે 17 રને મેચ જીતી લીધી હતી. પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ સૂર્યકુમાર યાદવને મળ્યો હતો. આ શ્રેણીમાં જીત સાથે ભારતીય ટીમ આઈસીસી રેન્કિંગમાં નંબર વન બની ગઈ છે. શ્રેણીની શરૂઆત પહેલા ભારતીય ટીમ 268 રેટિંગ સાથે નંબર-બે પર હતી જ્યારે ઈંગ્લેન્ડ 269 રેટિંગ સાથે નંબર-વન ટીમ હતી. હવે જ્યારે ત્રણ મેચની સિરીઝ પૂરી થઈ ગઈ છે ત્યારે ભારત નંબર વન બની ગયું છે.

સાહાને પત્રકાર દ્વારા ધમકી આપવામાં આવી

# રિદ્ધિમાનની સાથે થયું એવું બીજા ખેલાડીઓ ભોગ બન્યા કે કેમ તેની BCCI કરશે તપાસ

ગુજરાત વંદન

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ હવે રિદ્ધિમાન સાહા મામલે સંપૂર્ણ કાર્યવાહી કરવાના મૂડમાં છે. તેણે ભારતીય વિકેટકીપરના ઈન્ટરવ્યુ અને તેના પછીના ટ્વીટની તપાસ કરવાનું મન બનાવી લીધું છે. બોર્ડ સાહાની ટ્વીટ્સમાં સ્ક્રીનશોટ તરીકે જોડાયેલા તે વોટ્સએપ સંદેશાઓની પણ તપાસ કરશે, જે પત્રકારો દ્વારા તેમને મોકલવામાં આવ્યા છે. જો આ કેસમાં કોઈ દોષી સાબિત થશે તો ભારતીય ક્રિકેટ બોર્ડ તેની સામે પણ કાર્યવાહી કરશે.

ત્યાર બાદ બીજા દિવસે પત્રકારે તેને વ્હોટ્સએપ પર જ કોલ કર્યો હતો. જ્યારે સાહાએ કોલ રિસીવ ન કર્યો તો પત્રકારે મોડી રાતના મેસેજમાં લખ્યું, 'તમે ફોન કર્યો નથી. હું હવે ક્યારેય તમારો ઈન્ટરવ્યુ લઈશ નહીં. હું આવું અપમાન સહન કરી શકતો નથી અને હું તેને યાદ રાખીશ. તમારે આવું ન કરવું જોઈએ.' એક અહેવાલ અનુસાર, BCCIના એક અધિકારીએ વાતચીતમાં જણાવ્યું છે કે સાહા હજુ પણ BCCIનો કોન્ટ્રેક્ટ પ્લેયર છે. આવી સ્થિતિમાં BC-CIએ તેમના આરોપોને ગંભીરતાથી લેતાં તપાસ કરવાનું નક્કી કર્યું છે. અન્ય ખેલાડીઓ સાથે પણ આવી ઘટના બની છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવશે.



ભારતીય ક્રિકેટ બોર્ડ અને બ્રોડકાસ્ટર વચ્ચે થઈ રહી છે બેઠક

# IPL ૨૦૨૨નો આગાજ ૨૬ માર્ચથી થઈ શકે છે

ગુજરાત વંદન

ઈન્ડિયન પ્રિમિયલ લીગ-2022 માટે મેગા હરાજી થઈ ગઈ છે ત્યારે હવે આઈપીએલ ક્યારે શરૂ થશે અને ક્યા રમાશે તેની ક્રિકેટ ચાહકો આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. આઈપીએલ હવે 27 માર્ચ નહીં પણ 26 માર્ચથી શરુ થઈ શકે છે. મીડિયા એજન્સીના સમાચાર મુજબ બ્રોડકાસ્ટર સ્ટાર સ્પોર્ટ્સ ઈચ્છે છે કે 26 માર્ચ શનિવારથી ટૂર્નામેન્ટની શરુઆત થાય અને 27 માર્ચે રવિવારે 2 મેચનું આયોજન કરવામાં આવે.

જોકે બીસીસીઆઇ સેક્રેટરી જય શાહે આ પહેલા કહી ચુક્યા છે કે આઈપીએલની શરૂઆત માર્ચ મહિનાના અંતિમ સપ્તાહમાં થશે. પણ અત્યાર સુધી મળી રહેલ માહિતી પ્રમાણે આઈપીએલની શરૂઆત 27 માર્ચથી થશે.




જ્યારે સુત્રો દ્વારા મળી રહેલ માહિતી પ્રમાણે બ્રોડકાસ્ટર્સ એક દિવસ પહેલા લીગની શરૂઆત કરાવવા માંગે છે.

મળતી માહિતી પ્રમાણે બ્રોડકાસ્ટર્સ ઇચ્છી રહ્યા છે કે આઈપીએલ 26 માર્ચથી શરૂ થાય. કારણ કે 26 માર્ચના રોજ શનિવાર છે અને બ્રોડકાસ્ટર્સ ઇચ્છી રહ્યા છે કે લીગનો વિકેન્ડમાં ભરપુર ફાયદો લઇ શકાય છે. ડબલ હેડર સાથે શાનદાર શરૂઆત કરવામાં આવે અને વધુમાં વધુ દર્શકોને શરૂઆતથી જ જોડવામાં આવે.

બ્રોડકાસ્ટર્સ ઇચ્છે છે કે પહેલા દિવસે એક મેચ થાય અને ત્યાર બાદ રવિવારે બે મેચ રમાડવામાં આવે. જોકે હજુ સુધી ભારતીય ક્રિકેટ બોર્ડે આ અંગે કોઇ પણ નિવેદન આપવાની ના પાડી દીધી હતી. આ પહેલા બોર્ડે તમામ ફ્રેન્ચાઇઝીને 20 ફેબ્રુઆરીના રોજ તમામ કાર્યક્રમ જણાવી દેવામાં આવશે. પરંતુ લાગી રહ્યું છે કે તેમાં થોડું મોડું થઇ શકે છે.

આ વખતે આઈપીએલની 2 નવી ટીમો મેદાન પર આવી છે. ગુજરાત ટાઇટન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ. 10 ટીમો સાથે આ લીગમાં મેચની સંખ્યા વધી જશે બોર્ડે હજુ સુધી મેચ ક્યા રમાશે સ્થળની જાહેરાત નથી કરી. મળતી માહિતી પ્રમાણે મુંબઈ ક્રિકેટ એસોસિએશનના 4 મેદાન વાનખેડે, બ્રેબોર્ન, ડીવાઈ પાટિલ અને પુણેમાં મેચ રમાઈ શકે છે અને વિશ્વના સૌથી મોટા ક્રિકેટ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં નોકઆઉટ અને ફાઈનલ મેચો રમાઈ શકે છે.

ટોક્યો ઓલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન કર્યા પછી ભારતને વધુ એક સિદ્ધિ મળી

# ૨૦૨૩માં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિ સેશનની મેજબાની કરશે ભારત

IOC ના સદસ્ય નીતા અંબાણીએ માન્યો આભાર

ગુજરાત વંદન




ટોક્યો ઓલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન કર્યા પછી ભારતને વધુ એક સિદ્ધિ મળી છે. 2023માં આયોજિત ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિ (આઈઓસી) ના સેશનનું આયોજન મુંબઈમાં થવા જઈ રહ્યું છે.

40 વર્ષ બાદ 2023ના ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સેશનની મેજબાની કરવાની ભારતને તક મળી છે. તમને જણાવી દઈએ કે આને હોસ્ટ કરવા માટે 2019માં નીતા અંબાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ અંગે આજે 2023માં આઈઓસી સત્રની યજમાની માટે 75 સભ્યોએ ભારતને સમર્થન આપ્યું છે. વળી આ બિડિંગ પ્રક્રિયા દરમિયાન ભારતને ઐતિહાસિક 99% વોટ મળ્યા છે.

ઈન્ટરનેશનલ ઓલિમ્પિકની મેજબાની કરવાની ભારતને બીજી વાર તક મળી છે આ પહેલા 1983માં દિલ્હીમાં આ સેશનનું આયોજન થયું હતું. મુંબઈમાં રિલાયન્સના જિયો વર્લ્ડ સેન્ટર ખાતે ઓલિમ્પિક્સ કમિટીની બેઠક યોજાઈ હતી. નીતા અંબાણી કમિટીના સભ્ય છે. અહીં ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ખાતે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું નિર્માણ થઈ રહ્યું છે અને ભારત 2036માં અમદાવાદ ખાતે ઓલિમ્પિક માટે દાવેદારી કરવાની તૈયારી કરી રહ્યું છે.

આઈઓસીનું સત્ર આઇઓસીના સભ્યોની સામાન્ય સભા છે. તે આઈઓસીનો ટોચનો ભાગ છે અને તેના નિર્ણયો અંતિમ છે. વર્ષમાં એક વાર એક સરળ સત્ર યોજાય છે. રાષ્ટ્રપતિ અથવા ઓછામાં ઓછા એક તૃતીયાંશ સભ્યોની લેખિત વિનંતી પર અસાધારણ સત્ર બોલાવી શકાય છે.

# વિશ્વ ચેમ્પિયન ટીમને ૧૦ કરોડ રૂપિયા મળશે

મહિલા વન-ડે વર્લ્ડકપની પ્રાઈઝ મનીમાં ધરખમ વધારો

ગુજરાત વંદન



ન્યુઝીલેન્ડમાં આગામી માર્ચ-એપ્રિલ માસમાંમાં યોજાનાર આઈસીસીએ મહિલા વન-ડે વર્લ્ડ કપની પ્રાઈઝ મનીમાં ધરખમ વધારો કરાયો છે. ૪ માર્ચેથી શરૂ થનારા મહિલાઓની ૮ ટીમો વચ્ચેના વન-ડે વર્લ્ડ કપમાં ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનનાર ટીમને 1.32 મિલિયન ડોલર (લગભગ 10 કરોડ રૂપિયા) મળશે. આઈસીસીએ એકંદર ઈનામી રકમમાં ૭૫ ટકાનો વધારો કર્યો છે જેના પગલે આ વિશ્વકપમાં કુલ ૩૫ લાખ ડોલર (અંદાજે ૨૬.૩૬ કરોડ રૂપિયા)ની રકમ ફાળવવામાં આવશે. ઓવરઓલ પ્રાઈઝમની ગત વર્લ્ડ કપમાં 15 કરોડ જેટલી હતી. આ વખતે રનર અપને 4.53 કરોડ મળશે. જે ગત વર્લ્ડ કપ કરતા 2.70 લાખ ડોલર વધુ છે. 2017માં ભારતીય ટીમ રનર અપ રહી હતી.

૨૦૧૭ના વર્લ્ડકપની ફાઈનલમાં ભારતને ૯ રનની હરાવીને ઈંગ્લેન્ડની મહિલા ટીમ ચેમ્પિયન બની ત્યારે એને ૬.૬૦ લાખ ડોલર (૪.૯૭ કરોડ રૂપિયા) મળ્યા હતા. સેમિફાઈનલમાં હારનાર ટીમોને 3-3 લાખ ડોલર (2.26-2.26 કરોડ) અપાશે. ગ્રૂપ સ્ટેજથી બહાર થનાર ટીમોને 53-53 લાખ મળશે. ગ્રૂપ સ્ટેજમાં દરેક જીત પર ટીમોને 19 લાખ રૂપિયા મળશે. વર્લ્ડ કપ 4 માર્ચના ન્યૂઝીલેન્ડ-વિન્ડીઝની મેચથી શરૂ થશે. ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચ 6 માર્ચથી પાકિસ્તાન સામે રમશે. 8 ટીમો વચ્ચે ગ્રૂપ સ્ટેજમાં 28 મેચ રાઉન્ડ રોબિન ફોર્મેટમાં રમાશે.

# બિહારના સાકિબુલની રણજીમાં સિદ્ધી

સાકિબુલ ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂમાં ટ્રિપલ સેન્ચુરી ફટકારનાર વિશ્વનો પ્રથમ ખેલાડી

ગુજરાત વંદન



બિહારના 22 વર્ષીય યુવા રણજી ક્રિકેટર સકીબુલ ગનીએ ઈતિહાસ રચ્યો છે. સકીબુલ ગની ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂમાં ટ્રિપલ સેન્ચુરી ફટકારનાર વિશ્વનો પ્રથમ ક્રિકેટર બની ગયો છે. ગનીએ કોલકાતામાં મિઝોરમ સામેની રણજી ટ્રોફી મેચ દરમિયાન આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી હતી. સકીબુલે 387 બોલમાં 50 ચોગ્ગાની મદદથી 341 રન બનાવીને આઉટ થયો હતો.

આ પહેલા ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ અજય રાજકુમાર રોહેરાના નામે હતો. રોહેરાએ 2018-19ની રણજી સિઝનમાં મધ્યપ્રદેશ તરફથી રમતા હૈદરાબાદની ટીમ સામે અણનમ 267 રનની ઇનિંગ રમી હતી.

2 સપ્ટેમ્બર 1999ના રોજ મોતિહારીમાં જન્મેલા સકીબુલ ગનીએ અગાઉ 14 લિસ્ટ-એ અને 11 ટી20 મેચોમાં ભાગ લીધો હતો. લિસ્ટ-એ મેચોમાં તેણે અત્યાર સુધીમાં 31.41ની એવરેજથી 337 રન બનાવ્યા છે, જેમાં એક સદી સામેલ છે. જ્યારે ટી20 મેચમાં તેના નામે 27.42ની એવરેજથી 192 રન છે.

સકીબુલ ગનીએ બાબુલ કુમાર સાથે ચોથી વિકેટ માટે 538 રનની ભાગીદારી કરી હતી. બાબુલ કુમારે પણ બેવડી સદી ફટકારી હતી. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ ભાગીદારીનો રેકોર્ડ કુમાર સંગાકારા અને મહેલા જયવર્દનેના નામે છે. શ્રીલંકાના બંને બેટ્સમેનોએ 2006માં દક્ષિણ આફ્રિકા સામે 624 રનની ભાગીદારી નોંધાવી હતી.

એક સમયે બિહારનો સ્કોર 71/3 હતો પરંતુ ત્યારપછી ચોથી વિકેટ માટે બાબુલ કુમાર અને સાકિબુલ ગની વચ્ચે 756 બોલમાં 538 રનની પાર્ટનરશિપ થઈ હતી. આ રણજીમાં ચોથી વિકેટ માટે સૌથી મોટી પાર્ટનરશિપ પણ છે. એટલું જ નહીં આ મેચમાં સાકિબુલની ટ્રિપલ સેન્ચુરી સાથે બાબુલે પણ ડબલ સેન્ચુરી ફટકારી છે.

# મહિલાઓ સામે અત્યાચારના સૌથી વધુ કેસ ઉત્તરપ્રદેશમાં

### જેલવાસ ભોગવતા આરોપીઓમાં બળાત્કારના ૬૮ ટકા તથા દહેજ ધારાના ૨૫ ટકા

ગુજરાત વંદન




ખુન, અપહરણ અને ખંડણી જેવા ગુનાઓના 90000 જેટલા આરોપીઓ જેલવાસ ભોગવી રહ્યા છે તેમાંથી 14.2 ટકા સામે બળાત્કારના ગુના છે. 2020ના વર્ષના જેલ સ્ટેટીસ્ટીક રિપોર્ટમાં એવુ બહાર આવ્યું છે કે મહિલાઓ સામેના અત્યાચારના ગુનાઓના 18615 આરોપીમાંથી 67.9 ટકા બળાત્કારના ગુનાના છે. જ્યારે 24.5 ટકા આવા આરોપી સામે દહેજ ધારાના ગુના છે.

આવા સૌથી વધુ 4760 આરોપીઓ ઉતરપ્રદેશના છે. બીજા ક્રમે મધ્યપ્રદેશના 1944 તથા ઝારખંડના 1196 છે. 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બર 2020ના આ આંકડાકીય રિપોર્ટમાં જાહેર થયા પ્રમાણે મહિલાઓ વિરુદ્ધના અત્યાચારમાં 64520 આરોપીઓ દેશની વિવિધ જેલોમાં કેદ છે. તેમાંથી 62.8 ટકા (40545) સામે બળાત્કારના તથા 22.4 ટકા (14465) સામે દહેજ મૃત્યુના ગુના છે.

મહિલાઓને બદનામ કરવા કે છેડતી જેવા ગુનાઓનું પ્રમાણ 7.6 ટકા (4885) રહ્યું છે જ્યારે 6.5 ટકાકેસો પતિ અથવા મહિલાના નજીકના સાસરીયાના છે. મહિલાઓ સામેના અત્યાચારોના સૌથી વધુ 31.3 ટકા કેસ માત્ર ઉતરપ્રદેશમાં જ છે. 10.7 ટકા સાથે મધ્યપ્રદેશ બીજા ક્રમે તથા 6.4 ટકા સાથે બિહાર ત્રીજા ક્રમે છે.

# ઉત્તરાખંડમાં વાહન ખીણમાં ખાબકતા ૧૪ જાનૈયાઓના મોત

ગુજરાત વંદન

ઉત્તરાખંડમાં સોમવારે રાતે એક મોટી દુર્ઘટના ઘટી હતી. ટનકપુર ચમ્પાવત હાઈવે પર લગ્નમાંથી પરત ફરી રહેલા જાનૈયાઓનું વાહન ખાઈમાં ખાબકતા 14 જાનૈયાઓના મોત નિપજ્યા હતા જ્યારે અન્ય ઘાયલ થયા હતા. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ વાહનમાં સવાર બધા લોકો ટનકપુરના પંચમુખી ધર્મશાળામાં યોજાયેલા લગ્ન સમારોહમાં ભાગ લઈને ઘર પરત ફરી રહ્યા હતા.

સોમવારે મધરાત્રે 3.20 વાગ્યે વાહન અનિયંત્રીત થઈને ઉંડી ખાઈમાં ખાબક્યું હતું. વાહનમાં 16 જાનૈયાઓ સવાર હતા જેમાં 14ના મોત થયા હતા. દુર્ઘટનાનું કારણ હજુ બહાર નથી આવ્યું પણ ક્ષમતા કરતા વધુ લોકો સવાર હોવાથી દુર્ઘટનાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

આ દુર્ઘટના પર વડાપ્રધાને શોક પણ શોક વ્યક્ત કર્યો હતો. સાથે જ મૃતક પરિવારજનોને 2 લાખની સહાય તેમજ ઈજાગ્રસ્તોને 50 હજારની સહાયની જાહેરાત કરી હતી.

### રાંચીની સીબીઆઈની વિશેષ અદાલતે સજા સંભળાવી

# ઘાસચારા કૌભાંડમાં લાલુ યાદવને ૫ વર્ષની જેલ : ૬૦ લાખનો દંડ

ગુજરાત વંદન



આગામી લોકસભા ચૂંટણી લડીને ફરી લોકસભામાં પહોચવાના સ્વપ્ન જોનાર બિહારના પુર્વ મુખ્યમંત્રી તથા રાષ્ટ્રીય જનતાદળના નેતા લાલુપ્રસાદ યાદવના ડોરંડા ટ્રેઝરીમાંથી ઘાસચારા કૌભાંડમાં રૂા.139.35 કરોડની રકમ ગેરકાનુની રીતે મેળવવાના કેસમાં સોમવારે રાંચીની ખાસ સીબીઆઈ કોર્ટે પાંચ વર્ષની જેલ સજા તથા રૂા.60 લાખનો દંડ ફટકાર્યો હતો. જયારે તેની સાથે દોષીત જાહેર થઈ રહેલા અન્ય 37 ને પણ અલગ અલગ સજા આપવામાં આવી છે.

આમ લાલુપ્રસાદ યાદવને હાલ જેમાં રાંચીની રીમ્સ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે. તેઓ ફકત જેલમાં જશે. તા.15 ફેબ્રુઆરીએ ખાસ સીબીઆઈ કોર્ટે લાલુપ્રસાદ યાદવ અને અન્ય 37 ને ઘાસચારા ખરીદવા- પશુઓની ખરીદી વિ.માં બનાવતી બિલો ચલણ વિ. તૈયાર કરીને નાણા ટ્રેઝરીમાંથી ઉપાડી લેવાના કેસમાં દોષીત જાહેર કર્યા હતા.

લાલુ અન્ય ત્રણ કેસમાં પણ દોષીત જાહેર થયા છે અને તેમાં જામીન પર છે. લાલુપ્રસાદ યાદવ સામે પ્રથમ ચાર્જશીટ એમ.ડી. દૈવેગોડા વડાપ્રધાન હતા. તે સમયમાં મુકાયું. પ્રથમ સજા મનમોહન સરકારના કાર્યકાળમાં થઈ અને નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં ત્રીજા કેસમાં સજા થઈ છે.

આ પહેલા લાલુ પ્રસાદને ચાઈબાસા ટ્રેઝરીમાંથી 37.7 કરોડ રૂપિયાની ગેરકાયદેસર ઉપાડમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. આ કેસમાં તેમને પાંચ વર્ષની સજા થઈ છે. બીજી તરફ દેવઘર ટ્રેઝરીમાંથી ગેરકાયદેસર રીતે 84.53 લાખ રૂપિયા ઉપાડવાના કેસમાં દોષિત લાલુ પ્રસાદને સાડા ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી છે.

જ્યારે ચાઈબાસા ટ્રેઝરીમાંથી 33.67 કરોડ રૂપિયા ગેરકાયદે ઉપાડવાના કેસમાં તેમને ફરીથી પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી છે. દુમકા ટ્રેઝરીમાંથી ગેરકાયદેસર રીતે 3.13 કરોડ રૂપિયા ઉપાડવાના મામલામાં લાલુ પ્રસાદને સૌથી વધુ સજા થઈ છે. આ કેસમાં તેમને સાત વર્ષની સજા થઈ છે. ચારેય કેસમાં લાલુ પ્રસાદને જામીન મળી ચૂક્યા છે.

# ચિત્રાનો યોગીબાબા નાણામંત્રાલયનો કોઈ બ્યૂરોક્રેટ હોઈ શકે છે : સીબીઆઈને શંકા

### એક અજ્ઞાત યોગીના ઈશારે વર્ષો સુધી NSEના નિર્ણયો કરવામાં આવ્યા

ગુજરાત વંદન






એક અજ્ઞાત યોગીના ઇશારા પર વર્ષો સુધી નેશનલ સ્ટોક એક્સ્ચેન્જના મોટા નિર્ણયો કરવામાં આવ્યા, પણ આ યોગી અંગે હજુ સુધી કોઈને જાણકારી નથી. સીબીઆઈ કેસની તપાસ કરી રહી છે અને ઝડપથી બાબાની શોધ કરી લેશે. હાલના તબક્કે સીબીઆઈને એટલો ખ્યાલ આવી ગયો છે કે આ બાબાનું હિમાલય સાથે કોઈ કનેક્શન નથી પણ દિલ્હી કે મુંબઈના કોઈ મહત્ત્વપૂર્ણ વિભાગમાં બેઠેલો કોઈ ટોચનો અધિકારી છે.

સીબીઆઈ સૂત્રો કહે છે કે આ યોગી નાણામંત્રાલયનો કોઈ બ્યૂરોક્રેટ હોઈ શકે છે, જેનો ચિત્રા રામકૃષ્ણની કેરિયર ચમકાવવામાં મોટો હાથ છે. નોંધનીય છે કે એનએસઇની ભૂતપૂર્વ સીઈઓ ચિત્રા ઉપર આધ્યાત્મિક ગુરૂ સાથે ગુપ્ત જાણકારી શેર કરવાનો આરોપ છે. સેબીએ 11 ફેબ્રુઆરીએ ચિત્રાને એક્સ્ચેન્જની ગુપ્ત માહિતી કોઈ અજ્ઞાત વ્યક્તિ સાથે શેર કરવા માટે ચિત્રાને રૂ. ત્રણ કરોડનો દંડ કર્યો હતો.

ચિત્રા રામકૃષ્ણ શિક્ષણથી એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેને સૌપ્રથમવાર 1991માં એનએસઇનું નેતૃત્વ મળ્યું હતું. નોંધનીય છે કે ચિત્રાએ એનએસઇની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. 90ના દાયકામાં બીએસઇ હર્ષદ મહેતા કૌભાંડની લપેટમાં આવી ગયું હતું. તે સમયે ભારત સરકાર સ્ક્રીન આધારિત અખિલ ભારતીય સ્ટોક એક્સ્ચેન્જ બનાવવા માંગતી હતી અને તેના માટે પાંચ સભ્યોની બનેલી કોર ટીમની રચના કરી હતી. આ ટીમમાં ચિત્રા એક સભ્ય તરીકે મોજૂદ હતી. સરકાર એવું શેરબજાર ઊભું કરવા માંગતી હતી જે પારદર્શી વ્યાપાર કરવા સક્ષમ હોય. એનએસઇના પ્રથમ એમડી આર.એચ. પાટિલ, નારાયણ અને રામકૃષ્ણ કોર ટીમનો હિસ્સો હતાં.

# મહિલાના પ્રાઈવેટ પાર્ટમાંથી ૧૬ કરોડનું ડ્રગ્સ મળી આવ્યું..!

### કસ્ટમ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા, આફ્રિકન મહિલાની ધરપકડ




ગુજરાત વંદન

રાજસ્થાનના જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રગ્સ સ્મગલિંગનો એક મોટો મામલો સામે આવ્યો છે. એક આફ્રિકન મહિલા તેના પ્રાઈવેટ પાર્ટ (ગુદામાર્ગ)માં ડ્રગ્સથી ભરેલી 60 કેપ્સ્યૂલ છુપાવી હતી. ડીઆરઆઈની ટીમે ગત શનિવારે જ આ મહિલાને ધરપકડ કરી હતી, પરંતુ ડ્રગ્સ હોવા છતાં ડીઆરઆઈની ટીમ ડ્રગ્સ રિકવર કરી શકી ન હતી. બાદમાં મહિલાને જયપુરની સવાઈ માનસિંહ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ડોક્ટરોની ટીમ દ્વારા મહિલાના પ્રાઈવેટ પાર્ટમાંથી કુલ 60 કેપ્સ્યુલ કાઢવામાં રવિવાર અને સોમવારે એમ બે દિવસ લાગ્યા હતા. આ કેપ્સ્યૂલમાંથી જે ડ્રગ્સ મળ્યું છે જેની અંદાજિત કિંમત 16 કરોડ રૂપિયા છે.

ડીઆરઆઈના અધિકારીઓના જણાવ્યા અનુસાર જપ્ત કરાયેલી ડ્રગ્સ ઉચ્ચ ગુણવત્તાનો છે જેનો ટેસ્ટ દિલ્હી અથવા પુણેની લેબમાં કરવામાં આવશે. પ્રાથમિક રીતે એવું માનવામાં આવે છે કે 60 કેપ્સ્યુલમાં છુપાયેલા ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય કિંમત લગભગ 16 કરોડ રૂપિયા છે. આ 32 વર્ષીય ડ્રગ સ્મગલર યુગાન્ડાની રહેવાસી છે. તેનું નામ હેવન્સ લોપેઝ જણાવવામાં આવી રહ્યું છે. હાલમાં આ મહિલા સવાઈ માનસિંહ હોસ્પિટલના જનરલ સર્જરી વોર્ડમાં દાખલ છે. ડોકટરોની ટીમની સાથે ડીઆરઆઈના અધિકારીઓ પણ હોસ્પિટલમાં ઉભા છે.

નોંધનીય છે કે, જયપુર એરપોર્ટ પર કસ્ટમની ટીમે ગત વર્ષે ડિસેમ્બરમાં મોટી કાર્યવાહી કરતાં 90 કરોડ રૂપિયાનું હેરોઈન પકડ્યું હતું. કેન્યા નિવાસી એક મહિલા પેસેન્જરના બેગમાંથી કસ્ટમની ટીમે 12.9 કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું. આ મહિલાના કેસમાં કસ્ટમને લુકઆઉટ નોટિસ મળી હતી.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું નિવેદન

# સીએએમાંથી પાછા હટવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી

ગુજરાત વંદન

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કેન્દ્ર સરકાર પોતાની નીતિઓ પ્રત્યે મક્કમ છે અને સીએએથી પાછા હટવાનો કોઈ પ્રશ્ન જ નથી. તેને લાગુ કરવા માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે.

એમણે કહ્યું કે કોઈપણ કામગીરી કરવા માટે નક્કર આયોજન જરૂરી હોય છે અને તેને લાગુ કરવા માટે કાર્યવાહી ચાલી રહી છે પરંતુ થોડો વધુ સમય લેવામાં આવી રહ્યો છે. જોકે તેને લાગુ કરવા માટે પાછા હટવાનો કોઈ પ્રશ્ન જ નથી.

વિધાનસભાની ચૂંટણી અંગે અમિત શાહે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં આ વખતે સૌથી મોટો મુદ્દો કાયદો અને વ્યવસ્થાનો છે અને ભાજપ ઉત્તર પ્રદેશમાં કાયદો વ્યવસ્થા સુધારવા માટે મક્કમ છે અને ચૂંટણીમાં પણ તેને 300થી વધુ બેઠકો મળવાની આશા છે.

એમણે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળની સરકાર પ્રત્યે લોકોને વિશ્વાસ છે અને લોકોમાં વિશ્વાસ પેદા કરવામાં અમે સફળ રહ્યાં છીએ અને ફરીથી ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર સંપૂર્ણ બહુમતી સાથે બનવાની છે.

ભાજપ દ્વારા ગરીબ કલ્યાણ માટે અનેક કામ કરવામાં આવ્યા છે અને ઉત્તરપ્રદેશમાં પણ મોટાપાયે રોજગારી પૂરી પાડવામાં આવેલ આવ્યા છે અને આગામી દિવસોમાં પણ અનેક પ્રોજેક્ટો ઉત્તર પ્રદેશમાં શરૂ થવાના છે અને તેમાં હજારો નહીં બલ્કે લાખો યુવાનોને રોજગાર મળવાનો છે. અમિત શાહે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં સૌથી મોટો પ્રશ્ન કાયદો અને વ્યવસ્થાનો રહ્યો છે અને માફિયાઓના રાજને સમાપ્ત કરવામાં યોગી આદિત્યનાથ ની સરકાર સફળ રહી છે અને એટલા માટે લોકોને યોગીની સરકાર પ્રત્યે અવિશ્વાસ પેદા થયો છે અને તેના આધારે અમને 300થી વધુ બેઠકો મળી રહેલી દેખાય છે.

યોગી આદિત્યનાથ ની સરકાર માં દરેક પ્રકારના ક્રાઈમમાં ઘટાડો થયો છે અને માફિયા રાજ ને સમાપ્ત કરવામાં ભાજપને સફળતા મળી છે અને તે માટે જનતામાં યોગી સરકાર લોકપ્રિય રહી છે.

### વિશ્વ આરોગ્ય સંસ્થાનું નિવેદન

# જો હવે પછી નવો વાયરસ ના આવે તો ૨૦૨૨માં કોરોના મહામારીનો અંત

### જોકે સંપૂર્ણ રીતે મહામારી સમાપ્ત નહીં થાય પરંતુ પ્રકોપ નહીં આવે

ગુજરાત વંદન




વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા એવું નિવેદન જાહેર કરવામાં આવ્યું છે કે જો હવે કોઈ નવો વાયરસ ના આવે તો 2022માં જ કોરોનાવાયરસ મહામારીનો અંત આવી શકે છે પરંતુ એવી ચોખવટ પણ કરી છે કે કોરોનાવાયરસ સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જવાનો નથી પરંતુ નવો પ્રકોપ આવશે નહીં.

વિશ્વ આરોગ્ય સંસ્થાના નિષ્ણાંતોએ એમ કહ્યું છે કે દુનિયાભરમાં નવા કેસમાં ઘટાડો થયો છે જોકે અમુક દેશોમાં હજુ પણ સંક્રમણ યથાવત રહ્યું છે આમ છતાં જો કોઈ નવા પ્રકોપો ન આવે તો 2022માં આ મહામારીનો અંત થઇ શકે છે અને આપણે એવી આશા રાખી શકીએ છીએ.

નિષ્ણાંતોએ કહ્યું છે કે મોટી સંખ્યામાં કેસ બહાર આવવાનો મતલબ એવો થાય છે કે વાઈરસ વારંવાર સ્વરૂપ બદલે છે અને આમ કરવા માટે સક્ષમ છે એટલા માટે હવે આગામી સમયમાં કેવી સ્થિતિ સામે આવશે તેની આગાહી અત્યારથી કરવી મુશ્કેલ છે.

તેમણે કહ્યું કે આપણે ફક્ત સતત જાગૃત રહી શકીએ અને કોરોનાવાયરસના નિયમોનું પાલન કરતા રહીએ તે જરૂરી છે ખાસ કરીને ઓમી ક્રોન આવ્યા બાદ દુનિયાભરમાં કેસમાં ભારે વધારો થયો હતો અને હવે ફરીથી તેનો પ્રકોપ વધશે નહીં તેવી અપેક્ષા આપણે રાખીએ.

આ સ્વરૂપ દુનિયાભરમાં ખૂબ જ ઝડપથી ફેલાયો છે અને તેના પેટા વેરિયન્ટ પણ નવા કેસ માં ભયંકર વધારો કરવા માટે જવાબદાર રહ્યા છે પરંતુ હવે કોઈ નવો ખતરનાક વાયરસ ના આવે તો 2022માં કોરોનાવાયરસ મહામારી ના પ્રકોપની પ્રક્રિયા બંધ થઈ જવાની આશા છે જોકે વાયરસ સંપૂર્ણ રીતે દુનિયામાંથી સમાપ્ત થઈ જશે તેવું નથી.

# મેં મારી પત્નીને કહ્યું, 'તને ખબર છે, આજે સુરતમાં શું બન્યું ?

### નિમિત્ત ઓઝાનો આ લેખ દીકરીના માબાપ અને બહેનોના બધા ભાઈઓ માટે વાંચવા લાયક

ગુજરાત વંદન

એ રાતે મારી નવ વર્ષની દીકરીના સૂઈ ગયા પછી હળવેથી મેં મારી પત્નીને કહ્યું, 'તને ખબર છે, આજે સુરતમાં શું બન્યું ? રીજેક્શન મળવાને કારણે એક યુવકે જાહેરમાં એક છોકરીનું ગળું કાપી નાંખ્યું.' આ વાત સાંભળીને મારી પત્નીના ચહેરા પર આવેલા એક્સપ્રેશન્સ હું ક્યારેય ભૂલી નહીં શકું. સ્તબ્ધ હાલતમાં ક્યાંય સુધી એ મારા ચહેરા સામે જોતી રહી. પછી ખૂબ બધી શંકા, ડર, અસલામતી અને ચિંતા સાથે તેણે એક નજર અમારી સૂતેલી દીકરીના ચહેરા પર કરી. કશું જ બોલ્યા વગર તેણે ફરી એકવાર મારી સામે જોયું અને સૂઈ ગઈ. પણ એની એ આંખો મને હજી પજવે છે. એ આંખોમાં ખૂબ બધા સવાલો હતા, જેમાંથી એક પણ સવાલનો જવાબ અત્યારે મારી પાસે નથી.

એ રાતે હું મોડે સુધી જાગતો રહ્યો. મારા અશાંત મનને સાંત્વના આપવા માટે ગુગલ પર 'એન્ટી-રોમિયો સ્કવોડ ઈન ગુજરાત', 'મહિલા હેલ્પલાઈન નંબર' અને આવું તો કેટલુંય સર્ચ કરતો રહ્યો. વિચારતો રહ્યો કે સુરતની..... સોરી ગુજરાતની એ દીકરીને એક્ઝેક્ટલી શેની સજા મળી ? એક છોકરી હોવાની ? સુંદર હોવાની ? કે પછી યુવાન હોવાની ? જવાબ બહુ સ્પષ્ટ હતો. એને સજા મળી, 'ના પાડવાની'.

એ વિડીયો મેં નથી જોયો. અને એ જોવાની મારામાં હિંમત પણ નથી. મારામાં એટલી સંવેદના તો હજી બાકી છે કે હું માનવતાનું ગળું કપાતા નથી જોઈ શકતો. છેલ્લા બે દિવસથી આ સમાચાર મને ડિસ્ટર્બ કરી રહ્યા છે. પણ શું લખવું ? શું કહેવું ? એ મને સુઝતું જ નહોતું. અને અત્યારે પણ, આઈ એમ નોટ ક્લીઅર. આ કઈ રીતે અટકાવી શકાય ? આનું સોલ્યુશન શું ? એ સાચ્ચે મને નથી ખબર પણ હું એટલું જાણું છું કે કંઈક તો કરવું પડશે. નહીં તો આ દુર્ઘટના એક 'Just another story' બનીને રહી જશે.

જે રીતે સ્યુસાઈડ, મર્ડર કે એક્સિડન્ટ્સના રેકોર્ડ હોય છે, એ રીતે આપણી પાસે શું 'Rejection killing' કે 'Rejection violence' નો રેકોર્ડ છે ? નથી, તો બનાવવો પડશે જેથી ખબર પડે કે રિલેશનશિપ માટે 'ના' પાડવા અથવા તો તેમાંથી નીકળી જવા બદલ કેટલી દીકરીઓને આવી હેરાનગતિ ભોગવવી પડે છે. ઈન ફેક્ટ, એ નંબર્સ રેપ કે મોલેસ્ટેશન કરતા વધારે હશે. કારણકે જે સમાજમાં સ્ત્રીઓના શરીર, સેક્સ્યુઆલિટી, એટેન્શન અને ટાઈમને પુરુષ પોતાની માલિકી કે અધિકાર સમજતો હોય, એ સમાજમાં ડગલેને પગલે ઘવાયેલા મેલ ઈગો રસ્તા પર પડેલા મળશે. એક પુરુષના મોઢામાંથી નીકળતા 'She is beautiful' થી લઈને 'She is a bitch/slut' જેવા વાક્યોનો આધાર, એ સ્ત્રી તરફથી મળતા રિસ્પોન્સ પર રહેલો હોય છે 'રિજેક્શન' મળ્યા પછી કયો પુરુષ કેવી રીતે વર્તશે ? એ તો કઈ રીતે Predict કરી શકાય. પણ એક 'સિવિલાઈઝ્ડ' સોસાયટીના સભ્યો હોવાને નાતે આપણે એટલી વ્યવસ્થા તો કરવી જ રહી કે આપણી દીકરીઓ નિર્ભય બનીને 'ના' પાડી શકે. આપણે આટલી બધી નકામી એપ્સ ડિઝાઈન અને ડાઉનલોડ કરીએ છીએ. તો શું એક એવી એન્ડ્રોઇડ

### ગ્રીષ્મા પ્રતિભાવ

એપ્લીકેશન ન બનાવી શકીએ, જે દરેક દીકરીના ફોનમાં હોય અને જે તેમને ડાયરેક્ટલી એન્ટી-રોમિયો સ્કવોડ કે લોકલ ક્રાઈમ બ્રાંચ સાથે સંપર્ક કરાવી આપે. બગીચામાં બેઠેલા નિર્દોષ અને જીન્યુઈન પ્રેમી યુગલોને હેરાન કરવાને બદલે સ્કુલ કે કૉલેજની આસપાસ આવા ડેડીકેટેડ રેસ્ક્યુ સ્ક્વોડ ડિપ્લોય ન થઈ શકે ? જો 31st નાઈટની પાર્ટી કે નવરાત્રી દરમિયાન દીકરીઓની સુરક્ષા માટે આપણે બાઉન્સર્સ રાખી શકીએ, તો આ જ વાત કૉલેજ ઓથોરિટીઝને લાગુ ન પડે ?

હોસ્પિટલ બનાવતી વખતે તો અમને સત્તર જણ આવીને પૂછે છે કે ફાયર સેફ્ટી છે કે નહીં ? બેકઅપ ઈલેક્ટ્રીસીટી, એમ્બ્યુલન્સ, લીફ્ટ, B.U સર્ટિફિકેટ છે કે નહીં ? તો આપણી દીકરીઓ જે સ્કુલ કે કૉલેજમાં ભણતી હોય, એને આપણે એટલું ન પૂછી શકીએ કે દીકરીઓની સુરક્ષા માટે તમારી કૉલેજમાં શું વ્યવસ્થા છે ? જો વાત જીવન-સુરક્ષાની હોય, તો એ બધે એક સરખી જ લાગુ પડવી જોઈએ. એ દર્દી હોય કે દીકરી

સુરતની ઘટનામાં પેલો છોકરો ફેનિલ છેલ્લા એક વર્ષથી ગ્રીષ્મા (મૃતક) ને હેરાન કરતો'તો. (આ વાત તેના ભાઈએ FIR માં લખાવેલી છે.) આ જાણીને મારું ફર્સ્ટ રીએક્શન એ હતું કે 'તમે અત્યાર સુધી ક્યા હતા ?'. એક વર્ષ તો બહુ લાંબો ગાળો કહેવાય. એક કલાક માટે પણ કોઈએ હેરાનગતિ શું કામ સહન કરવી જોઈએ ? આ ઘટના પરથી દરેક દીકરીને બે હાથ જોડીને મારી વિનંતી છે કે તમારો ગમે તેટલો નજીકનો મિત્ર કેમ ન હોય, અરે તમારો બોયફ્રેન્ડ પણ કેમ ન હોય, જો એ તમારી સાથે શારીરિક કે શાબ્દિક દુર્વ્યવહાર કરે છે તો એ 'રેડ ફ્લેગ' છે.

કોઈ તમારો પીછો કરતું હોય, પરાણે મૈત્રી કરવાનો પ્રયત્ન કરતું હોય, તમારી ઈચ્છા વિરુદ્ધ તમને ફોન, મેસેજીઝ કે ગિફ્ટ્સ મોકલતું હોય, તો એ વ્યક્તિનો રીપોર્ટ અનેક સ્થળો પર થવો જોઈએ. ઘરમાં, પડોશમાં, કૉલેજમાં, મિત્રવર્તુળમાં, પોલીસ કે ક્રાઈમ બ્રાંચમાં એ વ્યક્તિની નોંધ લેવાવી જોઈએ. કારણકે એક વાર 'ના' પાડ્યા પછી પણ જો કોઈ તમને ચેઝ કરે છે, તો એટલું તો નક્કી છે કે એ વ્યક્તિ માનસિક રીતે અસ્વસ્થ છે.

એ ડેટ માટે હોય, કિસ માટે કે પછી એક કપ કોફી માટે, છોકરીની ના સાંભળ્યા પછીનું છોકરાનું વર્તન એનું કેરેક્ટર બતાવતું હોય છે. સેક્સ્યુઅલ ફેવર મેળવવા માટે Desirable Behavior કરનારા દરેક પુરુષનો મૂળ સ્વભાવ, 'ના' સાંભળ્યા પછી જ સપાટી પર આવતો હોય છે. આમ તો સામેવાળી વ્યક્તિને પરખવાની Sixth Sense દરેક સ્ત્રીમાં જન્મજાત હોય છે પણ તેમ છતાં ઈમોશનલી વલ્નરેબલ લોકો બહુ જલ્દી થાપ ખાઈ જતા હોય છે. હું એટલું જ કહીશ કે, જે અસ્વીકારનો સ્વીકાર કરી શકે, એનો જ સ્વીકાર કરવો.

અને યુવકોએ એક વાત સમજવી પડશે કે 'No' is a full sentence. એક છોકરીની 'ના'માં 'ના' જ રહેલી હોય છે. અને એ 'ના'નો સ્વીકાર અને આદર કરવો પડશે. બાળકના ઉછેર માટે ખૂબ બધી 'ના'ની જરૂર હોય છે. જો કોઈ બાળકના ઉછેર સમયે, તેનામાં વિટામીન 'No'ની ઉણપ રહી જાય તો મોટું થઈને એ બાળક એવું જ સમજવા લાગે છે કે આ જગતમાં એને ગમતું બધું જ એના એક ઈશારે મળી જશે.

આપણું બાળક ગણિત-વિજ્ઞાન શીખે કે ન શીખે, એટલું તો એણે શીખવું જ પડશે કે એને ગમતું બધું જ આપવા માટે, આ જગત બંધાયેલું નથી. અહીંયા ડગલેને પગલે રિજેક્શન છે. નોકરીમાં, બિઝનેસમાં, કલા-સાહિત્ય-સંગીતમાં, પ્રેમમાં, મિત્રતામાં. કેટલાના ગળા કાપશો ? ગ્રેસફુલી એ રિજેક્શનને હેન્ડલ કરતા શીખો. સ્કુલ-કૉલેજ તો આપણા બાળકને ફક્ત ફોર્મલ એજ્યુકેશન જ આપી શકશે, એને ઈમોશનલ એજ્યુકેશન તો આપણે જ આપવું પડશે.

એવું શું કરી શકાય જેથી આવી દુર્ઘટનાઓ ટાળી શકીએ ? એ બાબતે હજીયે હું સ્પષ્ટ નથી. મને કશું જ સૂઝી રહ્યું નથી. Overwhelming ઈમોશન્સ ક્યારેક આપણી બુદ્ધિ અને વિચાર-ક્ષમતાએ ભ્રષ્ટ કરી નાખતા હોય છે. પણ આ લખાણ મેં એમ વિચારીને લખ્યું છે કે ગુજરાતની દીકરીઓની ચિંતા કરવાવાળો, હું એકલો તો નહીં જ હોઉં. ઘણા બાહોશ અધિકારીઓ, સુરક્ષાકર્મીઓ અને રાજ્યના સંચાલકો પણ આ વિશે વિચારતા હશે. એન્ડ બાય ધ વે, સ્ત્રીસશક્તિકરણ ની વાતો ત્યારે કરી શકાશે જ્યારે કોઈપણ જાતના ડર કે ખુલાસા વગર દીકરીઓ 'ના' પાડી શકશે.

-ડૉ. નિમિત્ત ઓઝા

## દીપિકા-અનન્યાનું પાણીમાં 'ગેહરાઈયા' ફોટોશૂટ




દીપિકા પાદુકોણ-અનન્યા પાંડે અને સિદ્ધાંત ચતુર્વેદી સ્ટારર ફિલ્મ 'ગેહરાઇયાં' એમેઝોન પ્રાઇમ વીડિયો પર રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મને મિશ્ર પ્રતિભાવો મળી રહ્યા છે. દરમિયાન કરણ જોહર કેમ્પ દ્વારા નિર્માણ પામેલી આ ફિલ્મનું અલગ અલગ માધ્યમોમાં પ્રમોશન ચાલુ જ છે.

તે પ્રમોશનના ભાગરૂપે ગેહરાઇયાં ફિલ્મની આખી ટીમે લિટરલી જળસમાધિ લીધી હતી. યાને કે ફિલ્મના મુખ્ય કલાકારોએ સ્વિમિંગ પૂલની અંદર ડૂબકી મારીને અનોખું અન્ડરવૉટર ફોટોશૂટ કરાવ્યું હતું.

આ ફોટોશૂટમાં દીપિકા પાદુકોણે ઓરેન્જ કલરની સિંગલ પીસ બિકિની પહેરીને અલગ અલગ પોઝ આપ્યા હતા. જ્યારે અનન્યા પાંડેએ વ્હાઇટ કલરની ટુ પીસ બિકિની પહેરી હતી. ફિલ્મના અન્ય સ્ટાર્સ જેવા કે સિદ્ધાંત ચતુર્વેદી અને ધૈર્ય કરવાએ રેગ્યુલર કેઝ્યુઅલ કપડાં પહેરીને પાણીમાં ડૂબકી લગાવી હતી.

# માર્ચ માસમાં મનોરંજનનો મજબૂત ડોઝ ફેન્સને મળશે

## ઝુંડ, રાધેશ્યામ, બચ્ચન પાંડે, આરઆરઆર સહિતની ફિલ્મો થશે થિયેટરોમાં રિલીઝ

અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર, પ્રભાસ, જુનિયર એનટીઆર અને રામ ચરણ માર્ચમાં ધમાલ મચાવવા માટે તૈયાર છે. માર્ચમાં રિલીઝ થનારી પહેલી ફિલ્મ બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનની 'ઝુંડ' છે. આ ફિલ્મ 4 માર્ચના રોજ રીલિઝ થવા જઈ રહી છે. 'ઝુંડ' એનજીઓ 'સ્લમ સોકર'ના સ્થાપક વિજય બરસેના જીવન પર આધારિત સ્પોટ્ર્સ ફિલ્મ છે. તેમાં આકાશ થોસર અને રિંકુ રાજગુરુ પણ છે.

ઝુંડ : નાગરાજ પોપટરાવ મંજુલે દ્વારા નિર્દેશિત, આ ફિલ્મમાં, અમિતાભ બચ્ચન એક પ્રોફેસરની ભૂમિકા ભજવતા જોવા મળશે જે શેરી બાળકોને ફૂટબોલ ટીમ બનાવવા માટે પ્રેરિત કરે છે.

અથરક્કુમ થુનિંદાવન :10 માર્ચે રિલીઝ થનારી એક્ટર સુર્યાની એક્શન એન્ટરટેઈનર 'અથરાક્કુમ થુનિંધવન' સ્ક્રીન પર આગ લગાવી રહી છે. આ ફિલ્મ પહેલા 4 ફેબ્રુઆરીએ રિલીઝ થવાની હતી. જો કે, લોકડાઉન પ્રતિબંધો લાદવામાં આવ્યા પછી નિર્માતાઓએ તેની રિલીઝ મુલતવી રાખવાનું પસંદ કર્યું.


રાધેશ્યામ : ત્યારપછી 'રાધે શ્યામ' છે, જેમાં સાઉથના સુપરસ્ટાર પ્રભાસ હસ્તરેખાવિદના પાત્રમાં જોવા મળશે, જ્યારે અભિનેત્રી પૂજા હેગડે તેની ગર્લફ્રેન્ડની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ 11 માર્ચે રિલીઝ થશે.







ધ કાશ્મીર ફાઈલ : 'રાધે શ્યામ'ની સાથે ફિલ્મ નિર્માતા વિવેક અગ્નિહોત્રી દ્વારા નિર્દેશિત 'ધ કાશ્મીર ફાઈલ્સ' થિયેટરોમાં આવશે. દેશમાં કોવિડ કેસોમાં નોંધપાત્ર વધારાને કારણે મુલતવી રાખવામાં આવેલ 'ધ કાશ્મીર ફાઈલ્સ' કાશ્મીરી પંડિતોના જીવન પર આધારિત છે. તેમાં મિથુન ચક્રવર્તી, અનુપમ ખેર, દર્શન કુમાર અને પલ્લવી જોશી જેવા અનેક નામ સામેલ છે.



બચ્ચન પાંડે : આ પછી બોલિવૂડના 'ખિલાડી' સ્ટાર અક્ષય કુમારની ફિલ્મ 'બચ્ચન પાંડે' આવે છે. 'બચ્ચન પાંડે' 18 માર્ચે મોટા પડદા પર આવવા જઈ રહી છે. આ ફિલ્મમાં કૃતિ સેનન, જેકલીન ફર્નાન્ડીઝ, અરશદ વારસી, પંકજ ત્રિપાઠી, પ્રતિક બબ્બર અને અભિમન્યુ સિંહ છે. આ ફિલ્મ 2014માં આવેલી તમિલ ફિલ્મ 'જીગરથાંડા'ની રિમેક છે.

આરઆરઆર : જ્યારે ફિલ્મ નિર્માતા એસ.એસ. રાજામૌલીની ફિલ્મ 'RRR' 25 માર્ચે રિલીઝ થઈ રહી છે. 'RRR' પહેલા જાન્યુઆરીમાં સ્ક્રીન પર આવવાની હતી. તેલુગુ સુપરસ્ટાર જુનિયર એનટીઆર અને રામ ચરણ મુખ્ય ભૂમિકામાં અભિનિત, 'RRR' એ આદિવાસી અધિકારો માટે લડતા બે વાસ્તવિક જીવનના અસંગત નાયકોની કાલ્પનિક વાર્તા તરીકે ઓળખવામાં આવે છે. રામ ચરણ અને જુનિયર એનટીઆર અનુક્રમે 1922ના રામ્પા વિદ્રોહના નેતા અલ્લુરી સીતારામ રાજુ અને હૈદરાબાદના નિઝામ સામે લડતા ગોંડ બળવાખોર કોમારામ ભીમની ભૂમિકા ભજવે છે.આ ફિલ્મમાં આલિયા ભટ્ટ, ઓલિવિયા મોરિસ, અજય દેવગન અને શ્રિયા સરન પણ મહત્વની ભૂમિકામાં છે.




# રણબીર કપૂરના પ્રેમમાં તરબોળ થઈ ગઈ છું : આલિયા ભટ્ટ

## 'બ્રહ્માસ્ત્ર'માં સાથે જોવા મળશે લવબર્ડ્સ આલિયા - રણબીર



આલિયા ભટ્ટ અને રણબીર કપૂર ઘણા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા છે અને સમય જતા તેમના સંબંધો વધારે મજબૂત બન્યા છે. તેઓ ખૂબ જલ્દી લગ્ન કરી લે તેવી શક્યતા છે અને લગ્ન આ જ વર્ષે થાય તેવી પણ અટકળો છે. એક્ટ્રેસે હાલમાં જણાવ્યું હતું કે, તે રણબીર કપૂરના પ્રેમમાં તરબોળ થઈ ગઈ છે અને તેણે તેમ પણ જણાવ્યું હતું કે, તે આ રિલેશનશિપમાં વધારે અનુકૂળતા અનુભવી રહી છે. આલિયા ભટ્ટે ઈન્ટરવ્યૂમાં તે વાત સ્વીકારી હતી કે, તે રિલેશનશિપમાં છે, જ્યાં તે 'ખૂબ જ ખુશ' છે અને રણબીર કપૂરના 'ગાઢ પ્રેમમાં' છે. એક ઈન્ટરવ્યૂમાં આલિયા ભટ્ટે જણાવ્યું હતું કે, રણબીર કપૂરના પ્રેમમાં પડ્યા બાદ તે સંબંધોમાં વધારે માનતી થઈ છે. એક્ટ્રેસે ખુલાસો કર્યો હતો કે, આ સમયે તે 'દિલદાર' વ્યક્તિ છે અને એક પ્રકારે 'થોડી રોમેન્ટિક' પણ છે, 'પ્યાર કિયા તો ડરના ક્યાં' પ્રકારની. અંતમાં તેણે કહ્યું હતું કે, તે પ્રેમના ઊંડાણમાં છે, આખરે તે આરામદાયક સ્થિતિમાં પહોંચી ગઈ છે. 'ગંગુબાઈ કાઠિયાવાડી'ની એક્ટ્રેસે કહ્યું હતું કે, તેમના સંબંધોમાં છુપાવવા જેવુ કંઈ નથી. 'તમારા જીવનમાં એક સમય એવો હોય છે, જ્યારે તમને લાગે છે કે કોઈએ તેના વિશે વાત કરવી જોઈએ નહીં. તમે તેના વિશે ખૂબ પ્રોટેક્ટિવ થઈ જાઓ છો અથવા જીવનની અંગત બાબતો વિશે વાત કરવી જોઈએ કે નહીં તેના વિશે તમને ખાતરી હોતી નથી', તેમ આલિયા ભટ્ટે કહ્યું હતું. તેણે ઉમેર્યું હતું કે, એવુ નથી કે, તે શહેરની અથવા દેશની દરેક દિવાલ પર સંબંધોનું પ્લાસ્ટર કરી રહી છે.

'હું ખોટું નહીં બોલું કે હું રિલેશનશિપમાં નથી. મારી ઉંમરના સંદર્ભમાં પણ હું તે પોઈન્ટની આગળ નીકળી ગઈ છું, જ્યાં મારે તેને છુપાવવા પડે'. આલિયા ભટ્ટ અને રણબીર કપૂર પહેલીવાર અયાન મુખર્જીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'માં સાથે સ્ક્રીન શેર કરતા જોવા મળવાના છે. ફેન્સ પણ તેમને મોટા પડદા પર જોવા માટે આતુર છે. ફિલ્મનું મોશન પોસ્ટર થોડા સમય પહેલા રિલીઝ કરાયું હતું. 'બ્રહ્માસ્ત્ર'માં આલિયા ભટ્ટ અને રણબીર કપૂર સિવાય અમિતાભા બચ્ચન, નાગાર્જુન અને મૌની રોય પણ મહત્વના રોલમાં છે.

# તમન્ના ભાટિયા બાઉન્સરના રોલમાં જોવા મળશે

સાઉથ અભિનેત્રી તમન્ના ભાટિયા ઘણા સમયથી બોલિવૂડ ફિલ્મોમાં જોવા મળી નથી. બોલિવૂડમાં સતત ઘણા વર્ષોથી જોવા મળતી તમન્નાના ગાયબ થયા પછી બધાને લાગ્યું કે તે હવે આ ઈન્ડસ્ટ્રીમાં કામ નહીં કરે, પરંતુ તેના ચાહકો માટે સારા સમાચાર આવ્યા છે. તેણે એક બોલિવૂડ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. તમન્નાએ મધુર ભંડારકર દિગ્દર્શિત ફિલ્મ 'બબલી બાઉન્સર'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ ફિલ્મ વિશે ઘણા દિવસોથી સમાચાર હતા પરંતુ હવે પુષ્ટિ થઈ છે કે તમન્ના અને મધુર ભંડારકરની જોડી એક પ્રોજેક્ટ પર સાથે કામ કરી રહી છે. આ ફિલ્મમાં તમન્નાનું એક મજબૂત પાત્ર જોવા મળશે. નામ પ્રમાણે જ તમન્ના તેમાં લીડ રોલમાં જોવા મળશે. તમન્ના લાંબા સમયથી બોલિવૂડ ફિલ્મમાં જોવા મળશે. મધુર ભંડારકરે સોશયલ મીડિયા પર પોતાની અને તમન્નાની એક તસવીર શેર કરી છે. આ ફિલ્મમાં તમન્ના એક નવા જ રોલમાં જોવા મળવાની છે. આ ફિલ્મનું શૂટિંગ ચંદીગઢ પાસે મોહાલીમાં શરૂથઇ ગયું છે. આ ફિલ્મ હિંદી, તમિલ અને તેલુગુ એમ ત્રણ ભાષામાં રિલીઝ કરવામાં આવશે. તમન્ના ભાટિયા સાથે આ ફિલ્મમાં અભિષેક બજાજ,સૌરભ શુક્લા અનેસાહિલ વૈદ્ય પણ જોવામળવાનો છે. કોન્સેપ્ટ, સ્ટોરી અને સ્ક્રીનપ્લે અમિત જોશીનું છે.



### મુંબઈમાં ૨૦૨૨ના દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન

# 'રૂકેંગા નહીં ઝૂકેંગા નહીં' ફિલ્મ 'પુષ્પા' જાહેર થઈ 'ફિલ્મ ઓફ ધ યર'

## 'અનુપમા'ને 'બેસ્ટ ટીવી સિરીઝ ઓફ ધ યર', રણવીરને 'બેસ્ટ એક્ટર'નો અવોર્ડ

મુંબઈમાં રવિવારે પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્સ 2022નું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન, દક્ષિણ ભારતીય સુપરસ્ટાર અલ્લુ અર્જુનની બ્લોકબસ્ટર હિટ ફિલ્મ 'પુષ્પા: ધ રાઇઝ'ને વર્ષની શ્રેષ્ઠ ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવી છે. તે જ સમયે, ભારતીય ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ જીત પર બનેલી ફિલ્મ '83' માટે રણવીર સિંહને બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો છે. શેરશાહને બેસ્ટ ફિલ્મ જાહેર થઈ છે.પીઢ સ્ટાર આશા પારેખને ફિલ્મ ઉદ્યોગમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

ભારતીય ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ જીત પર બનેલી ફિલ્મ '83' માટે રણવીર સિંહને બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો છે. અભિનેત્રી કૃતિ સેનનને ફિલ્મ 'મિમી' માટે શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે પસંદ કરવામાં આવી છે. રવિવારે સાંજે મુંબઈમાં દાદાસાહેબ ફાળકે એવોર્ડ માટે રંગારંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાસાહેબ ફાળકે ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં રાધિકા મદાન, રવીના ટંડન, મનોજ વાજપેયી, અહાન શેટ્ટી, કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાને અલગ-અલગ અવોર્ડ મળ્યા.

અભિનેત્રી કૃતિ સેનનને તેની ફિલ્મ મીમી માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો ખિતાબ આપવામાં આવ્યો છે. આ ફિલ્મમાં તેણે સરોગેટ માતાની ભૂમિકા ભજવી હતી. બીજી તરફ, કિયારા અડવાણીને 'શેરશાહ' માટે ક્રિટિક્સનો શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ, સિદ્ધાર્થ મલ્હોત્રાને ક્રિટીક્સનો શ્રેષ્ઠ અભિનેતાનો, 'સરદાર ઉધમ'ને ક્રિટિક્સની શ્રેષ્ઠ ફિલ્મનો, સ્ટાર પ્લસની અનુપમાની મુખ્ય અભિનેત્રી રૂપાલી ગાંગુલીને ટેલિવિઝનમાં સૌથી આશાસ્પદ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો.




### ઢગલાબંધ કિસીંગ સીન આપવા છતાં

# દીપિકા પાદુકોણ-અનન્યા પાંડેની ગહરાઈયાં ઉંધા માથે પછડાઈ



દીપિકા પાદુકોણ, સિદ્ધાંત ચતુર્વેદી, ધૈર્ય કારવા અને અનન્યા પાંડે સ્ટારર 'ગહેરાઈયાં' 11 ફેબ્રુઆરીએ એમેઝોન પ્રાઇમ રિલીઝ થઈ છે. પણ આ ફિલ્મ લોકોએ છોતરાં કાઢી નાંખ્યા છે. ગહરાઇયા ફિલ્મનો મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે.બેંગ્લોરના ભૂતપૂર્વ પોલીસ કમિશનર ભાસ્કર રાવે પણ તેમના રિવ્યુમાં જણાવ્યું હતું કે ૨૦ મિનિટ પછી મેં આ ફિલ્મ જોવાની બંધ કરી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે હું દિપિકા પદુકોણનો ચાહક છું. તેને લાખો લોકો યુવાન સફળ મહિલા તરીકે આદર કરે છે. લગ્ન બાહ્ય સંબંધ અને ઘરનો નાશ કરવાની વાત તેની ઇમેજ સાથે બંધબેસતી નથી. કંગના રનૌતે પણ ફિલ્મમાં કોઇ દમ ન હોવાનું જણાવી ઉમેર્યું હતું કે મિલેનિયલ્સને નામે પૈસા કમાવવાનો ધંધો ચાલે છે. અમને મિલેનિયલ્સને પણ પ્રેમ એટલે શું તે ખબર છે. આ તો પ્રેમના નામે પોર્નોગ્રાફી પીરસવામાં આવી છે.

નોંધનીય છે કે, શકુન બત્રાની 'ગહેરાઈયાં' ગૂંચવાયેલા સંબંધોની વાર્તા છે. આ પહેલા પણ દિગ્દર્શક શકુન બત્રાએ 'કપૂર એન્ડ સન્સ' અને એક મૈં ઔર એક તુ જેવી રિલેશનશિપ પર આધારિત ફિલ્મો બનાવી છે. આ વખતે શકુન બત્રા પોતાની ફિલ્મના પાત્રોને અલગ રીતે રજૂ કરી રહ્યા છે.



# કોમેડી 'કિંગ' કપિલ ફરી મચાવશે ફિલ્મોમાં ધમાલ

## કપિલ શર્મા નંદિતા દાસની ફિલ્મથી કરશે કમબેક!

કોમેડી 'કિંગ' કપિલ શર્મા બે ફિલ્મોમાં અદાકારીનો જલવો પોતાના ફેન્સને બતાવી દીધો છે. લાંબા સમયથી તેની કોમેડી દ્વારા ફેન્સનું મનોરંજન કરી રહ્યો છે. આ સાથે તેણે મોટા પડદા પર પણ કામ કર્યું છે. હવે ફરી એકવાર તે ફિલ્મોમાં પરત ફરવા માટે તૈયાર છે. કપિલ શર્મા લેખક-નિર્દેશક નંદિતા દાસની આગામી ફિલ્મમાં જોવા મળશે, જેમાં તેની ભૂમિકા પણ ખૂબ જ રસપ્રદ હશે.

કપિલ નંદિતા દાસની આગામી ફિલ્મ સાથે દર્શકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે. આ ફિલ્મમાં તે ફૂડ ડિલિવર રાઇડરની ભૂમિકામાં જોવા મળશે. આ પહેલીવાર હશે જ્યારે કપિલ આ પ્રકારની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં અભિનેત્રી શહાના ગોસ્વામી તેની પત્નીના રોલમાં છે. મળતી માહિતી મુજબ, ફિલ્મનું શૂટિંગ આ મહિને ઓડિશાના ભુવનેશ્વરમાં થશે.


કપિલ શર્માએ પોતાના નવા પ્રોજેક્ટ વિશે વાત કરતા કહ્યું કે, "હું આ પ્રોજેક્ટને લઈને ખૂબ જ ઉત્સાહિત છું, કારણ કે હું કોઈ ફિલ્મ કરી રહ્યો નથી, પરંતુ એટલા માટે કે હું નંદિતા દાસની ફિલ્મ કરી રહ્યો છું. મેં તેમને અભિનેતા અને દિગ્દર્શક બંને તરીકે જોયા છે. તેની પાસે વસ્તુઓને જોવાની ખૂબ જ અલગ અને ઘાટી રીત છે. તેથી એક અભિનેતા તરીકે મારું કામ માત્ર તે જ કરવાનું છે જે તે મને કરવા કહે છે. તેમનું કામ મારા કરતા ઘણું અલગ છે અને મને આનંદ છે કે દર્શકોને મારી એક નવી બાજુ જોવા મળશે. કલાકાર હંમેશા કંઈક અલગ કરવા માંગે છે. આ પ્રોજેક્ટ પાછળના લોકો, નંદિતા દાસ અને સમીર નાયર, બંને અત્યંત ઉત્સાહી અને તેમના કામમાં સારા છે, તેથી હું આ ફિલ્મ કરવા માટે ખરેખર ઉત્સાહિત છું.' શહાના ગોસ્વામી કપિલ શર્મા સાથે કામ કરવા માટે ઉત્સાહિત છે. ફિલ્મ વિશે તેણે કહ્યું કે, 'ફિરાક' પછી ફરી નંદિતા સાથે કામ કરીને ખૂબ જ ખુશ છું. હું કપિલ સાથે કામ કરવા ઉત્સુક છું કારણ કે મને ખબર છે કે તે પાત્રમાં સરળતા લાવશે. તેણે કહ્યું કે આટલા ટેલેન્ટેડ લોકો ફિલ્મ સાથે જોડાઈને તે ખૂબ જ ખુશ છે. આ દરમિયાન કપિલ શર્મા પણ તેની બાયોપિક ફિલ્મ 'ફંકાર'ની તૈયારી કરી રહ્યો છે. આ ફિલ્મનું નિર્દેશન મૃગદીપ સિંહ લાંબા દ્વારા કરવામાં આવશે. નોંધનીય છે કે, આ પહેલા કપિલ શર્મા 'કિસ કિસકો પ્યાર કરું' અને 'ફિરંગી' ફિલ્મોમાં જોવા મળી ચૂક્યો છે.

### ૨૬ ફેબ્રુઆરી, ૧૪૧૧માં પાયો નખાયો હતો આજના અમદાવાદનો

# ૬૧૧ વર્ષની લાંબી સફર : આશાવલ- કર્ણાવતી- અમદાવાદ અને હવે સ્માર્ટ સિટી અમદાવાદ...!

### વાદ - વિવાદ - સંવાદ અને પરિસંવાદમાં અટવાયું વરણાગી અમદાવાદ

ગુજરાત વંદન





એક સમયે જે શહેરને ધૂળિયા નગર કે ગરદાબાદ તરીકે ઓળખવામા આવતું હતુ તે આજનું અમદાવાદ શહેરની સ્થાપનાને 611 વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. 26 ફેબ્રુઆરી 1411માં તત્કાલીન અહમેદશાહ બાદશાહ નામના રાજાએ તેની સ્થાપના કરી હતી. આમ તો અમદાવાદની સ્થાપના વર્ષ 1411 અંગે કોઈ વાદ-વિવાદ નથી પરંતુ સ્થાપનાની તારીખને લઈને ઈતિહાસ કારોમાં મતમતાંતરો પ્રર્વતે છે તેમછતાં છેલ્લા ઘણા વર્ષોથી 26 ફેબ્રુઆરીનો દિવસ અમદાવાદની સ્થાપના દિવસ તરીકે ઉજવાય છે.

611 વર્ષ પહેલાના અમદાવાદની તસ્વીરો પણ નજર નાખીએ તો આજનું શહેર અને એ વખતના દ્રશ્યોની વચ્ચે જમીન આસમાનનો તફાવત જણાય છે. કોઈ એક શહેરની આગવી ઓળખ હોય છે અમદાવાદની આગવી ઓળખ આ શહેરમાં આવેલા સંખ્યાબંધ હેરિટેજ સ્થળો છે અને એના કારણે જ યુનેસ્કો દ્વારા અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. ચાલો 611 વર્ષ જુના માય સિટી અમદાવાદના ઈતિહાસ પર એક ઉડતી નજર નાંખીએ....

૨૬મી ફેબ્રુઆરી ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના થઈ. ત્યારથી અત્યાર સુધી અમદાવાદ વિશે વિવિધ હકીકતો અને માન્યતાઓ સમાજમાં પ્રવર્તતી રહી છે. ઈસ ૧૪૧૦માં પાટણમાં અહમદશાહનો રાજ્યભિષેક થયા પછી ઈ.સ ૧૪૧૧માં આશાવલના રોકાણ દરમિયાન અહીં રાજધાની સ્થાપવાનો વિચાર કર્યો. ગુજરાતી છીએ તો માતાજીની ઉપાસનાની વાત તો કેમ ભૂલાય. અમદાવાદની સાથે માતાજીના ગરબાનો પણ ભવ્ય ઇતિહાસ છે. ૧૭૨૭ ગરબાની રચના થઈ હતી. ૧૭૨૭માં વલ્લભ ભટ્ટે શક્તિ માતાને લગતા ગરબાની રચના કરી હતી. અમદાવાદમાં ૧૪૧૪માં મસ્જિદનું બાંધકામ પુરૂ થયું હતું. જ્યારે ૧૪૨૪માં જુમા મસ્જિદ અને ૧૪૪૬માં સરખેજમાં શેખ અહમદ ખટ્ટુના રોજાનું બાંધકામ થયું. લગભગ ૧૪૧૧થી ૧૫૯૦સુધી કાંકરિયા તળાવ અને અન્ય વસ્તુઓને બાદ કરતા મોટા ભાગે મસ્જિદોનું બાંધકામ થયું હતું. અમદાવાદમાં વિકાસગાથા શરૂ થઈ હતી તે સમયે ૧૭૮૧માં જેમ્સ ફાર્બસ અમદાવાદમાં આવ્યા અને તેઓએ ૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી, ૧૮૦૪માં સહજાનંદ સ્વામી અમદાવાદમાં આવ્યા, ૧૮૨૬માં શાળાઓ દ્વારા અંગ્રેજી ઢબની કેળવણીની શરુઆત થઈ ૧૮૪૯માં ઝવેરીવાડમાં શેઠ પ્રેમાભાઈએ મહાવીર સ્વામીનું દેરાસર બંધાવ્યું. ૧૮૪૯માં નેટીવ લાયબ્રેરી સ્થપાઈ. ૧૮૫૦માં કાલુપુર સ્વામિનારાયણ મંદિરની સ્થાપના થઈ હતી. ૧૮૬૪માં પ્રેમ દરવાજાનું બાંધકામ થયું અને મુંબઈથી અમદાવાદ સુધી રેલવે શરૂ થઈ. ૧૮૬૭માં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજ શરૂ થઈ. ૧૮૭૦માં એલિસ બ્રીજ લોકો માટે ખુલ્લો મુકાયો. ૧૮૭૪માં મહાલક્ષ્મી સ્ત્રી ટ્રેનિંગ કોલેજ સ્થપાઈ. જ્યારે ૧૮૭૯માં ગુજરાત કોલેજનો પ્રારંભ થયો હતો. ૧૮૮૦માં કેલિકો મિલ, ૧૮૯૨માં મહિપતરામ રૂપરામ અનાથાશ્રમની સ્થાપના થઈ. ઈ.સ. ૧૮૯૩માં ડાહ્યાભાઈએ ધોળાજીએ પહેલું થિયેટર બાંધ્યું અને ૧૮૯૭માં અમદાવાદમાં પ્રથમ ટેલિફોન સેવાનો પ્રારંભ થયો હતો. ૧૯૧૫માં અમદાવાદમાં પહેલવહેલા વીજળીના દીવા આવ્યા હતાં. સ્ત્રી સશક્તિકરણ સદીઓથી અમદાવાદના ડીએનએમાં છે. ત્યારે અમદાવાદના પ્રથમ સ્ત્રી સુબેદારની વાત પણ કરી લઇએ. ઈ.સ ૧૬૧૭માં બાદશાહ જહાંગીર બેગમ નુરજ્હાં અને શાહજાહાં સહિત આગ્રાથી માળવા થઈ ખંભાત આવ્યા અને ખંભાતથી દરિયાઈ માર્ગે ઈ.સ ૧૬૧૮ના જાન્યુઆરીના પહેલા પખવાડિયામાં અમદાવાદ ઉપર કાંકરિયા તળાવ ઉપર પડાવ નાખ્યો. આ સમયે અમદાવાદના રસ્તા ધૂળિયા અને ઈમારતો ખંડેર હાલતમાં દેખાઈ. સાથે સાથે બગીચા સુકા દેખાતા જહાંગીરે અમદાવાદને ગુર્દાબાદ કહ્યું હતું. તે વખતે અમદાવાદને સુંદર બનાવવા માટે કેટલોક સમય વિતાવ્યો તે વખતે શહેરની સુબેદારી નુરજ્હાંને સોંપવામાં આવી હતી. હેરિટેજ ડે પર સરખેજ રોજા પર ઇવેન્ટ યોજાય છે. તે સરખેજ રોજાની સ્થાપના 1338 થી 1446 દરમિયાન થઇ હતી. એક વાત એવી છે કે, કર્ણદેવ સોલંકી પછી અમદાવાદ વસાવનાર અહમદશાહના પિતા તાતારખાનના રાજ સુધી આશાવલ ગુજરાતની બીજી રાજધાનીનું શહેર રહ્યું હોય શકે છે.


તસ્વીરો - જાવેદ રાજા





## શું પથ્થરકુવા પોલીસ ચોકી રાજકોટનો નિયમ પાળે છે..?



તસ્વીર - જાવેદ રાજા

શું અમદાવાદ શહેર રાજકોટના માર્ગે છે? રાજકોટમાં બપોરે તમામ બજારો બંધ રહે છે અને સાંજે ફરીથી ધમધમે છે. અમદાવાદમાં રિલીફ રોડ પર પથ્થરકુવા પોલીસ ચોકી રોજકોટનો વણલેખ્યો નિયમ પાળતી હોય તેમ બપોરે ચોકીમાં તાળાચંદ-સાંકળચંદ લટકતા હોય છે. સામાન્ય રીતે પોલીસ ચોકી ક્યારેય પણ બંધ રહેતી નથી પરંતુ પથ્થરકુવા પોલીસ ચોકીના તાળા કંઈક જુદુ જ બયાન કરે છે.

### ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પહેલા કોંગ્રેસમાં મચી ધમાસાણ

# જયરાજસિંહની પાછળ દિનેશ શર્મા પણ હવે પહોંચશે કમલમ

### સીઆર પાટીલે ભાજપનો ખેસ પહેરાવીને સ્વાગત કર્યું, પાઠવ્યા અભિનંદન

ગુજરાત વંદન



કોંગ્રેસના પૂર્વ નેતા જયરાજસિંહ પરમારે સી.આર. પાટીલની હાજરીમાં કેસરિયો ધારણ કર્યો હતો. તેમણે ભાજપમાં જોડાતા જ સૌ પ્રથમ નિવેદન આપ્યું હતું કે રાજનીતિ સેવાનો વિષય છે. માતાના આશીર્વાદ સાથે નવી શરૂઆત કરી છે. 37 વર્ષ સુધી કોંગ્રેસમાં જોડાયેલા રહ્યા બાદ તેઓ ભાજપમાં આવ્યા છે. ત્યારે પાટીલે જણાવ્યું હતુ કે, તેમને ચૂંટણી લડવામાં રસ નથી. હવે તેમના માટે પાર્ટી જવાબદારી નક્કી કરશે.

ભાજપમાં જોડાયા બાદ જયરાજસિંહે કોંગ્રેસની આકરી ટીકાઓ કરી હતી. અત્યાર સુધી ભાજપ વિરૂદ્ધ બોલતા નેતા કોંગ્રેસની ઝાટકણી કાઢતાં અનેક તર્ક વિતર્ક સર્જાયાં હતાં. જયરાજસિંહે ભાજપમાં જોડાયા બાદ પત્રકારોને જણાવ્યું હતું કે, મેં કોંગ્રેસમાં મારા 37 વર્ષ આપ્યાં છે અને અનેક કાર્યકર્તાઓએ ખૂબ લોહી રેડ્યું છે. એવા કાર્યકર્તાઓને લઈને આપની સમક્ષ આવ્યો છું. જે ત્રુટીઓ છે એ પુરવા આવ્યો છું એની ખાતરી આપું છું. અબ તો તૂફાન હી કરેગા ફૈસલા રોશની કા, દિયા વહીં જલેગા જીસમે દમ હોગા.

દરમિયાન, કોંગ્રેસના પૂર્વ નેતા જયરાજ સિંહ બાદ અમદાવાદના પૂર્વ નેતા દિનેશ શર્માએ કોંગ્રેસ પક્ષમાં રાજીનામું આપી દેતાં વધુ કોંગ્રેસ પક્ષને વધુ એક આંચકો લાગ્યો છે. એમસીની પૂર્વ વિપક્ષ નેતા દિનેશ શર્માએ કોંગ્રેસના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે.

કોંગ્રેસમાં નારાજગીના સૂર ઉઠ્યા છે. પોતાને પ્રાધાન્ય મળતુ ન હોવાની ફરિયાદ સાથે નારાજ નેતાઓ પક્ષ સાથે છેડો ફાડી રહ્યાં છે. જેમાં જયરાજસિંહ પરમારના રાજીનામા બાદ અનેક નેતાઓની નારાજગી સામે આવી છે. આક્રમક મિજાજ ધરાવતા નેતાઓ પણ કોંગ્રેસ છોડવાની ફિરાકમાં છે. ત્યારે આ લિસ્ટમાં દિનેશ શર્માનું નામ જોડાયુ છે. દિનેશ શર્મા અગાઉ વારંવાર પક્ષ સામે નારાજગી દર્શાવી ચૂક્યા છે.

# વડોદરાની 'પ્રેરણા' ગેંગરેપ કેસમાં તપાસ OASISના દ્વારે જઈને અટકી ગઈ...?

### 'પ્રેરણા'ની માતાની લાગણી ગ્રીષ્માને ચોક્કસ ન્યાય મળવો જોઈએ, પણ મારી દીકરીને ન્યાય ક્યારે મળશે...?

ગુજરાત વંદન



સામાન્ય રીતે ગુજરાતને કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ સલામત માનવામાં આવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી મહિલા સંબંધિત જે ગુનાઓ બની રહ્યા છે, તે ચિંતાજનક છે. વિષેશ કરીને ડાયમંડ સિટી સુરતમાં એક તરફી પ્રેમમાં સનકી અને વિકૃત યુવક દ્વારા જાહેરમાં તેના ગળે છૂરી ફેરવીને જઘન્ય અને કરપીણ હત્યાના પગલે સૌ કોઇ ચિંતિત બન્યા છે. સૌથી ખતરનાક બાબત તો એ છે કે સુરતમાં ગ્રીષ્મા નામની યુવતીની ગળા પર છરી મારીને કરેલી હત્યાના બનાવના પગલે ગાંધીનગર વેળાવર વગેરેમાં પણ એકતરફી પ્રેમમાં યુવતીઓ પર ગળા પર છુરી મુકીને હત્યાનો પ્રયાસ કરવાની ઘટનાને સાઇકોલોજિકલ રીતે માસ હિસ્ટીરિયા તરીકે જોવામાં આવી રહ્યું છે.

ત્રણેક મહિના પહેલા ટ્રેનમાંથી એક યુવતની લાશ મળી આવી હતી. તપાસમાં તેનું નામ, તેને કરેલા મેસેજ, તેની નોકરીનું સ્થળ અને કયા સ્થળે તેના પર ગેંગરેપ થયો તેની તમામ જાણકારી બહાર આવી છે. આ બનાવને પગલે ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા પણ ખાતરી ઉચ્ચારવામાં આવી હતી કે, ભોગ બનનાર યુવતીને ન્યાય મળશે. તેમની જાહેરાતના પગલે પોલીસે તપાસનો દૌર હાથ ધર્યો અને એક એનજીઓ સુધી તપાસ પહોંચીને ત્યાંથી આગળ વધી નથી. પ્રેરણા નામના હુલામણા નામથી ઓળખાતા આ કેસમાં તેની માતાએ માંગણી કરી છે કે, ગ્રીષ્માને ન્યાય મળવાની જાહેરાત થઇ તે આવકારીયે છીએ. પરંતુ મારી દીકરી માટે પણ ખાતરી મળી હતી. જો કે હજુ સુધી કોઇની ધરપકડ થઇ નથી. મારી દિકરીને ન્યાય ક્યારે મળશે ?

સંસ્કારી નગરી વડોદરાની એક યુવતીએ નવસારી નજીક ટ્રેનમાં આત્મહત્યા કરવાની ઘટનાને ત્રણ મહિના કરતા વધુ સમય થઇ ગયો છે. પોલીસે તેની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. છેવટે તપાસનો દોર વડોદરાની એક NGO OASIS પર આવીને અટકી ગયો છે. એમ કહેવાય છે કે આ સંસ્થા યુવતીની હત્યા અંગે કોઇ સંવેદનશીલ માહિતી જાણે છે, પરંતુ હજુ સુધી એક પણ આરોપી પકડાયા નથી. પરિણામે એવી ચર્ચા ચાલી રહી છે કે, 'પ્રેરણા'ને ન્યાય ક્યારે મળશે..?

સુરતના પાસોદરામાં જાહેરમાં ગ્રીષ્માની હત્યાનું સાંભળી વડોદરા દુષ્કર્મ અને કથિત આત્મહત્યા કરનારી નવસારીની પીડિત દિકરીની માતાએ દુઃખ વ્યક્ત કર્યુ હતું. સાથે જ તેમની દીકરીને સાડા ત્રણ મહિના વિત્યા છતાં પણ ન્યાય ન મળ્યાની

(અનુસંધાન 6 મે પાને)

## પીએસઆઈ ભરતીની પ્રિલિમિનરી પરીક્ષા ૬ માર્ચે યોજાશે

ગુજરાત વંદન

રાજ્યમાં ગુજરાતમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ભરતીની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર આવ્યા છે. ભરતી બોર્ડના અધ્યક્ષે જાહેરાત કરી છે કે, 6 માર્ચે પ્રિલીમીનરી યોજાશે. ભરતી બોર્ડે કરેલી જાહેરાત મુજબ, પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ભરતી માટેની પરીક્ષા માટે બોર્ડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. આ પરીક્ષા આગામી 6 માર્ચના રોજ ગાંધીનગર અને અમદાવાદ ખાતે લેવામાં આવશે. આ સાથે જ તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રિલિમિનરી પરીક્ષાને લગતી વિગતો હવે પછી પીએસઆઈ ભરતી બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે. ઉમેદવારોએ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પીએસઆઈ) ભરતી બોર્ડની વેબસાઈટ પર સૂચનાઓ નિયમિત રીતે જોતા રહેવી.

# ૫૦૦ કરોડ તો શું પાંચ રૂપિયાનું પણ કૌભાંડ થયું નથીઃ રુપાણી

### સહારા કંપનીને જમીન આપવામાં ૫૦૦ કરોડના કૌભાંડનો કોંગ્રેસનો આરોપ

ગુજરાત વંદન



ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવાએ પણ આક્ષેપ કર્યો હતો કે રૂપિયા 500 કરોડથી વધુ રકમનું નાણાંકીય કૌભાંડ આચરવાના ઉદ્દેશથી જમીનના ઝોન ફેરફારની મંજૂરી રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી છે. આ સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા બિલ્ડરે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભાજપના આગેવાનોની CBI તપાસની માગ કોંગ્રેસ પક્ષના દંડક સી.જે. ચાવડાએ કરી છે. ત્યારે હવે કોંગ્રેસનાં તમામ આક્ષેપોનો સોઈ ઝાટકીને ઠેઠ અમેરિકાથી પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જવાબ આપ્યા હતા.

ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે વિજય રૂપાણીએ કહ્યું કે, 500 કરોડના ભ્રષ્ટાચારનો વાહિયત આક્ષેપ છે. મને બદનામ કરવાનુ રાજકીય ષડયંત્ર છે. કોંગ્રેસનુ જાહજ ડુબી રહ્યુ છે. નેતાઓ ભાજપ ભણી દોટ મૂકી રહ્યા છે. એ મુદ્દાથી ધ્યાન ભટકાવવા કોંગ્રેસની ચાલ છે. 500 કરોડ રૂપિયાનું તો શું, 5 રૂપિયાનું પણ કૌભાંડ થયું નથી. કમળો હોય તેને પીળું જ દેખાવાનું છે. કોઈપણ જાતની તપાસ માટેની મારી તૈયારી છે, કારણ કે સાંચને ક્યારેય આંચ આવતી નથી. શહેરના વિકાસ માટે માત્ર મારી જ નહીં દરેક સરકાર સમય અને સંજોગ અનુસાર ઝોનફેર કરતી હોય છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, રાજકોટના આણંદપર, નવાગામ અને માલીયાસણના જુદા જુદા 20 સર્વે નંબરમાં 537240 વાર અર્થાત 111 એકર જમીનમાં 500 કરોડનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. સહારા ગ્રુપની કંપની સહારા ઈન્ડીયા હોમ કોર્પોરેશન લખનઉએ ટાઉનશીપ બાંધવા માટે ઉપરોક્ત સર્વેમાં જમીનો મેળવી હતી અને ટાઉનશીપ યોજના બનાવી હતી. સહારા સામે વિવિધ સ્કીમો અને પ્લોટીંગમાં ઉઘરાવાયેલા નાણા પરત અપાવવાના હતા છતાં સરકારે આ જમીન 'શ્રીસરકાર' કરવાને બદલે સહારા ઈન્ડીયાની આ જમીનમાં ઝોન ફેરફારને

(અનુસંધાન 6 મે પાને)



તસ્વીર - જાવેદ રાજા

ધીરે ધીરે વાતાવરણ બદલાઈ રહ્યુ છે રાતે ઠંડી તો દિવસે ગરમી. અમદાવાદના વાસણામાં રહેતા સુમનભાઈ પટેલ ઉનાળામાં રાહદારીઓને મફત પાણી પીવડાવે છે. પાછલા વીસ વર્ષથી સુમનભાઈ વીસ જેટલા માટલા રાખીને ઉનાળા પહેલાં નવા માટલા લાવી કામગીરી શરૂ કરી દીધી છે.

### એક ગુજરાતી અખબારે ૬૦૦૦ કરોડનું કૌભાંડ થયું હોવાનો કર્યો દાવો

# ગુજરાતના રાજકારણમાં એક કથિત કોલસા કૌભાંડે મચાવી સનસનાટી

### કોંગ્રેસ સહિતના અન્ય નેતાઓએ સરકારની ભૂમિકાને લઈને કર્યા અનેક સવાલો

ગુજરાત વંદન



ગુજરાતના રાજકારણમાં એક કથિત કોલસા કૌભાંડે ભારે હલચલ મચાવી છે અમદાવાદથી પ્રકાશિત ગુજરાતી અખબાર દિવ્ય ભાસ્કરે કોલસા કૌભાંડનો અહેવાલ પ્રસિદ્ધ કરતા જ સોશિયલ મિડિયામાં તે સમાચાર તવાઈરસ થયા હતા અને વિપક્ષ કોગ્રેસ પણ તેને મુદ્દો બનાવીને સરકાર સામે સવાલો કર્યા હતા.

ગુજરાતમાં 6,000 કરોડ રૂપિયાનું કોલસા કૌભાંડ બહાર આવતા સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. છેલ્લા 14 વર્ષમાં રાજ્યના લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને કોલસો આપવાને બદલે ગુજરાત સરકારની અનેક એજન્સીઓએ ઉદ્યોગોને વેચીને રૂપિયા 5 હજારથી 6 હજાર કરોડનું કૌભાંડ આચર્યું છે તેમ ભાસ્કરની તપાસમાં બહાર આવ્યું છે.

કોલ ઈન્ડિયાની વિવિધ કોલસાની ખાણોમાંથી કાઢવામાં આવેલો કોલસો તે ઉદ્યોગો સુધી પહોંચ્યો ન હતો જેના માટે તે કાઢવામાં આવ્યો હતો. સરકારી વિભાગના અધિકારીઓ, કોલસા પરિવહન વ્યવસ્થા સાથે સંકળાયેલા અધિકારીઓ પાસેથી કોલસો ગાયબ થવાની વાસ્તવિકતા જાણવાનો પ્રયાસ કર્યો ત્યારે

(અનુસંધાન 6 મે પાને)

## ધોરણ ૧૦-૧૨ની પરીક્ષા ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી લેવાશે

ગુજરાત વંદન

ગુજરાત બોર્ડની ધોરણ 10 અને 12 પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થઈ ગયો છે. જે મુજબ આ વર્ષે 28 માર્ચથી 12 એપ્રિલ સુધી બોર્ડની પરીક્ષા યોજાશે. આ વર્ષે ધોરણ-10માં પ્રથમ વખત ગણિતની 2 પરીક્ષા અલગ અલગ દિવસે લેવાશે, જેમાં 30 માર્ચે બેઝિક ગણિત અને 31 માર્ચે સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા લેવાશે. કોરોનાની પરિસ્થિતિના કારણે ગત વર્ષે બોર્ડમાં માસ પ્રમોશન અપાયું હતું, જેથી પરીક્ષા યોજાઈ નહોતી, એવામાં બે વર્ષ બાદ આ વખતે બોર્ડની પરીક્ષા યોજાઈ રહી છે. આ વખતે 14 લાખથી વધુ વિદ્યાર્થીઓ ધો. 10 અને 12ની બોર્ડની પરીક્ષા આપશે.

કોરોનાના કેસ ઘટવાને લીધે શાળાઓમાં માત્ર ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે અને વિદ્યાર્થીઓની હાજરી પણ ગણવામાં આવી રહી છે, તેવામાં હવે બોર્ડની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષાની તૈયારીમાં લાગી ચૂક્યા છે. બોર્ડ દ્વારા કહેવાયુ કે, ધોરણ-10, ધોરણ-12 ના નિયમિત, રિપીટર, ખાનગી તથા પૃથક ઉમેદવારોની જાહેરા પરીક્ષા તેમજ ધોરણ 10 અને ધોરણ 10 સંસ્કૃત માધ્યમની પરીક્ષા 28 માર્ચથી 12 એપ્રિલ દરમિયાન લેવામાં આવશે. આ મામલે તમામ શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીઓએ નોંધ લેવી.